# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
અરબાઝથી છૂટાછેડા બાદ અર્જુન કપૂર સાથે જોડાયું નામ



**પેજ-09**
વિસ્ફોટક બેટ્સમેન શિખર મોહન કેએલ રાહુલની જગ્યાએ ટીમમાં સામેલ

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 22.00 |
| વડોદરા | 36.00 | 22.00 |
| સુરત | 36.00 | 22.00 |

પેજ 5



NBFC દ્વારા ગોલ્ડ લોનમાં દબાણના સંકેતો

**24** OCTOBER-2026 SATURDAY

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં કેનેડાની દખલગીરીથી ડોનાલ્ડ ટ્રમ્પ ચિંતિત



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 73123.83 ▼ | 125.56 |
| નિફ્ટી | 22600.00 ▼ | 87.65 |
| સોનું | 141815.00 ▼ | 1494.0 |
| ચાંદી | 193515.00 ▼ | 6084.0 |


વર્ષ-15 । અંક-340 । વિક્રમ સંવત-2082 । આસો સુદ - 13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# પુંછમાં સેનાએ 7 શંકાસ્પદ IED જપ્ત કર્યા

## લાઇટ મશીન ગનના મેગેઝિન પણ મળ્યા; ગઈકાલે 2 આતંકવાદી મદદગારોની ધરપકડ થઈ હતી





પુંછ | જમ્મુ-કાશ્મીરના પૂંછમાં સેનાએ સર્ચ ઓપરેશન દરમિયાન 7 શંકાસ્પદ IED અને 7.62 મિમી લાઈટ મશીન ગન (LMG)ની મેગેઝિન જપ્ત કરી. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુપ્ત માહિતી મળ્યા બાદ 156 ટેરિટોરિયલ આર્મી અને 37 રાષ્ટ્રીય રાઈફલ્સે કાસબલારી ગામ નજીક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.આ દરમિયાન ભૂરી ટેપથી લપેટેલા 6 કન્ટેનર, વાદળી ટેપથી લપેટેલું 1 કન્ટેનર અને એક શંકાસ્પદ મેગેઝિન કન્ટેનર મળી આવ્યું. આ ઉપરાંત એક કાળી બેગ, કોમ્બેટ પાઉચ, પાવર ઍડેપ્ટર, વીજળીનો સ્ત્રોત, એલ્યુમિનિયમ કન્ટેનર અને ટિફિન પણ મળી આવ્યા.બીજી તરફ, બારામુલ્લામાં સુરક્ષાદળોએ 22 ઑક્ટોબરે 2 શંકાસ્પદ આતંકવાદી મદદગારોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી તુર્કીમાં બનેલી કનિક પિસ્તોલ, 10 કારતૂસવાળી મેગેઝિન અને 2 IED મળી આવ્યા હતા. છેલ્લા 60 દિવસમાં 18 આતંકવાદી મદદગારોની ધરપકડ કરવામાં આવી છે.અબ્દુલ્લા 16 વર્ષથી ફરાર હતો. જ્યારે બીજા પાકિસ્તાની આતંકવાદીનું નામ ઉસ્માન ઉર્ફે ખુબૈબ હતું.

**ગુપ્ત માહિતીના આધારે સેનાએ કાર્યવાહી કરી :** બારામુલામાં બંને શંકાસ્પદ ઓવરગ્રાઉન્ડ વર્કર (OGW) તરીકે કામ કરી રહ્યા હતા. તેમના પર આતંકવાદીઓ સુધી હથિયારો અને વિસ્ફોટકો પહોંચાડવામાં મદદ કરવાનો શંકા છે. બંને સોપોરના ચિંકીપોરાના રહેવાસી છે. ગુપ્ત માહિતીના આધારે સેનાની 52 રાષ્ટ્રીય રાઈફલ્સ અને બારામુલા પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને બંનેની ડેલિના ઘાટ પાસે આવેલા દારપુરા નર્સરી વિસ્તારમાંથી ધરપકડ કરી. મામલાની તપાસ ચાલુ છે.

**જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં હિઝબુલ મુજાહિદ્દીનનો મદદગાર ઝડપાયો :** જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં સુરક્ષા દળોએ 9 સપ્ટેમ્બરે હિઝબુલ મુજાહિદ્દીન સાથે જોડાયેલા પૂર્વ આતંકવાદી મંજૂર અહમદ ભટની ધરપકડ કરી. તેની પાસેથી ચીનમાં બનેલી પિસ્તોલ, 2 મેગેઝિન અને 16 ગોળીઓ મળી આવી. પોલીસના જણાવ્યા મુજબ, મંજૂરની અગાઉ પણ 2 કેસમાં ધરપકડ થઈ ચૂકી છે. તે સંગઠન માટે આતંકવાદી પ્રવૃત્તિઓમાં મદદ કરવા ઉપરાંત હથિયારો પૂરા પાડવાનું કામ કરતો હતો.

**સોપોરમાં સર્ચ ઓપરેશન દરમિયાન AK-47, ગ્રેનેડ અને IED જપ્ત :** આ પહેલાં સોપોરના મંજીસર વિસ્તારમાં સુરક્ષાદળોએ સંયુક્ત સર્ચ ઓપરેશનમાં હથિયારો જપ્ત કર્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક ખાલી પડેલા મકાનમાંથી tAK-47 રાઈફલ, 3 મેગેઝિન, 72 કારતૂસ, 4 હેન્ડ ગ્રેનેડ અને એક IED જપ્ત કરવામાં આવ્યું હતું.

### જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં 6 શંકાસ્પદ આતંકવાદીઓ ઝડપાયા

શોપિયાંમાં ધરપકડ કરાયેલા ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ પાસેથી 2 હેન્ડ ગ્રેનેડ અને હિઝબુલ મુજાહિદ્દીનનાં 5 પોસ્ટર મળ્યાં હતાં.

જમ્મુ-કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષાદળોએ 24 ઓગસ્ટની રાત્રે ચેકિંગ દરમિયાન 6 શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી 2 હેન્ડ ગ્રેનેડ અને હિઝબુલ મુજાહિદ્દીનનાં 5 પોસ્ટર મળ્યાં હતાં.

બીજી તરફ, પુલવામામાં પણ સુરક્ષાદળોએ ચરવાન જંગલમાં સર્ચ ઓપરેશન દરમિયાન બે શંકાસ્પદ આતંકવાદી સહયોગીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી એક પિસ્તોલ, 12 કારતૂસ અને હેન્ડ ગ્રેનેડ જપ્ત કરવામાં આવ્યા હતા.

### 16 વર્ષથી ફરાર પાકિસ્તાની આતંકવાદી ઝડપાયો: લશ્કરનો સભ્ય હતો

જમ્મુ-કાશ્મીર પોલીસે લશ્કર-એ-તૈયબા ટેરર મોડ્યુલ સાથે જોડાયેલા કુલ 5 લોકોને ધરપકડ કરી હતી. તેમાંના બે પાકિસ્તાની આતંકવાદીઓ હતા અને બાકીના તેમના મદદગાર હતા. એક આતંકવાદીની ઓળખ અબ્દુલ્લા ઉર્ફે અબુ હુરૈરા તરીકે થઈ હતી.







## જ્ઞાનેશ સામેના આંદોલનમાં તડાં : નેહા બોરા સીજેપીથી અલગ થયાના સંકેત

નવી દિલ્હી : મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે દિલ્હીમાં દેખાવોમાં કોકરોચ જનતા પાર્ટી સાથે મોટો ચહેરો બનીને ઊભરેલી ડાબેરી વિદ્યાર્થી સંગઠન એઆઈએસએની પ્રમુખ નેહા બોરાએ સીજેપીથી અલગ કરતા સીઈસી જ્ઞાનેશ કુમાર સામેના આંદોલનમાં તડાં પડયા હોવાના સંકેત મળ્યા છે. બીજીબાજુ કનોટ પ્લેસમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા મુદ્દે નેહા બોરાએ કહ્યું હતું કે તેને તિરંગો ફરકાવવા માટે કોઈની મંજૂરીની જરૂર નથી.ડાબેરી વિદ્યાર્થી સંગઠન એઆઈએસએની પ્રમુખ નેહા બોરાએ દિલ્હી હાઈકોર્ટમાં કનોટ પ્લેસમાં સીજેપી નેતાઓના



વિરોધ પ્રદર્શનના આહ્વાનથી પોતાને અલગ કરી હતી. નેહા બોરાએ કહ્યું કે, કનોટ પ્લેસ પાર્કમાં અલગથી બોલાવાયેલા આહ્વાનમાં તે જોડાઈ હતી. નેહા બોરાએ દિલ્હી પોલીસની નોટીસને હાઈકોર્ટમાં પડકારી હતી, જેના પર સુનાવણી થઈ હતી. હાઈકોર્ટમાં સુનાવણી સમયે નેહાએ કનોટ પ્લેસમાં કોકરોચ જનતા પાર્ટીએ બોલાવેલા દેખાવોથી પોતાને અલગ કરી હતી. આ સાથે તેણે કહ્યું હતું કે, તેને તિરંગો ફરકાવવા માટે કોઈની મંજૂરીની જરૂર નથી. નેહા બોરાએ દિલ્હી પોલીસની પીસ બોન્ડ ભરવાની નોટિસનો વિરોધ કર્યો છે.

## ઈથેનોલ બાદ હવે મિથેનોલ... જહાજોને મિથેનોલથી ચલાવવા અને પર્યાવરણને અનુકૂળ બનાવવા સરકાર કરી રહી છે વિચારણા

(એજન્સી) નવી દિલ્હી | તા.23

પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણ બાદ ભારત સરકાર હવે મિથેનોલના ઉપયોગ અંગે વિચારણા કરી રહી છે. સરકાર જહાજો માટે પર્યાવરણને અનુકૂળ બળતણ તરીકે મિથેનોલના અપનાવવાને પ્રાધાન્ય આપી શકે છે. વિચારણા હેઠળના સંભવિત પગલાંઓમાં કર મુક્તિ આપવી, તમામ બંદરો પર બળતણના ભાવ એકસમાન કરવા અને મંજૂરી પ્રક્રિયાઓને સરળ બનાવવાનો સમાવેશ થાય છે. આ તમામ બાબતો દરિયાઈ ક્ષેત્રમાં મિથેનોલના ઉપયોગને પ્રોત્સાહન આપી શકે છે.બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે, 'ડિરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ' સાથે મળીને, જહાજોમાં મિથેનોલના ઉપયોગ અંગે એક અભ્યાસ શરૂ કર્યો છે. આ અભ્યાસમાં ભારતીય બંદરો પર મિથેનોલ 'બંકરિંગ' (બળતણ ભરવાની સુવિધા) માટેની વ્યવસ્થાઓ સુધારવા અને બંદર સંબંધિત શુલ્કમાં એકરૂપતા લાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સરકાર એક એવી નીતિ પર વિચાર કરી રહી છે જેના દ્વારા તમામ ભારતીય બંદરો પર મિથેનોલના ભાવ એકસમાન રહે.

### કોર્ટે ક્રૂરતાના આધારે છૂટાછેડા મંજૂર કર્યા હતા

## પત્ની કારણ વગર શારીરિક સંબંધ ન બાંધે તો માનસિક ક્રૂરતા ગણાય: હાઈકોર્ટ

(એજન્સી) બંગાળ | તા.23

રાજસ્થાન હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ વૈવાહિક વિવાદની સુનાવણીમાં પતિને આપવામાં આવેલા છૂટાછેડાના નિર્ણયને યોગ્ય ઠેરવીને માન્ય રાખ્યો છે. અદાલતે સ્પષ્ટ અવલોકન કર્યું કે જો પત્ની શારીરિક અક્ષમતા કે માન્ય કારણ વગર લાંબા સમય સુધી સંબંધ બાંધવાનો ઈનકાર કરે તો તે માનસિક ક્રૂરતા ગણાય છે. ન્યાયમૂર્તિ મુન્નરી લક્ષ્મણ અને યોગેન્દ્ર કુમાર પુરોહિતની ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો. કેસની વિગતો મુજબ આ દંપતીના લગ્ન વર્ષ 2018 માં થયા હતા. પતિના જણાવ્યા અનુસાર લગ્ન બાદ પત્ની આશરે 10 દિવસ તેની સાથે રહી હતી અને ત્યાર પછી પોતાની નોકરીના સિલસિલામાં જેસલમેર પરત ફરી ગઈ હતી. ત્યારબાદ પતિ પણ પત્ની સાથે જેસલમેરમાં લગભગ 15 થી 20 દિવસ સુધી રહ્યો હતો. જોકે, પતિએ એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે આ સમયગાળા પછી બંને વચ્ચે ક્યારેય શારીરિક સંબંધ બંધાયા ન હતા. આ ઉપરાંત પત્ની તેના વ્યવસાયને લઈને વારંવાર મહેણાં મારતી હતી, તેની સાથે રહેવાનો ચોખ્ખો ઈનકાર કરતી હતી અને અવારનવાર આત્મહત્યા કરી લેવાની ધમકી આપતી હતી. પતિનો દાવો હતો કે પત્નીના આવા ત્રાસજનક વર્તનને કારણે તેને અસહ્ય માનસિક અને શારીરિક યાતનાનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, પત્નીએ આ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. પત્નીનો એવો દાવો હતો કે તેનો પતિ નાની બાબતોમાં ઝઘડા કરતો હતો, પોતાની નોકરી છોડી દેવા દબાણ કરતો હતો અથવા પગારમાંથી અડધા પૈસા માગતો હતો.

### 2 રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ | ક્યાં અને ક્યારે ત્રાટકશે વાવાઝોડું? લેન્ડફોલ અને આગાહી

## બંગાળની ખાડીમાં સર્જાયું લો પ્રેશર, 26 ઓક્ટોબરે ત્રાટકશે વાવાઝોડું!

(એજન્સી) બંગાળ | તા.23

ઓક્ટોબર મહિનામાં ચોમાસાની વિદાય બાદ બંગાળની ખાડીમાં ફરી એકવાર શક્તિશાળી ચક્રવાત સક્રિય થઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, બંગાળની ખાડીના પૂર્વ-મધ્ય અને તેને અડીને આવેલા દક્ષિણ-પૂર્વ ભાગમાં એક લો-પ્રેશર સિસ્ટમ સર્જાઈ છે. આ સિસ્ટમ ઝડપથી મજબૂત બનીને આગામી સોમવાર, 26 ઓક્ટોબર 2026ની સવાર સુધીમાં પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની પૂરી શક્યતા છે. આ સંભવિત વાવાઝોડું ઉત્તર આંધ્ર પ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠા તરફ આગળ વધશે, જેના કારણે તટીય વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.વિશાખાપટ્ટનમ સ્થિત IMDના સાયક્લોન વોર્નિંગ સેન્ટરના જણાવ્યા મુજબ, શુક્રવારે સવારે 5:30 વાગ્યાની આસપાસ આ લો-પ્રેશર એરિયા રચાયો હતો.

24 ઓક્ટોબર: આ સિસ્ટમ તે જ વિસ્તારમાં વધુ સક્રિય થઈને ડિપ્રેશનમાં ફેરવાશે. 25 ઓક્ટોબર: પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને ડીપ ડિપ્રેશન બનશે. 26 ઓક્ટોબર: સિસ્ટમ વધુ ઉગ્ર બનીને ચક્રવાતી તોફાનનું રૂપ ધારણ કરશે.

આંધ્ર પ્રદેશ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના મેનેજિંગ



ડિરેક્ટર પ્રખર જૈને જણાવ્યું છે કે સમગ્ર રાજ્યમાં વ્યાપક વરસાદ થશે, જેથી ખેડૂતો અને સામાન્ય જનતાએ સાવચેતી રાખવી અને દરિયામાં ગયેલા માછીમારોએ કોઈપણ વિલંબ વિના તાત્કાલિક કિનારે પરત આવી જવું. વિશાખાપટ્ટનમ સાયક્લોન વોર્નિંગ સેન્ટરના વડા પી. એલ. એન. મૂર્તિના જણાવ્યા અનુસાર, જો આ સિસ્ટમ આ જ રીતે સતત મજબૂત થતી રહેશે, તો તે મછલીપટ્ટનમ અને વિશાખાપટ્ટનમ વચ્ચેના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ્સના મોડેલો દર્શાવે છે કે 27 ઓક્ટોબર સુધીમાં આંધ્ર પ્રદેશમાં અત્યંત ભારે વરસાદ થશે. જોકે, વૈશ્વિક મોડેલોમાં સિસ્ટમની તીવ્રતા અંગે મતભેદ છે; અમુક મોડેલ્સ તેને 'વેરી સિવિયર સાયક્લોનિક સ્ટોર્મ' દર્શાવી રહ્યા છે, જ્યારે AI-આધારિત હવામાન મોડેલ્સ તેને સામાન્ય સાયક્લોનિક સ્ટોર્મ તરીકે દર્શાવી રહ્યા છે.આંધ્રના 7 જિલ્લાઓમાં 'અતિભારે વરસાદ'નું એલર્ટ IMDના અમરાવતી કેન્દ્ર દ્વારા 27 અને 28 ઓક્ટોબર માટે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદનું વિશેષ એલર્ટ આપવામાં આવ્યું છે.અલુરી સીતારામ રાજુ (ASR), કાકીનાડા, પૂર્વ ગોદાવરી, ડૉ. બી.આર. આંબેડકર કોનાસીમા, એલુરુ, પશ્ચિમ ગોદાવરી, એનટીઆર જિલ્લાઓ અને યાનમમાં છૂટાછવાયા સ્થળોએ અતિભારે વરસાદની ચેતવણી છે.વિશાખાપટ્ટનમ સહિત અન્ય 10 જિલ્લાઓમાં ભારે વરસાદ માટે વોચ એલર્ટ. શનિવારે કોસ્ટલ આંધ્ર અને રાયલસીમામાં વીજળીના કડાકા સાથે 30 થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. ચક્રવાતી પરિભ્રમણની શરૂઆતી અસર ગુરુવારથી જ જોવા મળી હતી, જ્યાં નેલ્લોર અને પ્રકાશમ જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો. નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ટ્રાફિક જામ સર્જાયો હતો. તિરૂપતિ જિલ્લાના થોટ્ટમ્બેડુમાં 40.2 મીમી અને નેલ્લોરના રાપુરમાં 40 મીમી વરસાદ નોંધાયો હતો.

### મુંબઈમાં 9 સંસ્થાઓ સામે કાર્યવાહી

## Domino's Pizza પર FDAની કાર્યવાહી! 2 આઉટલેટ સહિત 11નાં લાઇસન્સ સસ્પેન્ડ

(એજન્સી) મહારાષ્ટ્ર | તા.23

મહારાષ્ટ્રમાં ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ મોટી કાર્યવાહી કરી છે. વિભાગે Domino's Pizzaના 2 આઉટલેટ સહિત 11 ખાદ્ય સંસ્થાઓનાં લાઈસન્સ સસ્પેન્ડ કર્યાં છે. આ ઉપરાંત, રાજ્યભરમાં હાથ ધરાયેલી તપાસ દરમિયાન આશરે 38 ટન ખાદ્ય સામગ્રી જપ્ત કરવામાં આવી છે. તેની કિંમત 54.66 લાખ હોવાનું જણાવાયું છે. FDA દ્વારા ગુરુવારે જાહેર કરાયેલા નિવેદન અનુસાર, 21 અને 22 ઓક્ટોબરે હાથ ધરાયેલી તપાસ દરમિયાન અનેક સ્થળોએ સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાને લગતી ગંભીર ખામીઓ મળી આવી હતી. તેમાં ગંદા રસોડાં અને ગટર વ્યવસ્થા, કાટ લાગેલા રેક અને વાસણો, પરત આવેલી બ્રેડને તાજા જથ્થામાં ભેળવવી, ખાદ્ય સામગ્રીના તાપમાનનો અધૂરો રેકોર્ડ રાખવો અને કર્મચારીઓ પાસે તબીબી પ્રમાણપત્રો ન હોવા જેવી ખામીઓનો સમાવેશ થાય છે. કેટલીક જગ્યાએ મીઠાઈઓમાં મંજૂરી વગરના રંગોનો ઉપયોગ પણ જોવા મળ્યો હતો.FDAએ મુંબઈમાં 9 ખાદ્ય સંસ્થાઓનાં લાઈસન્સ સસ્પેન્ડ કર્યાં છે.

તેમાં ભાંડુપ વેસ્ટ સ્થિત Domino's Pizzaના આઉટલેટ ઉપરાંત મઝગાંવની SK Bakery, ગ્રાન્ટ રોડની Nekzad Restaurant, બાંદ્રા વેસ્ટની Foodies Multi Cuisine, જોગેશ્વરી વેસ્ટની Arabian Lukma, કુર્લા વેસ્ટની Delhi Zaika, ઘાટકોપર વેસ્ટના R City Mallમાં આવેલી U-Me અને ગોવંડીની Bikkgane Biryaniનો સમાવેશ થાય છે.આ ઉપરાંત, બીડમાં Domino's Pizzaના એક આઉટલેટ અને પરભણીના રહમત નગરમાં આવેલી KK Bakers સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. વિભાગે ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ હેઠળ આ પગલાં લીધાં છે. તપાસ દરમિયાન સૌથી વધુ ખાદ્ય સામગ્રી કોંકણ વિભાગમાંથી જપ્ત કરવામાં આવી હતી.

### 14.61 કરોડ લોકોને ₹5 લાખ સુધીની કેશલેસ સારવાર

## રેશનકાર્ડ ધારકોને મફત રાશન સાથે હવે મળશે 5 લાખ સુધીની મફત સારવાર, કેવી રીતે?

(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા.23

ઉત્તર પ્રદેશના કરોડો નાગરિકો માટે રાજ્ય સરકાર તરફથી એક ખુબ જ આશ્વાસન આપનારા અને મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ઉત્તર પ્રદેશ સરકારે પાત્ર પરિવારોને મફત રાશનની સાથે સાથે વધુ ઉત્તમ આરોગ્ય સુરક્ષા આપવા માટે મોટો નિર્ણય લીધો છે. હવે રાજ્યના તમામ રેશનકાર્ડ ધારકોને 'પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના' સાથે જોડવાના પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. સરકારના આ ક્રાંતિકારી પગલાથી રાજ્યના અંદાજે 14.61 કરોડ લોકોને સીધો અને મોટો ફાયદો થશે.વર્તમાન સમયમાં ઉત્તર પ્રદેશમાં લાલ (અંત્યોદય) અને સફેદ (પાત્ર ઘરગથ્થુ) એમ બંને મળીને કુલ ૩.૬૩ કરોડ રેશનકાર્ડ છે, જેનાથી 14.61 કરોડથી વધુ લોકો આવરી લેવાયેલા છે. નવી સિસ્ટમ અમલમાં આવતાંની સાથે જ આ તમામ રેશનકાર્ડ ધારકો આયુષ્માન કાર્ડ મેળવવા માટે પાત્ર બની જશે. આ યોજના હેઠળ લાભાર્થી પરિવારો કોઈપણ સૂચિબદ્ધ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં પ્રતિ વર્ષ 5 લાખ સુધીની મફત અને કેશલેસ ઈલાજની સુવિધા મેળવી શકશે.સરકાર આ



યોજનાના પારદર્શક અને સુચારુ અમલીકરણ માટે તમામ તકનીકી પાસાઓ પર ગંભીરતાથી કામ કરી રહી છે. જે પરિવારોના સભ્યો સરકારી નોકરીમાં ફરજ બજાવે છે અને પોતાના વિભાગોમાંથી અગાઉથી જ આરોગ્ય વીમો કે કેશલેસ તબીબી સુવિધાઓ મેળવી રહ્યા છે, તેમને આ યોજનામાંથી બાકાત રાખવામાં આવી શકે છે જેથી જરૂરિયાતમંદ લોકોને જ તેનો વાસ્તવિક લાભ મળી શકે. રેશનકાર્ડ ધારકોને આયુષ્માન યોજનામાં સામેલ કરવાથી રાજ્ય સરકાર પર નાણાકીય બોજ વધશે. હાલમાં ઉત્તર પ્રદેશ સરકાર આયુષ્માન યોજના પર વાર્ષિક આશરે 6,000 થી 9,000 કરોડનો ખર્ચ કરે છે, જે તમામ રેશનકાર્ડ ધારકોના સમાવેશ બાદ વધીને વાર્ષિક 15,000 કરોડ થવાની સંભાવના છે.

### 15 જિલ્લામાં આરોપોસહ લગાવાયા પોસ્ટર્સ

## સપાનો શું ભરોસો ? યુપીમાં સપા વિરુદ્ધ પોસ્ટર વૉર

(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા.23

આ ઉત્તર પ્રદેશના જિલ્લાઓમાં અખિલેશ યાદવ અને સમાજવાદી પાર્ટી (SP)ને નિશાન બનાવતા પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. આ પોસ્ટરોમાં અતીક, મુખ્તાર અને આઝમ ખાનની તસવીરો છે, અને 15 તેની સાથે વંશવાદી રાજકારણ, ભરતીમાં અનિયમિતતાઓ તથા તુષ્ટિકરણના આરોપો પણ દર્શાવવામાં આવ્યા. ઉત્તર પ્રદેશમાં વિધાન પરિષદની 11 બેઠકો માટે ચાલી રહેલા મતદાન વચ્ચે, સમાજવાદી પાર્ટી (SP)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવને નિશાન બનાવતા પોસ્ટરો સામે આવ્યા છે. રાજ્યના 15 જિલ્લાઓમાં જોવા મળેલા આ પોસ્ટરોએ રાજકીય ગરમાવો પેદા કર્યો છે.આ પોસ્ટરોમાં ખાસ કરીને સમાજવાદી પાર્ટી અને તેના અધ્યક્ષ અખિલેશ યાદવને નિશાન બનાવવામાં આવ્યા છે. તેમાં પૂર્વાંચલ ક્ષેત્રના માફિયા તત્વો - અતીક અહેમદ અને મુખ્તાર અન્સારી - તેમજ SP નેતા આઝમ ખાનની તસવીરો દર્શાવવામાં આવી છે. આ પોસ્ટરોમાં સમાજવાદી પાર્ટીની અગાઉની સરકાર પર ભત્રીજાવાદ, ભરતી પ્રક્રિયામાં અનિયમિતતાઓ અને તુષ્ટિકરણની રાજનીતિ જેવા વિવિધ આરોપો લગાવવામાં આવ્યા છે.




અહેવાલો અનુસાર, લખનૌ, બલિયા, મૌ, ગાઝીપુર, આઝમગઢ, વારાણસી, બસ્તી, હરદોઈ અને સીતાપુર સહિત 15 જિલ્લાઓમાં આ પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. એક પોસ્ટરમાં લખ્યું છે: "શું તમે SP પર વિશ્વાસ કરી શકો? ચા, સમોસા અને રસમલાઈ તમામ માફિયાઓ તેમના 'ભાઈ'. આ સૂત્ર દ્વારા સમાજવાદી પાર્ટી પર માફિયાઓને સંરક્ષણ પૂરું પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.આ પોસ્ટરોમાં સમાજવાદી પાર્ટીના શાસનકાળ દરમિયાન યોજાયેલી 2013 ની UPPCS ભરતી પરીક્ષાનો પણ ઉલ્લેખ છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે પસંદગી પામેલા 86 ઉમેદવારોમાંથી 56 ઉમેદવારો એક જ ચોક્કસ જ્ઞાતિના હતા.જે પક્ષના નેતૃત્વ, તેની રાજકીય પ્રાથમિકતાઓ અને સત્તામાં હતા ત્યારે લીધેલા નિર્ણયો પર સવાલો ઉઠાવે છે.

### યાત્રાના અંતિમ ચરણમાં તા. ૪ ના રોજ ગાંધીનગરમાં મહાસભા યોજાશે : મનોજ સોરઠીયા

# ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આવતીકાલે સવારે ૧૦ વાગ્યે ઉમરગામથી 'આદિવાસી ન્યાય યાત્રા'નો પ્રારંભ

### ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પસાર થશે યાત્રા, વલસાડ, નવસારી, તાપી, ભરૂચ અને છોટાઉદેપુર થઈને 3 તારીખે અંબાજી પહોંચશે ગુજરાતને ગુલામી જેવી સ્થિતિમાંથી મુક્ત કરવા જનતાને યાત્રામાં જોડાવવા ભાવભર્યું આમંત્રણ : મનોજ સોરઠીયા...



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના લોકપ્રિય આદિવાસી ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસી ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે ઉમરગામથી સવારે દસ વાગે આદિવાસી ન્યાય યાત્રાની શરૂઆત થશે. આ યાત્રા ઉમરગામથી શરૂ થઈને વલસાડ, નવસારી, તાપી, ભરૂચ, છોટાઉદેપુર એમ થઈને ત્રણ તારીખે અંબાજી પહોંચશે. ત્યારબાદ ચાર તારીખે ગાંધીનગરમાં એક મહાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આદિવાસી ન્યાય યાત્રા ગુજરાતના આદિવાસી લોકોના હક અને અધિકારની યાત્રા છે. જે આદિવાસી લોકોને હક અપાવવા માટે અને તેમને ન્યાય અપાવવા માટે લડે છે એવા ધારાસભ્ય ચૈતર વસાવાને આ તાનાશાહ સરકારે જેલમાં નાખવાનું કામ કર્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જે સરકારની સામે સવાલ ઉઠાવે છે એમને હંમેશા ભાજપ સરકાર દ્વારા દબાવવાની કોશિશ કરવામાં આવે છે. ગુજરાતના આદિવાસી સમાજના યુવાનો એકઠા થઈને ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં બુલંદ અવાજ કરશે અને આદિવાસી સમાજને જ્યાં સુધી ન્યાય ન મળે, જળ જંગલ જમીનના અધિકારો ન મળે, ત્યાં સુધી ચૈતરભાઈની આ લડાઈમાં સમગ્ર આદિવાસી સમાજ અને સમગ્ર ગુજરાત ચૈતર ભાઈ વસાવાની સાથે છે. આવતીકાલની આ યાત્રામાં આપ સૌને ભાવભર્યુ આમંત્રણ છે. આવો સાથે મળીને તાનાશાહ સરકારની સામે ચૈતર ભાઈના સમર્થનમાં આ લડત લડીએ અને ગુજરાતને ગુલામી જેવી સ્થિતિમાંથી અને ભાજપના શાસનમાંથી મુક્ત કરીએ.

## અન્યાય સામેની આ લડતમાં આપ સૌ મોટી સંખ્યામાં આદિવાસી ન્યાય યાત્રામાં જોડાઓ: નિરંજન વસાવા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે આપણા સૌના લોકલાડીલા ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં 'આદિવાસી ન્યાય યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે.



આ યાત્રાનો શુભારંભ આવતીકાલે શનિવાર ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે ઉમરગામ ખાતેથી કરવામાં આવશે. આ યાત્રા ઉમરગામથી શરૂ થઈને વલસાડ તાપી નવસારી ભરૂચ નર્મદા છોટાઉદેપુર અને દાહોદ જેવા અલગ-અલગ જિલ્લાઓમાંથી તથા કુલ ૩૨ જેટલી વિધાસભાઓમાંથી પસાર થવાની છે. અંબાજી સુધી પહોંચનારી આ ન્યાય યાત્રામાં આપ સૌ ખૂબ મોટી સંખ્યામાં જોડાઓ તેવું આપ તમામને અમારું ભાવભર્યું આમંત્રણ છે. નિરંજન વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે આ યાત્રા ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા માટે છે જેઓ શિક્ષણ આરોગ્ય બેરોજગારી અને જળ જંગલ જમીન જેવા તમામ સમાજના દરેક મુદ્દાઓ પર સરકાર સામે મજબૂતાઈથી પોતાનો અવાજ ઉઠાવતા હતા. જ્યારે પણ દરેક સમાજના લોકોને જરૂર પડી છે ત્યારે ચૈતરભાઈ તેમની પડખે આવીને ઊભા રહ્યા છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીની આ તાનાશાહી સરકાર સામે જે પણ લોકો પોતાનો અવાજ ઉઠાવે છે કે જનતાના પ્રશ્નો રજૂ કરે છે તેમને ડરાવવામાં અને ધમકાવવામાં આવે છે. તેમની પર ખોટા કેસો કરી ષડયંત્ર રચીને જેલમાં પૂરવામાં આવે છે. ત્યારે આ અન્યાય અને ભાજપ સરકારની તાનાશાહી સામે લડવા માટે યોજાયેલી આદિવાસી ન્યાય યાત્રામાં તમામ ભાઈઓ બહેનો યુવાનો અને સાથી મિત્રો મોટી સંખ્યામાં જોડાય તેવી નમ્ર વિનંતી છે.

### દોઢ-બે મહિનાથી રાહ જોઉં છું આ અહંકારી સરકાર ક્યારે દુષ્કાળગ્રસ્ત જાહેર કરશે : ઈસુદાન

# ખેડૂતોના ઘરમાં ખાવા અનાજ નથી અને પશુઓને ચરાવવા ઘાસ નથી હજી શેની રાહ જોશો ? : ઈસુદાન

### દ્વારકાના કલ્યાણપુરથી માલધારીઓની હિજરત શરૂ થતાં ખેડૂતો પશુઓ લઈને ઘર છોડવા મજબૂર બન્યા : ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ખેડૂતોની ગંભીર પીડા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,હું તો છેલ્લા દોઢ-બે મહિનાથી રાહ જોઈ રહ્યો છું કે સરકાર ક્યારે રાજ્યને દુષ્કાળગ્રસ્ત જાહેર કરશે? સરકાર ક્યારે ઘાસચારાની અને પીવાના તથા સિંચાઈના પાણીની વ્યવસ્થા કરશે? પરંતુ ભાજપની આ અહંકારી સરકાર અને તેના નેતાઓ જ્યારે પણ મીડિયાની સામે આવે છે, ત્યારે માત્ર એવાં જ નિવેદનો આપે છે કે 'ખેડૂતો માટે જે બનતું હશે એ અમે કરીશું.'

પણ તમે ક્યારે કરશો? આજે ખેડૂતોના ઘરમાં ખાવા માટે ધાન કે અનાજ નથી રહ્યું અને પશુઓને ચરાવવા માટે ઘાસચારો નથી. તો હજી તમે કઈ વાતની રાહ જોઈ રહ્યા છો? જ્યારે જરૂર પડશે ત્યારે કરીશું એવું કહેવાય છે, પરંતુ જરૂર તો અત્યારની જ છે! કલ્યાણપુર-દ્વારકા જિલ્લામાંથી અત્યારે ખેડૂતો અને પશુપાલકો પોતાના પશુઓ સાથે હિજરત કરી રહ્યા છે, પોતાના ઘર છોડીને જઈ રહ્યા છે.

હવે સરકાર શેની રાહ જોઈ રહી છે? ભાજપ સરકારને જરાય શરમ નથી, કારણ કે મહારાષ્ટ્રની ભાજપ સરકાર પોતાના રાજ્યને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દે છે, તો ગુજરાત સરકારના પેટમાં કેમ દુખે છે? આ મુખ્યમંત્રી,



મંત્રીઓ કે ભાજપના સાંસદોએ પોતાના ખિસ્સામાંથી રૂપિયા આપવાના છે? આ તો અમારા જ ટેક્સના રૂપિયા છે. અમને તકલીફ પડી રહી છે એટલે અમે માગીએ છીએ, તમે તમારી વીઘા જમીન વેચીને તો અમને નથી આપતા! તમે તમારી મરજી પડે ત્યારે એવું કહો છો કે 'જ્યારે જરૂર પડશે ત્યારે સરકાર ખેડૂતોની સાથે છે', પરંતુ શું ખરેખર સરકાર સાથે છે? અત્યાર સુધી તમે અમને શું આપ્યું? જેમ વરસાદની રાહ જોવાય, તેમ ખેડૂતો તમારી રાહ જોઈ રહ્યા છે પરંતુ તમારા પેટનું પાણી પણ નથી હલતું.'

ઈસુદાન ગઢવીએ વધુમાં આક્રોશ વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે, જો કોઈ ઉદ્યોગપતિ હોત તો તમે મરજી પડે ત્યારે આપી દેત. કેબિનેટ નક્કી કરીને એક રૂપિયાના ટોકન ભાવે ઉદ્યોગપતિઓને મફતના ભાવે જમીનો આપી દો છો. અમે એ જમીનો નથી માગતા, અમે મર્સિડીઝ ગાડીઓ કે તમારી પાસે ૧૫ લાખ રૂપિયા નથી માગતા. અમે તો માત્ર એટલું જ માગીએ છીએ કે જે અમારું બિયારણ અને શિયાળુ પીત ફેલ ગયું છે, તેના માટે રાજ્યને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને જે રાહત મળવી જોઈએ તે મળે તથા સિંચાઈ અને ઘાસચારાની યોગ્ય વ્યવસ્થા થાય. અમે ક્યાં તમારી પાસે મર્સિડીઝ ગાડીઓ કે મુખ્યમંત્રીનું હેલિકોપ્ટર માગી લીધું છે?

જો સરકારમાં બેસવાનો જરાય અધિકાર હોય તો તમારે તુરંત દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દેવું જોઈએ, નહીંતર સત્તા છોડી દેવી જોઈએ; તમે આ સત્તાને લાયક નથી. આ મુખ્યમંત્રી અને મંત્રીઓ જે નિવેદનો આપે છે તેના માટે શરમ આવવી જોઈએ. હું તમારા પરિવારને પણ વિનંતી કરું છું કે તેઓ પણ તમને ઠપકો આપે કે તમે સત્તા છોડીને કેમ નથી જતા! આજે આ ખેડૂતોની પીડા બોલી રહી છે અને અમને કોઈને ક્રેડિટ નથી જોઈતી, તમામ ક્રેડિટ તમને આપીએ છીએ; બસ તમે ખેડૂતોને દુષ્કાળ જાહેર કરીને તેમના ખાતામાં રાહતની રકમ નાખો. આજે માલધારી ભાઈઓ, બહેનો, માતાઓ અને દીકરીઓ પશુઓને લઈને હિજરત કરી રહ્યા છે અને તમે એસી ચેમ્બરો, હેલિકોપ્ટર અને ચાર્ટર પ્લેનોમાં ફરીને નિવેદનો આપો છો, જે અત્યંત શરમજનક છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે ભાજપ જેવી સરકાર ગુજરાતમાં ક્યારેય ન આવે.

## અમરેલીના ધારીમાં SBI બેંકમાં કુહાડી સાથે ઘૂસી તોડફોડ

### લોન ભરી સોનું છોડાવવા વારસદારોની સહી માગતાં યુવકે પિત્તો ગુમાવ્યો; ₹2.30 લાખનું નુકસાન; FIR નોંધાઈ

અમરેલી | અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગોવિંદપુર ગામની SBI બેંકમાં એક યુવકે કુહાડી વડે ભયાનક તોડફોડ મચાવી હતી. ગોલ્ડ લોનના ઘરેણાં છોડાવવા બાબતે થયેલા વિવાદમાં આરોપીએ બેંકમાં 2.30 લાખનું ભારે નુકસાન પહોંચાડ્યું છે. આ હુમલામાં બેંક મેનેજર કુણાલ રાઠોડને સામાન્ય ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગોવિંદપુર ગામના શશીકાંત સતાસીયા નામના ગ્રાહકે SBI બેંકમાંથી ગોલ્ડ લોન લીધી હતી. તેમના અવસાન બાદ પુત્ર સિદ્ધાર્થ સતાસીયાએ લોનની રકમ ભરીને સોનાના ઘરેણાં પરત મેળવવા સંપર્ક કર્યો હતો. બેંક મેનેજરે કાયદાકીય નિયમ મુજબ તમામ વારસદારોની સહીઓ જરૂરી હોવાનું જણાવ્યું હતું. આરોપીની બહેન ઓસ્ટ્રેલિયા રહેતી હોવા છતાં તેણે સહીઓ વિના ઘરેણાં આપવા બાબતે મેનેજર સાથે વિવાદ કર્યો હતો.

ઉગ્ર માથાકૂટ બાદ આરોપી ઘરેથી કુહાડી લઈને બેંક પરિસરમાં ધસી આવ્યો હતો. તેણે ફરજ પરના મેનેજરને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. ઉશ્કેરાયેલા યુવકે કુહાડી વડે બેંકના ચેમ્બરના દરવાજા, કાચ, વોશરૂમના પેસેજનો કાચ અને મુખ્ય દરવાજો તોડી નાખ્યા હતા. આ સિવાય તેણે બેંકના બે કમ્પ્યુટર સિસ્ટમને પણ કુહાડી મારીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

આરોપીએ બેંક મેનેજર પર પણ કુહાડી વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. બચાવ કરવા જતાં અને સાઈડના કાચમાંથી બહાર નીકળતી વખતે મેનેજરના જમણા હાથમાં કાચ વાગતાં ઈજાઓ પહોંચી હતી. આ તોડફોડના કારણે બેંક શાખાને અંદાજે 2.30 લાખ જેટલું મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ ઘટનાથી બેંક કર્મચારીઓમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો.

બ્રાન્ચ મેનેજર કુણાલ રાઠોડની ફરિયાદના આધારે ધારી પોલીસે આરોપી સિદ્ધાર્થ સતાસીયા વિરુદ્ધ BNS અને GP એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે આરોપીને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને તપાસ શરૂ કરી છે. બેંકમાં ઘૂસીને કરાયેલા આ હુમલાએ બેંક કર્મચારીઓની સુરક્ષા સામે પણ ગંભીર સવાલો ઊભા કર્યા છે.

## News Brief

### ડ્રાઈવિંગ લાઈસન્સ ટેસ્ટમાં હવે 75 ટકા માર્ક્સ ફરજિયાત! એફિડેવિટ પણ નહીં ચાલે, નિયમોમાં ફેરબદલની તૈયારી

અમદાવાદ : કેન્દ્ર સરકારે ડ્રાઈવિંગ લાઈસન્સ (DL) મેળવવા અને તેમાં સુધારા કરાવવાની પ્રક્રિયામાં મોટા ફેરફારો કરવાની દરખાસ્ત રજૂ કરી છે. માર્ગ પરિવહન મંત્રાલયે મોટર વાહન નિયમોમાં સુધારા માટે મુસદ્દો જાહેર કર્યો છે. તેમાં ભારતીય અને વિદેશી નાગરિકો માટે અલગ રંગનાં ડ્રાઈવિંગ લાઈસન્સ, લાઈસન્સધારકની નાગરિકતાનો ઉલ્લેખ, બ્લડ ગ્રુપ અને ઈમરજન્સી સંપર્કની વિગતો ફરજિયાત કરવા સહિતની જોગવાઈઓ સામેલ છે. જોકે, આ ફેરફારો હાલ દરખાસ્તના તબક્કામાં છે.નકશા જુઓ મુસદ્દા મુજબ, ડ્રાઈવિંગ લાઈસન્સ પર ધારકની નાગરિકતાનો ઉલ્લેખ કરવાની અને ભારતીયો તથા વિદેશી નાગરિકો માટે અલગ રંગની પદ્ધતિ દાખલ કરવાની દરખાસ્ત છે. આ ઉપરાંત લાઈસન્સમાં બ્લડ ગ્રુપ, મોબાઈલ નંબર અને કટોકટીના સમયે સંપર્ક કરી શકાય તેવી વ્યક્તિની વિગતો ફરજિયાત કરવાની જોગવાઈ પણ સૂચવવામાં આવી છે.

હાલના નિયમો હેઠળ માન્ય દસ્તાવેજો રજૂ કરવામાં અસમર્થ અરજદારો ઉંમર અને સરનામાના પુરાવા તરીકે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, ન્યાયિક મેજિસ્ટ્રેટ અથવા નોટરી સમક્ષ કરેલું સોગંદનામું રજૂ કરી શકે છે. નવી દરખાસ્તમાં આ વિકલ્પ દૂર કરવાની જોગવાઈ છે. જીવન વીમાની પૉલિસીને પણ પુરાવા તરીકે સ્વીકારવામાં નહીં આવે. સરનામાના પુરાવા તરીકે આધાર કાર્ડ, મતદાર ઓળખપત્ર, ઈ-રેશન કાર્ડ તથા અગાઉના ત્રણ મહિનાનાં વીજળી કે ગૅસનાં બિલનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદેશી નાગરિકોએ ભારતમાં કાયદેસર રીતે રહેતા હોવાનો પુરાવો આપવાનો રહેશે. ઉંમરના પુરાવા તરીકે પાસપોર્ટ, શાળાની બોર્ડની માર્કશીટ, જન્મ પ્રમાણપત્ર અને સરકારી વિભાગ દ્વારા અપાયેલાં ઓળખપત્રો સ્વીકારવાની દરખાસ્ત છે. ઓળખના પુરાવા તરીકે આધાર, પાસપોર્ટ, ઈ-રેશન કાર્ડ અને પાન કાર્ડનો સમાવેશ થાય છે.

### 'તુ અમારી વચ્ચે કેમ પડે છે...' વટવાના ચાર માળિયામાં સાળા પર બનેવીએ છરીના ઘા ઝીંક્યા

અમદાવાદ | વટવાના ઈન્સાનિયતનગર ચાર માળિયામાં બહેન અને બનેવી વચ્ચે થતા ઝઘડામાં વચ્ચે પડીને સમજાવટ કરનાર સાળા પર બનેવીએ ઉશ્કેરાઈને છરી વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. 22 તારીખે સાંજના સમયે વટવામાં બનેલી આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા 24 વર્ષીય સાળાને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ મામલે વટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વટવાના ઈન્સાનિયતનગર ચાર માળિયામાં રહેતા અને છૂટક મજૂરી કરતા 24 વર્ષીય ગગન ઉર્ફે માયા નારણભાઈ કાનજીભાઈના બહેન આશાબેન (ઉં.વ. 35)ના પતિનું ચારેક વર્ષ પહેલાં અવસાન થયું હતું. ત્યારબાદ આશાબેને ઈન્સાનિયતનગર ચાર માળિયામાં રહેતા શાહબાઝ ઉર્ફે બોબડો સાઓ અનવરખાન પઠાણ (ઉં.વ. 30) સાથે પુનઃલગ્ન કર્યા હતા. 22 ઓક્ટોબર ના રોજ સાંજે સાડા ચાર વાગ્યાની આસપાસ શાહબાઝ અને આશાબેન વચ્ચે બ્લોકની નીચે ઝઘડો અને બોલાચાલી થઈ રહ્યા હતા. આથી ગગન ત્યાં પહોંચ્યો હતો અને બંનેને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

આ વાતથી ઉશ્કેરાઈને શાહબાઝે ગાળો ભાંડી હતી અને 'તું અમારા વચ્ચે કેમ પડે છે?' કહી ઝઘડો કર્યો હતો. ઝઘડો વધુ ન વધે તે માટે ગગન ત્યાંથી જતો રહ્યો હતો.

### પૈસાની લેતી દેતીમાં આવુ પણ થાય! અમદાવાદમાં ઘર સામે પડેલું સ્કૂટર સળગાવી નાખ્યું

ગુજરાત | અમદાવાદના બાપુનગર વિસ્તારમાં પૈસાની લેતીદેતીની જૂની અદાવત રાખી એક યુવકે તેના જ મિત્રના ઘર આગળ પાર્ક કરેલા ટુ-વ્હીલરમાં આગ લગાવી દીધી હોવાની ઘટના સામે આવી છે. રાત્રિના દોઢ વાગ્યાની આસપાસ વાહનમાં લાગેલી આગ જોઈને પરિવાર અને આસપાસના રહીશોએ તાત્કાલિક પાણી છાંટી આગ કાબૂમાં લીધી હતી. આ મામલે યુવકના કાકાએ વાહન સળગાવીને ભાગી રહેલા આરોપી સામે બાપુનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

બાપુનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ, સોમનાથ મંદિર પાસે રહેતા અને પ્લાસ્ટિક કંપનીઓમાં માર્કેટિંગનું કામ કરતા 44 વર્ષીય પ્રવીણ રાઈકુવડે નોંધાવેલી ફરિયાદ મુજબ, મકાનના નીચેના માળે તેના મોટાભાઈ હિતેન્દ્રના પત્ની, પુત્ર જય અને પુત્રી વંશિકા રહે છે. પ્રવીણે તેના ભત્રીજા જયને મોપેડ ખરીદી આપ્યું હતું, જેનો ઉપયોગ જય કરતો હતો. 21 ઓક્ટોબરના રોજ સાંજે 6 વાગ્યે જય પોતાનું મોપેડ ઘર આગળ પાર્ક કરીને તેના મિત્રને મળવા ચંદીગઢ જવા નીકળ્યો હતો.ગુજરાત પ્રવાસ ગાઈડ

આ દરમિયાન રાત્રે દોઢ વાગ્યાની આસપાસ પ્રવીણ પાણી પીવા માટે ઊભા થઈ બહાર આવ્યા, ત્યારે ઘર આગળ પાર્ક કરેલા એક્સેસમાં આગ લાગેલી જોવા મળી હતી. તે વખતે જયનો મિત્ર 25 વર્ષીય પુષ્પરાજસિંહ વાઘેલા ત્યાંથી ભાગતો નજરે પડ્યો હતો. પ્રવીણે અને આસપાસના લોકોએ ભેગા થઈ પાણી છાંટી આગ બુઝાવી હતી.

બાદમાં જયને ફોન કરતાં તેણે જણાવ્યું હતું કે, 'અગાઉ પૈસાની લેતીદેતી બાબતે પુષ્પરાજસિંહ સાથે બોલાચાલી થઈ હોવાથી તેની અદાવત રાખીને તેણે વાહન સળગાવ્યું છે.'

## અમદાવાદમાં APK ફાઈલ ડાઉનલોડ કરાવી શિક્ષિકાનું ખાતું સાફ થઇ ગયું

ગાંધીનગર | અમદાવાદના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા 60 વર્ષીય નિવૃત્ત મહિલા શિક્ષિકાને બીમાર પુત્ર માટે ડૉક્ટરની અપોઈન્ટમેન્ટ લેવાના બહાને APK ફાઈલ મોકલી સાયબર ગઠિયાએ બેંક ખાતામાંથી 4.32 લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. ઠગબાજોએ મહિલાના ફોનમાં અપોઈન્ટમેન્ટ બુકિંગના નામે APK ફાઈલ ડાઉનલોડ કરાવી સમગ્ર ફોન અને OTP સહિતના મેસેજ અન્ય નંબર પર ફોરવર્ડ કરાવી લીધા હતા.નકશા જુઓ

મળતી માહિતી અનુસાર, સરદારનગર માયા સિનેમા રોડ પર આવેલા ગોપાલપાર્કમાં રહેતા નિવૃત્ત શિક્ષિકા મંજુશ્રી દુર્ગાચરણસિંહ રાજપૂત (ઉં.વ. 60)ના દીકરા સમ્રાટસિંગની તબિયત ખરાબ થઈ હતી. જેથી તેણે ગુગલ પરથી ડૉક્ટર રવિન્દ્રકુમાર લોઢાનો સંપર્ક નંબર મેળવી ફોન કર્યો હતો. સામેવાળા શખસે અપોઈન્ટમેન્ટ ફોર્મ ભરવાના બહાને વોટ્સએપ નંબર પરથી 'appartment_booking_FUD.apk' નામની ફાઈલ મોકલી હતી અને 5 રૂપિયા ઓનલાઈન પ્રોસેસિંગ ફી ભરવા જણાવ્યું હતું. મહિલાએ ફાઈલ ઈન્સ્ટોલ કરી ગુગલ પે મારફતે ચુકવણીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પેમેન્ટ ફેલ થતાં અને સામેવાળા શખસની વાતચીત શંકાસ્પદ જણાતાં તેમણે વ્યવહાર અટકાવી દીધો હતો.

જો કે, વૃદ્ધાના મોબાઈલ ફોનનો સંપૂર્ણ એક્સેસ અને મેસેજ અન્ય એક મોબાઈલ નંબર પર આપોઆપ ફોરવર્ડ થઈ ચૂક્યા હતા. ગત 21 ઓક્ટોબરના રોજ સવારે તેના બૅંક ખાતામાંથી 75 હજાર રૂપિયા કપાયાનો મેસેજ આવતાં તેઓ તાત્કાલિક માયા સિનેમા સ્થિત બૅંક શાખા ખાતે દોડી ગયા હતા અને એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું.

## ગુજરાતના 7 સ્ટેશનો પર નવા કવર શેડ તૈયાર કરાયા, મુસાફરોને તડકા અને વરસાદથી રાહત મળશે

**પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા વધારવા ભાવનગર ડિવિઝનના 7 રેલવે સ્ટેશનો પર નવા કવર શેડ બનાવ્યા છે. કુંડલી, લાઠીદડ, અલમપર, વઢવાણ સિટી, સોનગઢ, ખોડિયાર મંદિર અને રાણપુર સ્ટેશનો પર આ કામગીરી પૂર્ણ થઈ છે. હવે મુસાફરોને ગરમી અને વરસાદમાં ટ્રેનની રાહ જોવામાં રાહત મળશે. DRMના માર્ગદર્શન હેઠળ આ સુવિધા ઝડપથી પૂરી કરવામાં આવી છે.**

ગાંધીનગર | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સગવડ અને સુવિધાઓમાં વધારો કરવાના ભાગરૂપે એક મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ભાવનગર ડિવિઝન હેઠળ આવતા સાત રેલવે સ્ટેશનો પર મુસાફરોની સુવિધા માટે નવા કવર શેડનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ ભાવનગર મંડળના કુંડલી, લાઠીદડ, અલમપર, વઢવાણ સિટી, સોનગઢ, ખોડિયાર મંદિર અને રાણપુર સ્ટેશનોનો સમાવેશ થાય છે.ગુજરાત પ્રવાસ ગાઈડ સ્ટેશનો પર પ્લેટફોર્મ કવર શેડ તૈયાર થઈ જતાં હવે મુસાફરોને કાળઝાળ ગરમી, અસહ્ય તડકો અને ચોમાસામાં વરસાદ જેવી પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવો નહીં પડે અને ટ્રેનની રાહ જોવી વધુ આરામદાયક બનશે. મંડળ રેલ પ્રબંધક (DRM)ના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી સ્ટેશન પર પ્રાથમિક માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બની છે. આ અંગે માહિતી આપતાં વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક (Sr. DCM) અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, 'મંડળ રેલ પ્રબંધકના નિર્દેશ મુજબ ભાવનગર ડિવિઝન મુસાફરોની જરૂરિયાતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યું છે. રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ અને પાયાની સવલતોના આધુનિકીકરણ દ્વારા પ્રવાસીઓનો મુસાફરીનો અનુભવ શ્રેષ્ઠ બનાવવાનો અમારો સતત પ્રયાસ રહ્યો છે. સ્ટેશન પરિસરોના ઉન્નતીકરણ અને મુસાફર સંતોષમાં સતત વધારો કરવા માટે આગામી સમયમાં પણ આ પ્રકારના સુવિધાજનક કાર્યો ચાલુ રાખવામાં આવશે.'

### વસ્ત્રાલમાં વેપારી સાથે IT કંપની અને સરકારી પ્રોજેક્ટના નામે ₹1.07 કરોડની છેતરપિંડી

અમદાવાદ | અમદાવાદના વસ્ત્રાલમાં રહેતા 43 વર્ષીય વેપારી અને તેમના મિત્રને આઈટી કંપનીમાં ડિરેક્ટર બનાવવાની તેમજ ઉંચા નફાની લાલચ આપી બે શખસોએ કુલ 1,07,55,000 રૂપિયાની છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. દુબઈથી પાછા આવેલા માધવ રાજપૂત અને મયુર રાજપૂતે વિદ્યાસેતુ નામની ફેક કંપનીમાં AI પ્રોજેક્ટ્સ અને સરકારી કામકાજના બહાને લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. અંતે આ માત્ર વિદેશમાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું કૌભાંડ હોવાની જાણ થતાં વેપારીએ પોતાના રૂપિયા પાછા માંગતા આરોપીઓ ધમકી આપીને રાતોરાત ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા છે.મળતી માહિતી અનુસાર, વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા 43 વર્ષીય તેજસ પટેલ દ્વારા મયુર પ્રમોદસિંગ રાજપૂત અને માધવ પ્રમોદસિંગ રાજપૂત વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે. વર્ષ 2018-2019માં વસ્ત્રાલ ખાતે આવેલા એક જીમમાં ફરિયાદી અને આરોપીઓ વચ્ચે મુલાકાત થઈ હતી અને તેઓએ નાના નાણાકીય વ્યવહારો કરી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો.

## ગાંધીનગરમાં પશુધન નિરીક્ષકનું કારસ્તાન, બોગસ CCC સર્ટિ રજૂ કર્યું : વિપુલકુમાર પટેલે ઉચ્ચતર પગાર મેળવવા કારસો રચ્યો, સરકારની ક્રોસ તપાસમાં ભાંડો ફૂટતા પોલીસ ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ખરણા ઉપકેન્દ્ર ખાતે ફરજ બજાવતા પશુધન નિરીક્ષક દ્વારા ઉચ્ચતર પગાર મેળવવા બોગસ CCC સર્ટિફિકેટ રજૂ કરી સરકાર સાથે છેતરપિંડી આચરવા બદલ સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. મહત્વનું છે કે સરકારના આદેશ અનુસાર પશુપાલન નિયામકની કચેરી દ્વારા કર્મચારીઓના કમ્પ્યુટર કૌશલ્યના પ્રમાણપત્રોની ખરાઈ હાથ ધરવામાં આવતા આ સમગ્ર મામલો સામે આવ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પશુપાલન વિભાગના ઓક્ટોબર 2025ના પરિપત્ર આધારે કચેરી હેઠળ ફરજ બજાવતા કર્મચારીઓના કમ્પ્યુટર કૌશલ્ય અંગેના પ્રમાણપત્રોની ચકાસણી શરૂ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન જુનિયર ક્લાર્ક કાજલબેન દેસાઈએ ઓનલાઈન પોર્ટલ પર ચકાસણી કરતા પશુધન નિરીક્ષક વિપુલકુમાર પટેલનું CCC પ્રમાણપત્ર ઓનલાઈન દેખાતું નહોતું. ત્યારબાદ આ અંગે વધુ શંકા ઉપજતાં ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ




ટ્રેનિંગ ગાંધીનગર ખાતે પ્રમાણપત્રની સત્તાવાર ખરાઈ કરાવવામાં આવી હતી. ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ દ્વારા પત્ર લખી સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આ પ્રમાણપત્ર તદ્દન ખોટું અને બનાવટી છે.

આ મામલાની ખાતાકીય તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, પ્રમાણપત્રમાં દર્શાવેલી પરીક્ષાની તારીખ 24 ઓક્ટોબર, 2010ના રોજ કોઈ પરીક્ષા યોજાઈ જ નહોતી. વિપુલ પટેલે (રહે. પલ્લાચર, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા) પોતે રજૂ કરેલું પ્રમાણપત્ર બોગસ હોવાનું જાણવા છતાં ઉચ્ચતર પગાર ધોરણ મેળવી આર્થિક લાભ ખાટવાના ઈરાદાથી સરકારી દફતરે રજૂ કર્યું હતું. સરકારી નાણાકીય લાભ મેળવવાના આ કૌભાંડ અંગે પશુપાલન નિયામક દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાનો હુકમ કરાતાં નાયબ પશુપાલન નિયામકની કચેરીના નાયબ નિયામક ડૉ. સુકેતુકુમાર બાબુલાલ ઉપાધ્યાયે સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની પુન:રચના કરાઈ



(એજન્સી) ગાંધીનગર, | તા.23

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની પુન: રચના કરવામાં આવી છે.ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ નિયમો, ૧૯૬૦ હેઠળ આ પરિષદની પુન: રચના કરાઈ છે. આ પરિષદના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ઉપાધ્યક્ષ તરીકે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલ રહેશે. જ્યારે પરિષદના સહ ઉપાધ્યક્ષ તરીકે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પુનમચંદ બરંડા અને અન્ય સભ્યોમાં સર્વે શ્રી રમેશ કટારા, ડો. જયરામ ગામીત, શ્રીમતી નિમિષાબેન સુથાર, શ્રી શૈલેષ એસ. ભાભોર, શ્રી કનૈયાલાલ કિશોરી, શ્રી મહેન્દ્ર ભાભોર ,શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, શ્રી જયંતિ રાઠવા, શ્રી અભેસિંહ તડવી, ડો. દર્શના દેશમુખ, શ્રી મોહન ઢોડિયા, શ્રી અનંતકુમાર પટેલ, શ્રી અરવિંદ પટેલ અને શ્રી જીતુ ચૌધરીનો સમાવેશ થાય છે. ગુજરાત વિધાનસભા દ્વારા ચૂંટાયેલા સભ્યોની પરિષદના સભ્ય તરીકેની મુદત તેમના ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકેના કાર્યકાળ સુધીની રહેશે, તેમ આદિજાતિ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## ન્યુઝ ફ્લેશ

### સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિએ હરિત સંકલ્પનું પ્રતીક બનતું એકતાનગર

રાજપીપળા | રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિના અવસરે નર્મદા જિલ્લાના એકતાનગરમાં હરિત વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ માટે હાથ ધરાયેલા પ્રયાસો વિશેષ મહત્ત્વ ધરાવે છે. વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સાંનિધ્યમાં વિકસિત થઈ રહેલું એકતાનગર પ્રવાસન વિકાસની સાથે પ્રાકૃતિક સૌંદર્ય અને હરિયાળીના સંવર્ધન દ્વારા ટકાઉ વિકાસની દિશામાં આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે. 'ગ્રીનિંગ ઓફ એકતાનગર' પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૩થી ૨૦૨૬ દરમિયાન કુલ ૨૦.૨૨ લાખ રોપાંનું વાવેતર કરવામાં આવ્યું છે.

### વડોદરા ખાતે રોજગાર અને એપ્રેન્ટીશ ભરતી મેળો યોજાયો

વડોદરા | ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અંતર્ગત રોજગાર અને તાલીમ નિયામક કચેરી હસ્તકની મદદનીશ રોજગાર નિયામકની કચેરી, વડોદરા દ્વારા આજે એક રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાના તરસાલી સ્થિત આઈ.ટી.આઈ. કેમ્પસમાં આવેલા આઈ.ટી.સી. બિલ્ડિંગના પ્રથમ માળે સવારે ૧૦:૦૦ વાગ્યાથી આ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ભરતી મેળામાં મેન્યુફેક્ચરિંગ, સર્વિસ, સેલ્સ અને ઈન્સ્યોરન્સ સેક્ટરની પ્રતિષ્ઠિત ૮ સંસ્થાઓ અને કંપનીઓના પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કંપનીઓ દ્વારા ઓપરેટર, ટેકનિશિયન, રિલેશનશિપ ઓફિસર, સેન્ટર એસોસિએટ અને ટ્રેઈની જેવી વિવિધ સંવર્ગની કુલ ૧૪૦ જગ્યાઓ માટે આઈટીઆઈ કેમ્પસ ખાતે જ સીધા ઈન્ટરવ્યુનું આયોજન કરાયું હતું.

### MSU કેમ્પસમાં ફરી જૂથ અથડામણ, પટ્ટા વડે હુમલો

વડોદરા: એમએસ યુનિવર્સિટી કેમ્પસમાં આજે બપોરે કોમર્સ ફેકલ્ટી નજીક બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં એક યુવાને બીજા પર પટ્ટા વડે હુમલો કર્યો હતો, જેનો વિડીયો વાયરલ થયો છે. આ ઘટનાથી કેમ્પસમાં દોડધામ મચી હતી. મારામારીનું કારણ અસ્પષ્ટ છે અને સામેલ યુવાનો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે કે બહારના તત્વો તે અંગે પણ અટકળો છે. આ ઘટનાએ ફરી સુરક્ષા પર પ્રશ્નાર્થ ઉભો કર્યો છે. છાશવારે મારામારી માટે કુખ્યાત બનેલા એમએસ યુનિવર્સિટી કેમ્પસમાં આજે બપોરે વધુ એક વખત બે જૂથો વચ્ચે છુટા હાથની મારામારી થઈ હતી .જેનો વિડિયો પણ વિદ્યાર્થી આલમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર જોત જોતા માં વાયરલ થયો હતો. એવું કહેવાય છે કે, કોમર્સ ફેકલ્ટીના જનરલ એજ્યુકેશન બિલ્ડિંગ નજીક બે જૂથો બાખડયા હતા. જેમાં એક યુવાનને પટ્ટા વડે બીજા પર હુમલો કરતા પણ વિડિયો માં જોઈ શકાય છે.આ અથડામણના પગલે કેમ્પસમાં દોડધામ મચી હતી.જોકે મારા મારી શેના માટે થઈ હતી તેનું ચોક્કસ કારણ હજી બહાર આવ્યું નથી.

## પ્રમાણપત્ર પર સિક્કો કરાવવા માટેની દોડધામ અને સમયનો વ્યય ઘટાડવા સરકારનો નિર્ણય

# હવે સરકારી ઈ-પ્રમાણપત્રો પર જ દેખાશે અધિકૃત Round Seal,નાગરિકોને કચેરીના ધક્કામાંથી મળશે મુક્તિ



ગુજરાત સરકાર દ્વારા ડિજિટલ સેવાઓને વધુ સરળ, ઝડપી અને નાગરિકલક્ષી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગના 21 ઑક્ટોબર, 2026ના પરિપત્ર અનુસાર, ડિજિટલ પોર્ટલ મારફતે આપવામાં આવતા તમામ પ્રમાણપત્રો અને દાખલાઓ પર તે જારી કરનાર સક્ષમ અધિકારીની કચેરીની વિગતો સાથેનો અધિકૃત ગોળ સિક્કો (Round Seal) દર્શાવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આ વ્યવસ્થાથી પ્રમાણપત્ર મેળવ્યા બાદ સિક્કો કરાવવા માટે સંબંધિત કચેરીમાં અલગથી જવાની જરૂરિયાત ઘટાડવાનો માર્ગ મોકળો થશે. ડિજિટલ ગુજરાત 2.0 અંતર્ગત સરકારી સેવાઓને શરૂઆતથી અંત સુધી ડિજિટલ, સુગમ અને કાગળવિહોણી બનાવવાના પ્રયાસોને પણ તે વેગ આપશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ હાલમાં ડિજિટલ પોર્ટલ પરથી મળતાં ઈ-પ્રમાણપત્રો પર પ્રમાણપત્ર આપનાર અધિકારીનો ગોળ સિક્કો દર્શાવવામાં આવતો ન હોવાને કારણે અરજદારોને સિક્કો કરાવવા માટે સંબંધિત કચેરીમાં જવું પડતું હતું. આ વધારાની પ્રક્રિયાને કારણે નાગરિકોના સમય અને શ્રમનો વ્યય થતો હતો તથા કામગીરીમાં વિલંબ થવાની સ્થિતિ ઊભી થતી હતી.આ સમસ્યાના ઉકેલ માટે હવે પ્રમાણપત્રો અને દાખલાઓ પર લાગુ કાયદા, નિયમો અને સૂચનાઓ અનુસાર અધિકૃત ગોળ સિક્કો દર્શાવવાની વ્યવસ્થા વિકસાવવામાં આવશે. સિક્કા સાથે પ્રમાણપત્ર મંજૂર કરનાર સક્ષમ અધિકારીની કચેરીની સંપૂર્ણ વિગતો પણ દર્શાવવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સૌથી વધુ જરૂર પડતી અને મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી સરકારી સેવાઓની પ્રક્રિયાઓને સરળ બનાવવા ગવર્નમેન્ટ પ્રોસેસ રી-એન્જિનિયરિંગ (GPR) અને બિઝનેસ પ્રોસેસ રી-એન્જિનિયરિંગ (BPR)ની કામગીરી હાથ ધરવામાં આવી છે. 'Digital-by-Default' અભિગમ અંતર્ગત સેવા વિતરણની સમગ્ર પ્રક્રિયાને ડિજિટલ સ્વરૂપ આપીને ડિજિટલ ગુજરાત 2.0 સાથે સંકલિત કરવાનો આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

### સતત બીજા દિવસે માવા-ઘારીનું વેચાણ કરતાં એકમો વિરૂદ્ધ આરોગ્ય વિભાગની ઝુંબેશ

સુરત | આગામી ચંદી પડવાનાં તહેવારને પગલે વધુ એક વખત સુરત મહાનગર પાલિકાનું આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. આજે સતત બીજા દિવસે શહેરમાં માવા અને ઘારીનું વેચાણ કરનારા એકમો પર આરોગ્ય વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી અને અલગ - અલગ એકમોમાંથી માવા સહિતનાં સેમ્પલો એકઠાં કર્યા બાદ સેમ્પલને લેબોરેટરીમાં મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ગત રોજ આરોગ્ય વિભાગ દ્વારા શહેરનાં અલગ - અલગ ઝોન વિસ્તારમાંથી 15 જેટલા એકમોમાંથી સેમ્પલો લેવામાં આવ્યા હતા. નવરાત્રિની પૂર્ણાહુતિ સાથે જ સુરતીઓમાં ચંદી પડવાની ઉજવણી માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દર વર્ષે સુરતીઓ લાખો રૂપિયાની ઘારી અને ભુસુ એક જ રાતમાં ઝાપટી જતાં હોય છે. આ સિવાય છેલ્લા કેટલાક વર્ષોથી સુરત સહિત વિદેશમાં પણ મોટા પાયે ઘારીની નિકાસ કરવામાં આવતી હોય છે. આ સ્થિતિને ધ્યાને રાખીને આ વર્ષે પણ આરોગ્ય વિભાગ દ્વારા ઘારીમાં વપરાતા માવાનાં સેમ્પલો એકઠાં કરવાની સતત બીજા દિવસે કાર્યવાહી હાથ ધરી હતી.

# સાણંદતાલુકાનાવિંછીયાગામેરાજ્યપાલશ્રીએ ગ્રામજનો સાથે રાત્રિ બેઠક યોજી સંવાદ સાધ્યો



(એજન્સી) સાણંદ | તા.23

સાણંદ તાલુકાના વિંછીયા ગામે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને રાત્રિ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામીણ જીવન, પશુપાલન અને પ્રાકૃતિક ખેતીનો બહોળો અનુભવ ધરાવતા રાજ્યપાલશ્રીએ ગ્રામજનો, માતૃશક્તિ અને બાળકો સાથે અત્યંત સાહજિક અને સ્નેહસભર શૈલીમાં વાતચીત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનોને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, દરેક ગામની સાચી તાકાત તેની એકતા, ભાઈચારા અને પ્રેમમાં રહેલી છે. તેમણે ઉમેર્યું કે છેલ્લા સવા વર્ષથી તેઓ દર અઠવાડિયે એક તાલુકાના બે ગામોની મુલાકાત લઈને લોકો સાથે સંવાદ કરી વિવિધ વિષયો પર માર્ગદર્શન આપી રહ્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના એક પેડ મા કે નામ અને સ્વચ્છતા અભિયાનનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, દેશવ્યાપી શૌચાલય નિર્માણથી અને સ્વચ્છતાના કારણે સ્વાસ્થ્ય સુધારમાં મોટો ફેરફાર આવ્યો છે. પૂજ્ય બાપુના વિચારોને ટાંકીને તેમણે પોતાના ઘર અને શેરી-મહોલ્લાઓને સંપૂર્ણ સ્વચ્છ રાખવા અપીલ કરી હતી. બાળકોના શિક્ષણ અંગે ચિંતા વ્યક્ત કરતા રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજના ઝડપી યુગમાં બાળકોને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું જરૂરી બન્યું છે. દીકરા અને દીકરી વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વિના બંનેને પૂર્ણ શિક્ષણ આપવું અનિવાર્ય છે. શિક્ષણની સાથે બાળકોને વ્યસનમુક્ત રાખવા, મોબાઈલ-ટીવીના અતિરેકથી દૂર રાખી સુસંસ્કારી બનાવવાની જવાબદારી વાલીઓ અને સમાજની છે. તેમણે ગુટખા અને અન્ય નશાથી મુક્ત રહી તંદુરસ્ત સમાજના નિર્માણનો સંદેશ આપ્યો હતો. રાજ્યપાલશ્રીએ હરિયાણામાં કુરુક્ષેત્ર સ્થિત ગુરુકુલના ફાર્મમાં થતી ડાંગર અને અન્ય ખેતીના ઉદાહરણો આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના અંધાધૂંધ ઉપયોગથી જમીન બંજર બની રહી છે અને પાણી દૂષિત થવાનું પ્રમાણ વધી રહ્યું છે. પ્રાકૃતિક ખેતીથી ૫૦% પાણીની બચત થાય છે, ઉત્પાદન ખર્ચ નહિવત થઈ જાય છે અને જમીનની ફળદ્રુપતા વધે છે. આજે ગુજરાતના ૮ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે તે ખુશીની વાત છે તેમ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું.

# રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૬ - સરદાર સાહેબની ૧૫૧મી જન્મજયંતિ

## એકતાનગરમાં ગુંજશે એકતાનો જયઘોષ : SNIC એકતા દિવસ-2026ની તૈયારીઓ પૂરજોશમાં, દેશભરના 17 ડિરેક્ટોરેટ્સના 205 NCC કેડેટ્સ આ વખતની પરેડમાં સામેલ થશે





(એજન્સી) રાજપીપલા | તા.23

રાષ્ટ્રીય એકતા દિવસ-2026ની ઉજવણીને લઈને એકતાનગરમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વિશેષ અવસરે સ્ટેચ્યુ ઑફ યુનિટી નજીક આવેલા GNLA, રાજપીપળા ખાતે દેશભરના 205 NCC કેડેટ્સ એકત્રિત થયા છે. 17 ડિરેક્ટોરેટ્સના કેડેટ્સ એક જ ધ્યેય એક ભારત, એક ભાવના અને એકતા સાથે અહીં જોડાયા છે. પરેડની તૈયારીના ભાગરૂપે કેડેટ્સે વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે પ્રથમ પ્રેક્ટિસ કરી હતી. વિશાળ પ્રતિમાની પૃષ્ઠભૂમિમાં તાલબદ્ધ કદમ, અડગ શિસ્ત અને અદભુત સંકલનનો નજારો જોવા મળી રહ્યો છે. દરેક કેડેટની સચોટ હિલચાલ અને સમૂહમાં દેખાતી એકરૂપતા તેમની મહેનત, સમર્પણ અને ટીમ સ્પીરિટનું પ્રતિબિંબ બની રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીની આ પરેડ માત્ર કવાયત નથી; તે ભારતની વિવિધતામાં વસતી એકતાનું જીવંત પ્રતીક છે. દેશના જુદા જુદા પ્રદેશો, ભાષાઓ અને સંસ્કૃતિઓમાંથી આવેલા કેડેટ્સ અહીં એક જ ગણવેશમાં, એક જ લયમાં આગળ વધી રહ્યા છે. 31મી ઓક્ટોબરે કુલ 205 NCC કેડેટ્સ પૈકી 148 માર્ચપાસ્ટ અને 45 કેડેટ્સ બેન્ડમાં સામેલ રહેશે જ્યારે 12 જેટલા કેડેટસ રિઝર્વમાં રહેશે. તેમની હાજરી રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે અને યુવાનોમાં દેશસેવા, શિસ્ત તથા જવાબદારીનો મજબૂત સંદેશો પણ આપે છે."એકતા અને શિસ્ત" NCCનું સૂત્ર છે, અને કેડેટ્સની તાલીમ તથા તેમની શિસ્તબદ્ધ પરેડમાં પણ આ સૂત્ર સાકાર થતું જોવા મળે છે. પ્રેક્ટિસ દરમિયાન તેમની એકાગ્રતા, સમયપાલન અને પરસ્પર સહકાર ખાસ નોંધપાત્ર રહ્યા છે. હવે આ જ ઉત્સાહ અને ચોકસાઈ સાથે તેઓ રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં ભાગ લેવા માટે તૈયાર થઈ રહ્યા છે. એકતાનગરમાં થનારી આ ઉજવણીમાં NCC કેડેટ્સની પરેડ દેશની એકતા, અખંડિતતા અને યુવા શક્તિનો ગૌરવપૂર્ણ સંદેશ આપશે. સ્ટેચ્યુ ઑફ યુનિટીના સાનિધ્યમાં એકતાનગરના આંગણે ગુંજતા તેમના તાલબદ્ધ કદમ જાણે કહી રહ્યા છે, "17 ડિરેક્ટોરેટ્સ, એક રાષ્ટ્ર, એક ભાવના"

## દેશભરના 17 ડિરેક્ટોરેટ્સના 205 NCC કેડેટ્સ આ વખતની પરેડમાં સામેલ થશે

# જિલ્લા પંચાયત કચેરી નર્મદા ખાતે ડિસ્ટ્રિક્ટ આયુષ સોસાયટીની એક્ઝિક્યુટિવ કમિટીની સમીક્ષા બેઠક યોજાઈ

રાજપીપલા | રાષ્ટ્રીય એકતા દિવસ-2026ની ઉજવણીને લઈને એકતાનગરમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વિશેષ અવસરે સ્ટેચ્યુ ઑફ યુનિટી નજીક આવેલા GNLA, રાજપીપળા ખાતે દેશભરના 205 NCC કેડેટ્સ એકત્રિત થયા છે. 17 ડિરેક્ટોરેટ્સના કેડેટ્સ એક જ ધ્યેય એક ભારત, એક ભાવના અને એકતા સાથે અહીં જોડાયા છે. પરેડની તૈયારીના ભાગરૂપે કેડેટ્સે વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે પ્રથમ પ્રેક્ટિસ કરી હતી. વિશાળ પ્રતિમાની પૃષ્ઠભૂમિમાં તાલબદ્ધ કદમ, અડગ શિસ્ત અને અદભુત સંકલનનો નજારો જોવા મળી રહ્યો છે. દરેક કેડેટની સચોટ હિલચાલ અને સમૂહમાં દેખાતી એકરૂપતા તેમની મહેનત, સમર્પણ અને ટીમ સ્પીરિટનું પ્રતિબિંબ બની રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીની આ પરેડ માત્ર કવાયત નથી; તે ભારતની વિવિધતામાં વસતી એકતાનું જીવંત પ્રતીક છે. દેશના જુદા જુદા પ્રદેશો, ભાષાઓ અને સંસ્કૃતિઓમાંથી આવેલા કેડેટ્સ અહીં એક જ ગણવેશમાં, એક જ લયમાં આગળ વધી રહ્યા છે. 31મી ઓક્ટોબરે કુલ 205 NCC કેડેટ્સ પૈકી 148 માર્ચપાસ્ટ અને 45 કેડેટ્સ બેન્ડમાં સામેલ રહેશે જ્યારે 12 જેટલા કેડેટસ રિઝર્વમાં રહેશે. તેમની હાજરી રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે અને યુવાનોમાં દેશસેવા, શિસ્ત તથા જવાબદારીનો મજબૂત સંદેશો પણ આપે છે."એકતા અને શિસ્ત" NCCનું સૂત્ર છે, અને કેડેટ્સની તાલીમ તથા તેમની શિસ્તબદ્ધ પરેડમાં પણ આ સૂત્ર સાકાર થતું જોવા મળે છે. પ્રેક્ટિસ દરમિયાન તેમની એકાગ્રતા, સમયપાલન અને પરસ્પર સહકાર ખાસ નોંધપાત્ર રહ્યા છે. હવે આ જ ઉત્સાહ અને ચોકસાઈ સાથે તેઓ રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં ભાગ લેવા માટે તૈયાર થઈ રહ્યા છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સાણંદના વીંછીયા ગામે અનુસૂચિત જાતિ પરિવારના ઘરે ભોજન લઈ સામાજિક સમરસતાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો



### વેરાવળ ભાલકા મંદિરે રવિવારે શરદ પુનમે સૌરાષ્ટ્ર ભરના ખેલૈયાઓ માટે ભવ્ય દાંડીયા તાલીરાસ યોજાશે

વેરાવળ | વેરાવળ ભાલકા મંદિરે તા.૨૫/૧૦/૨૬ ના રવિવારે શ્રી કૃષ્ણ ભગવાન સાંનિધ્યમાં ભવ્ય રાસોત્સવ બાયબાય નવરાત્રી નું આયોજન કરાયેલ છે જેમાં નિ શુલ્ક પ્રવેશ ખેલૈયાઓ દર્શકો ભકતજનો સહીત સમગ્ર વિસ્તાર માટે રખાયેલ છે કૃષ્ણ ભગવાના સાંનિધ્યમાં રાસ લેવાનો કૃષ્ણ ભકતો માટે આ અનેરો મોકો છે.શ્રી સોમનાથ ટ્રસ્ટ ના સંપુર્ણ સહયોગ થી ગીર સોમનાથ મીડીયા સેન્ટર ડી.કે.ગ્રુપ દીપક કકકડ દ્વારા આયોજીત તા.૨૫/૧૦/૨૬ સાંજે ૫ વાગ્યા થીભાલકા મંદિર ના વિશાળ પટાંગણમાં ભવ્ય રાસ મહોત્સવ નું આયોજન કરાયેલ છે કીર્તીબેન અખીયા, પંકજ ચૌહાણ ગ્રુપ દ્વારા રાસ માં રંગત જમાવશે સાથી વૃંદના તાલે દરેક વયજુથ ના ખેલૈયાઓને રમાડશે. કૃષ્ણ ભગવાન સાંનિધ્યમાં સૌરાષ્ટ્રભર ના ખેલૈયાઓને દાંડીયા/તાલી રાસ કૃષ્ણ ભકિત તેમજ રાસ લેવા સૌરાષ્ટ્ર ભર ના ખેલૈયાઓ પરીવારો બાળકો સહીત મોટી વયજુથ ના પણ તમામ ભાઈઓ બહેનો રાસ લઈ શકશે કાઠીયાવાડી વેશભુષા તેમજ ભારતીય સંસ્કૃતિક ના વસ્ત્રો પરીધાન કરી આ રાસ મહોત્સવ માં ભાગ લઈ શકશે શરદપુનમ હોવાથી દુધ પૌઆ ની પ્રસાદી આપવામાં આવશે રાસ મહોત્સવ માં પ્રવેશ નિ શુલ્ક રાખવામાં આવેલ છે કોઈ નામ નોધાવવાની જરૂર નથી ભારતી સંસ્કૃતિમાં રાસ અને શ્રી કૃષ્ણ વળાયેલા છે કાઠીયાવડીના હૈયે કે સંસ્કારો માં રાસ રમાયેલા રહે છે શરદ રાસ મહોત્સવ નું ભગવાન નું શ્રી કૃષ્ણ ના સાંનિધ્ય માં રાસ લેવો તે કૃષ્ણ ભકતો માટે અનેરો અવસર છે.

# ગુજરાતમાં e-NAM પોર્ટલ સાથે 8.87 લાખથી વધુ લોકો જોડાયા; ₹12,000 કરોડથી વધુની કૃષિ પેદાશોનું વેચાણ

(એજન્સી) ગાંધીનગર | તા.23

કૃષિ એ ભારતીય અર્થતંત્રનો મુખ્ય આધારસ્તંભ છે અને દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે ટેક્નોલૉજીના ઉપયોગથી ખેડૂતો માટે બજાર સુધીની પહોંચ અને વેચાણની પ્રક્રિયા સરળ બની રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ખેડૂતો માટે હિતકારી નિર્ણય લઈને વર્ષ 2016માં ઈલેક્ટ્રોનિક નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (e-NAM) પોર્ટલ લૉન્ચ કર્યું હતું, જે કૃષિ પેદાશોના વેચાણ માટેનું એકીકૃત ઑનલાઈન પ્લેટફોર્મ છે. ગુજરાતમાં e-NAM પોર્ટલ સાથે 8.87 લાખથી વધુ લોકો જોડાયા છે, જેમાં 8,69,922 ખેડૂતો, 10,291 વેપારીઓ, 7,191 કમિશન એજન્ટ્સ અને 461 ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs)નો સમાવેશ થાય છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ખેડૂતોને કૃષિ પેદાશોના વેચાણ માટે વધુ સારી તકો મળી રહી છે. ઈ-નામ પોર્ટલના માધ્યમથી ખેડૂતો પોતાની પેદાશો ઓનલાઈન વેચીને વધુ ખરીદદારો સુધી પહોંચી શકે છે. આથી તેમને પેદાશોના સારા ભાવ મેળવવામાં મદદ મળે છે. રાજ્યની 144 મંડીઓ e-NAM પોર્ટલ સાથે સંકળાયેલી છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ઈ-નામ દ્વારા 12,740.60 કરોડ મૂલ્યની 3.20 કરોડ ક્વિન્ટલથી વધુ કૃષિ પેદાશોનું વેચાણ થયું છે.નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (e-NAM) એ એક ઑનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ છે, જે વિવિધ APMC મંડીઓને એક જ બજાર વ્યવસ્થા સાથે જોડે છે. કૃષિ મંત્રાલય હેઠળ સ્મોલ ફાર્મર્સ એગ્રીબિઝનેસ કન્સોર્ટિયમ (SFAC) દ્વારા સંચાલિત આ પ્લેટફોર્મ કૃષિ પેદાશોના વેચાણની પ્રક્રિયાને સરળ અને પારદર્શક બનાવે છે. તે વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડવાની સાથે માંગ અને પુરવઠાના આધારે પેદાશોના બજારભાવ જાણવામાં પણ મદદ કરે છે. e-NAMથી ખેડૂતોને પારદર્શક હરાજી, ગુણવત્તા મુજબ ભાવ અને સમયસર ઑનલાઈન ચુકવણીનો લાભ મળે છે.ઉના માર્કેટ કમિટીના પરબતભાઈ પટાત છેલ્લા એક વર્ષથી e-NAM દ્વારા મગફળીનું વેચાણ કરે છે. પરંપરાગત સ્થાનિક બજારની સરખામણીએ e-NAM પર વેચાણની પ્રક્રિયા ઝડપી છે અને તેમને દરેક વેચાણમાં 200થી 500 વધુ મળે છે. તેમના જણાવ્યા મુજબ, આના પરિણામે તેમની કુલ આવકમાં અંદાજે 5થી 7 ટકાનો વધારો થયો છે. e-NAM પર મગફળીના સારા ભાવ મળવાની સાથે વેચાણની રકમ સીધી બેંક ખાતામાં જમા થતી હોવાથી પ્રક્રિયા પણ સરળ બને છે.ઉપલેટા માર્કેટ કમિટીના હરીશ ઘોડાસરા પણ છેલ્લા પાંચ વર્ષથી e-NAM દ્વારા કપાસ, મગફળી અને ઘઉંનું વેચાણ કરે છે. તેમના જણાવ્યા મુજબ, સ્થાનિક બજારની સરખામણીએ e-NAM દ્વારા વેચાણ કરવાથી તેમની આવકમાં 15થી 20 ટકાનો વધારો થયો છે. એટલું જ નહીં, વેપારીઓ સાથે સીધો સંપર્ક થવાથી કમિશનનો ખર્ચ બચે છે અને વેચાણની રકમ સીધી બેંક ખાતામાં જમા થાય છે. e-NAMથી મળતા આર્થિક લાભોને કારણે આજે તેઓ પોતાની કૃષિ પેદાશો ઑનલાઈન વેચવાનું પસંદ કરે છે.e-NAMના સફળ અમલીકરણ દ્વારા ગુજરાત ટેક્નોલૉજી આધારિત કૃષિ વિકાસ અને સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે.

**વૃષભ : બ. વ. ઉ.**

ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે.

**મિથુન : ક. છ. ઘ.**

બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.

**કર્ક : ડ. હ.**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂ મૂલ્ય સમજાશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે.

**સિંહ : મ. ટ.**

સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો। તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે.

**તુલા : ર. ત.**

તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે.

**વૃશ્ચિક : ન. ય.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે.

**મકર : ખ. જ.**

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે -જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

દેશભરના 17 ડિરેક્ટોરેટ્સના 205 કેડેટ્સ આ વખતની પરેડમાં સામેલ થશે

# કેવડિયા SOU ની એકતા પરેડ માં NCC કેડેટ્સ પણ ભાગ લેશે

(એજન્સી) રાજપીપળા | તા.23

રાષ્ટ્રીય એકતા ઉજવણી ની કેવડિયા માં ભારે તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે આ વિશેષ અવસરે સ્ટેચ્યુ ઑફ યુનિટી નજીક આવેલા GNLA, રાજપીપળા ખાતે દેશભરના 205 NCC કેડેટ્સ એકત્રિત થયા છે. 17 ડિરેક્ટોરેટ્સના કેડેટ્સ એક જ ધ્યેય એક ભારત, એક ભાવના અને એકતા સાથે અહીં જોડાયા છે.



પરેડની તૈયારીના ભાગરૂપે કેડેટ્સે વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે પ્રથમ પ્રેક્ટિસ કરી હતી. વિશાળ પ્રતિમાની પૃષ્ઠભૂમિમાં તાલબદ્ધ કદમ, અડગ શિસ્ત અને અદભુત સંકલનનો નજારો જોવા મળી રહ્યો છે. દરેક કેડેટની સચોટ હિલચાલ અને સમૂહમાં દેખાતી એકરૂપતા તેમની મહેનત, સમર્પણ અને ટીમ સ્પીરિટનું પ્રતિબિંબ બની રહી છે. વડાપ્રધાનની ઉપસ્થિતિમાં યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીની આ પરેડ માત્ર કવાયત નથી; તે ભારતની વિવિધતામાં વસતી એકતાનું જીવંત પ્રતીક છે. દેશના જુદા જુદા પ્રદેશો, ભાષાઓ અને સંસ્કૃતિઓમાંથી આવેલા કેડેટ્સ અહીં એક જ ગણવેશમાં, એક જ લયમાં આગળ વધી રહ્યા છે. 31મી ઓક્ટોબરે કુલ 205 NCC કેડેટ્સ પૈકી 148 માર્ચપાસ્ટ અને 45 કેડેટ્સ બેન્ડમાં સામેલ રહેશે જ્યારે 12 જેટલા કેડેટસ રિઝર્વમાં રહેશે. તેમની હાજરી રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે અને યુવાનોમાં દેશસેવા, શિસ્ત તથા જવાબદારીનો મજબૂત સંદેશો પણ આપે છે. “એકતા અને શિસ્ત” NCCનું સૂત્ર છે, અને કેડેટ્સની તાલીમ તથા તેમની શિસ્તબદ્ધ પરેડમાં પણ આ સૂત્ર સાકાર થતું જોવા મળે છે. પ્રેક્ટિસ દરમિયાન તેમની એકાગ્રતા, સમયપાલન અને પરસ્પર સહકાર ખાસ નોંધપાત્ર રહ્યા છે. હવે આ જ ઉત્સાહ અને ચોકસાઈ સાથે તેઓ રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં ભાગ લેવા માટે તૈયાર થઈ રહ્યા છે.

## મહેસાણાના ઠગબાજોની ટ્રસ્ટની આડમાં રોકાણકારો સાથે લાખો રૂપિયાની ઠગાઈ

ભાવનગર : મહેસાણાના માય હેપી જીવન (એમએચજે) ફાઉન્ડેશન ટ્રસ્ટ (એનજીઓ)ની આડમાં ટ્રસ્ટના સીઈઓ, ડેપ્યુટી સીઈઓ અને તેના મળતિયાઓએ રોકાણકારોને ઓછા રોકાણમાં વધુ વળતરની લાલચ આપી લાખો રૂપિયા પડાવી લીધા બાદ એપ્લિકેશનની વિવિધ સેવાઓ જ બંધ કરી દઈ લોકોના રૂપિયા પરત ન આપી વિશ્વાસઘાત અને ઠગાઈ કરી હતી. મહેસાણામાં માય હેપી જીવન ફાઉન્ડેશન નામના એનજીઓ ટ્રસ્ટના સીઈઓ પિયુષ વ્યાસ, ડેપ્યુટી સીઈઓ આરજુ બારોટ અને તેના મળતિયાઓએ પૂર્વઆયોજીત ગુનાહિત કાવતરું રચી અલગ-અલગ ઈન્વેસ્ટમેન્ટ પ્લાન ઉભા કરી લોકોને ટૂંકા સમયમાં અસાધારણ નાણાંકીય વળતર આપવાની લાલચ આપી હતી. આ કાવતરામાં ગઢડાના ગોરડકા ગામે રહેતા પ્રવીણભાઈ ઘોહાભાઈ સરવૈયા (ઉ.વ.૪૩) ફસાઈ જતાં તેમણે ચેલેન્જ૩૦, વીસાટ્રેડ, પ્રોજેક્ટ૨૨૦ વગેરે સ્કિમોમાં રૂા.૮,૬૫,૮૧૪નું રોકાણ કર્યું હતું. તેમજ તેમના મિત્રો અને ઓળખીતા વ્યક્તિ અને અન્ય જાહેર જનતાએ પણ ટૂંકા સમયમાં અસાધારણ નાણાંકીય વળતરની લાલચમાં આવી પોતાની મરણમૂડીનું રોકાણ કર્યું હતું. શરૂઆતના સમયમાં રોકાણકારોને રિટર્ન કેશબેની રકમ આપી વધુ લોકોને રોકાણ કરવા અને તેમની પાસેથી મોટી રકમની થાપણો રોકાણની રકમ એકત્રિત કર્યા બાદ ઠગબાજોએ એપ્લિકેશનની વિવિધ સેવાઓ જ બંધ કરી દઈ પ્રવીણભાઈના રૂા.૭,૨૧,૭૫૦ અને અન્ય રોકાણકારોની પણ લાખો રૂપિયાની રકમ પરત ન આપી છેતરપિંડી-ઠગાઈ આંચરી હતી. ઠગભગત પિયુષ વ્યાસે લોકોનો ભરોસો જીતવા અનેક પેતરા કર્યા હતા. શખ્સે ગઢડાના ગોરડકા આવી અહીં ઓફિસનું ઉદ્ઘાટન કર્યું હતું.

## લોકલ ફોર વોકલના સુત્રને સાર્થક કરવા સખી મંડળની બહેનો અને સ્વદેશી ચીજવસ્તુ ઓને પ્રોત્સાહન આપવા માટે સ્વદેશી મેળાનો પ્રારંભ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા તેમજ સખી મંડળની બહેનોને તેમના ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર પૂરું પાડવાના હેતુથી ‘સ્વદેશી મેળા-૨૦૨૬’નું તા.૨૨/૧૦/૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે એ.જી. સ્કૂલ મેદાન, જૂનાગઢ ખાતે હર ઘર સ્વદેશી,ઘર ઘર સ્વદેશીના સ્લોગન સાથે માન.મેયરશ્રી ના વરદ હસ્તે મહાનગરપાલિકા, જૂનાગઢના પદાધિકારીઓ, અધિકારીશ્રી ઓ તથા કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવેલ છે.આ કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભવશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી બાળાઓ દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા. જૂનાગઢ શોપિંગ ફેસ્ટિવલ અંતર્ગત લોકલ ફોર વોકલ અને ઘર ઘર સ્વદેશી,હર ઘર સ્વદેશી* ના સૂત્રને સાર્થક કરવા માટે આ સ્વદેશી મેળામાં સખી મંડળની બહેનો દ્વારા નિર્મિત વિવિધ હસ્તકલાની વસ્તુઓ, ગૃહઉદ્યોગની ચીજવસ્તુઓ સહિતના અનેક આકર્ષક સ્વદેશી ઉત્પાદનોના સ્ટોલ્સ ઉપલબ્ધ રહેશે. અહીં મુલાકાતીઓ ઉત્તમ ગુણવત્તાવાળી સ્થાનિક ચીજવસ્તુઓની ખરીદી કરી સ્વદેશી અપનાવવાનો સંકલ્પ કરી શકશે. જેમાં તા:૦૨/૧૧/૨૦૨૬ સુધી ચાલનારા આ મેળામાં નાગરિકો માટે મનોરંજનાર્થે ગેમ ઝોન તેમજ સ્વાદિષ્ટ વાનગીઓ માટે વિવિધ ખાણીપીણીના સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, મેળાના દિવસો દરમિયાન દરરોજ સાંજે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

## જૂનાગઢ મનપા દ્વારા ગિરનાર પરિક્રમા -૨૦૨૬ માટે હંગામી પ્લોટ હરરાજી થશે

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.23

મહાનગરપાલિકા સેવા સદનની એક યાદીમાં જણાવ્યુ છે કે, આગામી ગિરનાર પરિક્રમા -૨૦૨૬ યોજાનાર હોય જે અંતર્ગત ભવનાથ વિસ્તારમાં વિવિધ વસ્તુઓના વેચાણ ખાણી-પીણી માટે હંગામી ખુલ્લા પ્લોટોની હરરાજી ફાળવણી તા.૦૬/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે શરૂ થનાર હોય. રસ ધરાવતા આસામીશ્રી/ધંધાર્થી ઓએ ભવનાથ ઝોનલ કચેરી ખાતે હાજર રહેવું. હરરાજીમાં ભાગ લેનાર આસામીશ્રી/ ધંધાર્થીઓએ ડિપોઝિટની રકમ સ્થળ પર જ જમા કરાવ્યા બાદ પ્લોટની બોલી બોલી શકાશે. અંતિમ બોલી બોલનારે સ્થળ પર જ બોલીની




રકમ જમા કરાવાની રહેશે. તેમજ હરારજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. આ અંગેની વધુ માહિતી મહાનગરપાલિકા કચેરી રેવન્યુ ટેક્સ શાખા રૂમ નં ૨૦૪ બીજા માળે, જૂનાગઢ ખાતેથી મળી રહેશે. જેની નોંધ લેશો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

## સાબરકાંઠામાં ખેડબ્રહ્મા અને પોશીનામાં તળાવો તળિયા ઝાટક, જળસંકટના એંધાણ, ઘાસચારાની અછત

(એજન્સી) સાબરકાંઠા | તા.23

સાબરકાંઠાના અંતરિયાળ અને પહાડી ભૂગોળ ધરાવતા આદિવાસી બહુલ ખેડબ્રહ્મા તેમજ પોશીના તાલુકામાં ચોમાસું પૂરું થતાંની સાથે જ પીવાના પાણી અને પશુઓના ઘાસચારાનું વિકટ સંકટ ઘેરાવા લાગ્યું છે. ચાલુ વર્ષે સરેરાશ કરતાં નહિવત અને અનિયમિત વરસાદને પરિણામે શિયાળાના આરંભે જ કુદરતી જળ સ્રોતો સુકાઈ જતાં સરહદી ગામડાઓમાં ઉનાળા જેવી આકરી પરિસ્થિતિ અત્યારથી જ આકાર લઈ રહી છે. જે તળાવો સામાન્ય રીતે ભરઉનાળે એપ્રિલ અને મે માસ સુધી છલકાયેલા રહેતાં હતાં, તે અત્યારે ઓક્ટોબર માસમાં જ તળિયાઝાટક બની ગયા છે.

ખેડબ્રહ્મા તાલુકાનાં ચાંગોદ, સૂકાઆંબા, રતનપુર, બાવળ કાંઠિયા, બાડીયાનું તળાવ, સેબલિયા તેમજ પોશીના તાલુકાના દોતડ, કોટડા, ચોલીયા, નવાગરા, દેમતી, માલવાસ, નાડા, દંત્રાલ, ટેટેબડા, દેડકા અને પોલાપાણ સહિતના ગામોમાં વરસાદની ઘટની સીધી અને ગંભીર અસર જમીન અને જળસ્તર પર પડી છે. ખાસ કરીને આ વિસ્તારની જીવાદોરી સમાન અને મે માસના ધોમધખતા તાપમાનમાં પણ પાણીથી હિલોળા લેતું કોલંદનું તળાવ અત્યારથી જ સાવ સુકાઈ જતાં સમગ્ર સીમાડામાં સન્નાટો વ્યાપી ગયો છે. જળાશયો ખાલીખમ થતાં જમીનમાં પાણી રિચાર્જ ન થવાને કારણે સ્થાનિક કૂવા તેમજ બોરવેલના તળ પણ ચિંતાજનક રીતે ઊંડા ઊતરી ગયા છે. જેનાથી ગ્રામ્ય જનજીવન અને ખેતીની રવિ સીઝન પર ખતરો મંડાઈ રહ્યો છે.

જળસંકટની સાથે સાથે માલધારીઓ માટે પશુધનને જીવાડવાનો યક્ષપ્રશ્ન ઊભો થયો છે. સીમ અને ગોચરમાં લીલો ઘાસચારો સાવ સુકાઈ ગયો હોવાથી પશુઓને પેટનો ખાડો પૂરવા માટે વહેલી સવારથી પહાડો અને કોતરો ખૂંદી દૂર દૂર સુધી ભટકવું પડી રહ્યું છે. સ્થાનિક આદિવાસી પરિવારરો માટે પશુપાલન જ આજીવિકાનો મુખ્ય આધારસ્તંભ છે, ઘાસચારો અને પાણીના અભાવે પશુઓનું દૂધ ઉત્પાદન ઘટવા સાથે તેમના અસ્તિત્વ સામે જોખમ ઊભું થયું છે. જો વહીવટી તંત્ર દ્વારા સરહદી ગામોની વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવી અત્યારથી પાણી, ઘાસચારાની વ્યવસ્થા સાથે ઊંડા તળાવોમાં નર્મદા કે ધરોઈ યોજનાના પાણી ઠાલવવાની આગોતરી વ્યવસ્થા નહીં ગોઠવાય તો આગામી દિવસોમાં આ પંથકમાંથી મોટાપાયે પશુઓ અને શ્રમજીવી પરિવારોનું સ્થળાંતર અનિવાર્ય બનશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

વાવ ગામની શૉકિંગ ઘટના

## ‘મારી બહેન સાથે લફડા કરીશ...’, નશાની ગોળીઓ આપી યુવકને ગળે ટૂંપો દઈ દીધો

વાવ : વાવ ગામની સીમમાં સ્વરૂપ પાટીયા ખેતરમાં 18 વર્ષના યુવક અશોક ઠાકોરની હત્યાનો ભેદ ઉકેલાયો છે. બહેન સાથેના પ્રેમસંબંધની અદાવતમાં મહેશ ઠાકોર અને કીરણ ઠાકોરે દારૂમાં ચાર નશાની ગોળીઓ ભેળવી અશોકને પીવડાવ્યો. ત્યારબાદ ગળે ટૂંપો દઈ હત્યા કરી, લાશને શર્ટથી લટકાવી આત્મહત્યાનો દેખાવ કર્યો હતો. પોલીસે બે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વાવ ગામની સીમમાં આવેલા સ્વરૂપ પાટીયા તરીકે ઓળખાતા ખેતરના ઢાળિયામાં 18 વર્ષના યુવકની હત્યા કરીને લાશ લટકાવી દેવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. યુવકને દારૂમાં નશાની ચાર ગોળીઓ ભેળવીને પીવડાવ્યા બાદ ગળે ટૂંપો આપી તેની હત્યા કરી હતી. ત્યારબાદ આ ઘટનાને આપઘાત દેખાડવા માટે તેના જ શર્ટથી મૃતદેહને લાકડા સાથે લટકાવી દેવાયો હતો. પોલીસે આ ગુનામાં બે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વાવ તાલુકાના વાવ ગામની સીમમાં સ્વરૂપ પાટીયા તરીકે ઓળખાતા ખેતરના ઢાળિયામાં બુધવાર, 21 ઓક્ટોબર 2026ના રોજ સાંજે અશોકભાઈ ભગાભાઈ ઠાકોર (ઉંમર 18 વર્ષ)ની ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. જોકે, મૃતકના પરિવારે આ આત્મહત્યા નહીં, પરંતુ હત્યા હોવાની આશંકા વ્યક્ત કરી હતી. તેના પગ ઘૂંટણ સુધી જમીનને અડેલા હતા અને ગળા પર ફાંસાના નિશાન પણ નહોતા. આ બાબતથી પરિવારની શંકા વધુ ઘેરી બની હતી. પરિવારની શંકાના આધારે વાવ પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસમાં સામે આવ્યું કે અશોકને મહેશ કરશનભાઈ ઠાકોરની બહેન સાથે છેલ્લા બે વર્ષથી કથિત પ્રેમસંબંધ હતો. આ સંબંધની અદાવત રાખીને મહેશે અશોકની હત્યાનું કાવતરું ઘડ્યું હોવાનો ખુલાસો થયો હતો. પોલીસ તપાસ મુજબ, 21 ઓક્ટોબર 2026ના રોજ સાંજે મહેશ ઠાકોર અને કીરણભાઈ જોહાભાઈ ઠાકોરે અશોકને દારૂ પીવડાવ્યો હતો. દારૂની બોટલમાં નશાની ચાર ગોળીઓ ભેળવી દેવામાં આવી હતી, જેના કારણે અશોક અત્યંત નશાની હાલતમાં આવી ગયો હતો.

## પાલિતાણામાં યુવકના ક્રેડીટ કાર્ડના ડેટા ચોરી રૂા.૧.૧૭ લાખની ઠગાઈ

ભાવનગર : સાયબર ક્રાઈમનો વધુ એક નવો કિસ્સો સામે આવ્યો છે. પાલિતાણાના યુવકના ક્રેડીટ કાર્ડનો ડેટા ચોરી કરી સાયબઈ માફિયાઓએ રૂા.૧.૧૭ લાખથી વધુની રકમ ઉસેડી લીધી હતી.પાલિતાણાના આદપુર રોડ, સર્વોદય સોસાયટી પાછળ રહેતા બિહારીદાન ખોડુભાઈ નામના ૨૯ વર્ષીય યુવકને ગત તા.૧૮-૧૦ના રોજ મોડીરાત્રિના સમયે એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યા બાદ ઓટીપી આવવા લાગ્યા બાદ સાયબર ગઠિયાઓએ તેમના એસીબીઆઈ અને એચડીએફસી બેન્કના ક્રેડીટ કાર્ડનો ડેટા ચોરી કરી લઈ કોમ્પ્યુટરના માધ્યમથી અન્ય વ્યક્તિ બની ગુનાહિત કાવતરું રચી ખોટા નામે બે ટ્રાન્જેક્શન કરી રૂા.૧,૧૭,૨૧૪ની રકમની ઠગાઈ-છેતરપિંડી આચરી હતી. બનાવ અંગે બિહારીદાન ખોડુભાઈએ નોંધાવેલી ફરિયાદના આધારે પાલિતાણા ટાઉન પોલીસે બીએનએસની કલમ ૩૧૮ (૪), ૩૧૯ (૨), ૬૧ (૨) અને આઈટી એક્ટની કલમ ૪૩એ, ૪૩ (એફ), ૬૬ (ડી) મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## બનાસકાંઠામાં ત્રણ તાલુકાઓની 286 ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે અનામત બેઠકોનું રોટેશન જાહેર

(એજન્સી) પાલનપુર | તા.23

ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓ વચ્ચે પાલનપુર, ડીસા અને ધાનેરા તાલુકાની કુલ 286 ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે અનામત બેઠકોનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી દ્વારા સરકારી જોગવાઈઓ તથા રોટેશન પદ્ધતિ અનુસાર વિવિધ વર્ગો માટે બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. ત્રણેય તાલુકામાં મહિલાઓ માટે કુલ 143 બેઠકો અનામત રાખવામાં આવી છે. આ ફાળવણીમાં અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત આદિજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) તથા બિનઅનામત સામાન્ય વર્ગનો સમાવેશ થાય છે. પાલનપુર તાલુકાની કુલ 109 ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જાતિ માટે 12, અનુસૂચિત આદિજાતિ માટે 5, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે 27 તથા બિનઅનામત સામાન્ય વર્ગ માટે 63 બેઠકો નક્કી કરવામાં આવી છે. આ બેઠકોમાં અનુસૂચિત જાતિની 6, અનુસૂચિત આદિજાતિની 3, પછાત વર્ગની 15 અને સામાન્ય વર્ગની 31 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. ડીસા તાલુકાની 110 ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જાતિ માટે 11, અનુસૂચિત આદિજાતિ માટે 2, પછાત વર્ગ માટે 30 અને બિનઅનામત સામાન્ય વર્ગ માટે 67 બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. તેમાંથી અનુસૂચિત જાતિની 5, અનુસૂચિત આદિજાતિની 1, પછાત વર્ગની 15 અને સામાન્ય વર્ગની 33 બેઠકો મહિલાઓ માટે અનામત છે. ડીસામાં ચારેય વર્ગોમાં સામાન્ય વર્ગ માટે સૌથી વધુ 67 બેઠકો ફાળવવામાં આવી છે.ધાનેરા તાલુકાની 67 ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જાતિ માટે 8, અનુસૂચિત આદિજાતિ માટે 7, પછાત વર્ગ માટે 18 અને બિનઅનામત સામાન્ય વર્ગ માટે 34 બેઠકો નક્કી કરવામાં આવી છે.

9 થીમ ગેલેરી જોવા મળશે

## દ્વારકામાં 93 કરોડના ખર્ચે ભગવાન કૃષ્ણનું મ્યુઝિયમ તૈયાર કરાશે



ભગવાન શ્રીકૃષ્ણના જીવનદર્શન, દિવ્ય લીલાઓ, માનવમૂલ્યો અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના શાશ્વત સંદેશને આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી લોકો સુધી પહોંચાડવા દ્વારકામાં 92.70 કરોડ રૂપિયાના ખર્ચે શ્રીકૃષ્ણ સંગ્રહાલયનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. દ્વારકાધીશ મંદિરથી આશરે 1.6 કિલોમીટરના અંતરે તૈયાર થઈ રહેલા આ સંગ્રહાલયમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનના વિવિધ પ્રસંગો અને તેમના તત્ત્વજ્ઞાનને નવ અલગ-અલગ થીમ આધારિત ગેલેરીમાં રજૂ કરવામાં આવશે. શ્રીકૃષ્ણ સંગ્રહાલયમાં ભગવાનના જન્મથી શરૂ થતી જીવનયાત્રાને વિવિધ ગેલેરીઓ દ્વારા રજૂ કરવામાં આવશે. તેમાં બાળલીલાઓ, ગોકુળ અને વૃંદાવનના પ્રસંગો, ગોવર્ધન પર્વત ધારણ કરવાની લીલા, કાળિયા નાગનું મર્દન અને રાસલીલાનો સમાવેશ થશે. આ ઉપરાંત મથુરા ગમન, કંસવધ, સુવર્ણનગરી દ્વારકાની સ્થાપના અને મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણની નિર્ણાયક ભૂમિકા પણ મુલાકાતીઓ સમક્ષ રજૂ કરવામાં આવશે. આ પ્રસ્તુતિઓ દ્વારા કૃષ્ણના જીવનના વિવિધ તબક્કાઓ અને તેમના ઉપદેશોને સમજવાનો અવસર મળશે. સંગ્રહાલયમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મુલાકાતીઓને કૃષ્ણના જીવનપ્રસંગોનો વિશિષ્ટ અનુભવ કરાવવાનું આયોજન છે. તેમાં ઓડિયો-વિઝ્યુઅલ પ્રસ્તુતિઓ, ઈન્ટરેક્ટિવ ડિજિટલ ડિસ્પ્લે, 3D પ્રોજેક્શન મેપિંગ, ટચસ્ક્રીન માહિતી કિઓસ્ક અને મોશન સેન્સર આધારિત અનુભવોનો સમાવેશ થશે. આ સુવિધાઓના માધ્યમથી મુલાકાતીઓ માત્ર પ્રસંગો નિહાળી શકશે એટલું જ નહીં, પરંતુ વિવિધ ડિજિટલ પ્રસ્તુતિઓ દ્વારા તેમની સાથે વધુ નજીકથી જોડાઈ શકશે.

પંચમહાલ શિક્ષણ વિભાગમાં ₹2.78 કરોડનું કૌભાંડ

## હાઈકોર્ટમાંથી રાહત મળતાં જ DPEO ગાયત્રીબહેન પટેલ ફરજ પર હાજર

(એજન્સી) પંચમહાલ | તા.23

પંચમહાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના ‘સમગ્ર શિક્ષા પ્રોજેક્ટ’માં આચરાયેલા 2.78 કરોડ રૂપિયાના ઉચાપત કૌભાંડમાં એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. સરકારી નાણાંની હેરાફેરીના આ ગંભીર કેસમાં હાઈકોર્ટમાંથી કાનૂની રાહત મળતાં જ પંચમહાલના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) ગાયત્રીબહેન પટેલ ફરી એકવાર પોતાની ફરજ પર હાજર થઈ ગયા છે. મંજૂર થયેલી રજાના 10 દિવસ પહેલાં જ તે હોદ્દા પર હાજર થઈ જતાં શિક્ષણ આલમમાં ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. મળતી માહિતી અનુસાર, પંચમહાલ જિલ્લામાં સમગ્ર શિક્ષા પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલી ગ્રાન્ટ અને સરકારી નાણાંમાં 2.78 કરોડ રૂપિયાથી વધુની રકમની કથિત ઉચાપત આચરવામાં આવી



હોવાનો ભાંડાફોડ થયો હતો. સરકારી નાણાંની ચોરી અને ગેરરીતિ અંગે ગોધરા B-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કૌભાંડની પોલીસ તપાસ દરમિયાન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ગાયત્રીબહેન પટેલની સંડોવણી સામે આવતાં તેમનું નામ ખુલ્યું હતું. કેસમાં સંડોવણી સામે આવ્યા બાદ અને કાનૂની કાર્યવાહી વચ્ચે તેઓ રજા પર ઉતરી ગયા હતા. જોકે, હાઈકોર્ટમાંથી આગોતરા જામીન કે કાનૂની રાહત મળતાં જ તેઓ મંજૂર થયેલી રજા પૂર્ણ થવાના 10 દિવસ અગાઉ જ અચાનક ઓફિસે પહોંચીને ફરજ પર હાજર થઈ ગયા હતા. શિક્ષણ વિભાગના અગત્યના હોદ્દા પર રહેલા ઉચ્ચ અધિકારી સામે 2.78 કરોડ રૂપિયાના કૌભાંડના ગંભીર આક્ષેપો હોવા છતાં, રજા પૂરી થયા પહેલાં જ તેમનો ચાર્જ સંભાળવો સમગ્ર પંચમહાલ જિલ્લામાં અને શિક્ષણ વર્તુળોમાં ભારે ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. હાલ આ મામલે કાયદાકીય તપાસ ચાલી રહી છે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે પીએચ.ડી.અભ્યાસક્રમનો કોર્ષવર્ક સંપન્ન થતાં વેલેડીક્ટરી સમારોહ યોજાયો

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.23,

વિદ્યાભ્યાસ ક્ષેત્રે ઉચ્ચ શિખરો સર કરવા થનગનતી દેશની યુવાશક્તિને શોધક્ષેત્રે અભ્યાસમાં નવી તકોનું નિર્માણ થાય તે દિશામાં ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય ખાતે પીએચ.ડી. નાં અભ્યાસક્રમમાં રજીસ્ટ્રેશન થયેલ ૧૭૫ જેટલા વિદ્યાર્થીઓનો કોર્ષવર્ક અભ્યાસક્રમ સંપન્ન થતાં આજે કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં ભાષાભવનનાં મધ્યસ્થખંડમાં કોર્ષવર્ક અભ્યાસક્રમ સમાપન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સફળતાપૂર્વક કોર્ષવર્ક સંપન્ન કરનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોનાં હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનાં અધ્યક્ષ અને કુલપતિ ડો.પ્રતાપસિંહજી ચૌહાણે પીએચ.ડી. અભ્યાસક્રમમાં નોંધાયેલા સૌ સંશોધક વિદ્યાર્થીઓ, જેમણે પોતાનો કોર્ષવર્ક અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે, તેમને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવતા જણાવ્યુ હતુ કે આજના આધુનિક અને ટેકનોલોજીના યુગમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી નવીનતમ સંશોધનોને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે કોર્ષવર્કમાં મેળવેલું આ જ્ઞાન તમને તમારા સંશોધન મહાનિબંધને એક ઉત્કૃષ્ટ ઊંચાઈ પર લઈ જવામાં મદદરૂપ થશે. આ પ્રસંગે વિશેક્ષ અતિથી તરીકે ઉપસ્થિત નોબલ યુનિ.નાં પ્રો. વોસ્ટ ડો.એચ.એન.ખેરે જણાવ્યુ હતુ કે પીએચ.ડી.ના આ લાંબા અને જ્ઞાનસભર પ્રવાસમાં કોર્ષવર્ક એ એક અત્યંત મહત્વ નો પાયો છે.

## ઓગસ્ટ અંતે NBFCની બાકી લોન ૬૯% વધીને રૂ. ૩.૬૫ લાખ કરોડ

# NBFC દ્વારા ગોલ્ડ લોનમાં દબાણના સંકેતો

(એજન્સી) નવી દિલ્હી | તા.23

ભારતનું ઝડપથી વિકસતું ગોલ્ડ લોન બજાર દબાણના પ્રારંભિક સંકેતો દર્શાવી રહ્યું છે. ગોલ્ડ લોન ક્ષેત્રની આગેવાન કંપનીઓ દ્વારા પુન:ચુકવણીમાં વિલંબ (ડિફોલ્ટ) તેમજ અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન પર પહેલેથી ૯૦ દિવસથી વધુ બાકી ધરાવતા ગ્રાહકોને ગોલ્ડ લોન અપાઈ રહી હોવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.ગિરવે મૂકેલા સોનાના દાગીનાની સલામતીથી આકર્ષાઈને બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) પોતાના ગોલ્ડ લોન પોર્ટફોલિયોનો આક્રમક રીતે વિસ્તાર કરી રહી હોવાથી આ ચિંતાઓ ઊભી થઈ છે. પરંતુ ધિરાણકર્તાઓ અને વિશ્લેષકો ચેતવણી આપી રહ્યા છે કે જો લોનધારકો પોતાની નાણાકીય સ્થિતિ સુધારવાને બદલે જૂની લોનની ચૂકવણી કરવા માટે નવી લોન લઈ રહ્યા હોય, તો ગિરવે મુકાયેલી અસ્કયામત મર્યાદિત સુરક્ષા જ આપી શકે છે.ગોલ્ડ લોન ક્ષેત્રની એનબીએફસીના સુત્રોના જણાવ્યા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સમગ્ર ઉદ્યોગમાં આપવામાં આવેલી કુલ ગોલ્ડ લોનમાંથી ૧૫થી ૨૩ ટકા લોન એવા ગ્રાહકોને આપવામાં આવી હતી, જેમના ખાતામાં



અન્ય ઓછામાં ઓછી એક લોન પર ૯૦ દિવસથી વધુ સમયથી બાકી રકમ ચાલી રહી હતી. તેમણે આ પ્રકારની લોનની કુલ કિંમત આશરે રૂ. ૪.૭ લાખ કરોડ હોવાનો અંદાજ લગાવ્યો હતો.રિઝર્વ બેંકના આંકડા દર્શાવે છે કે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં દાગીના સામે એનબીએફસીની બાકી લોન વાર્ષિક ધોરણે ૬૯.૧% વધીને રૂ. ૩.૬૫ લાખ કરોડ થઈ હતી; જ્યારે બેંકોની લોન ૮૩.૨% વધીને રૂ. ૫.૫૯ લાખ કરોડ થઈ હતી. એવો અંદાજ છે કે FY૨૬માં વહેંચાયેલી ગોલ્ડ લોનમાંથી ૧૫-૨૩% એવા ગ્રાહકો પાસે ગઈ જેમના અન્ય લોન ખાતા ૯૦ દિવસથી વધુ સમયથી ઓવરડયુ હતા. દેવાની પુન:ચુકવણી માટે સંઘર્ષ કરી રહેલા ઉધાર લેનારાઓ, પોતાની આવક કે નાણાકીય સ્થિતિ સુધાર્યા વિના માત્ર જૂની લોન ભરવા માટે અન્ય સંસ્થા પાસે સોનું ગિરવે મૂકી રહ્યા હોઈ શકે છે. હોમ લોન પછી ગોલ્ડ લોન ભારતની બીજી સૌથી મોટી રિટેલ લેન્ડિંગ કેટેગરી બની ગઈ છે, જે નોન-હાઉસિંગ રિટેલ લોન બુકમાં લગભગ ૨૮ ટકા હિસ્સો ધરાવે છે.ધિરાણકર્તાઓએ સોના દ્વારા મળતી સુરક્ષાથી આગળ વધીને લોન લેનારની પુન:ચુકવણી ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની જરૂર છે. જોકે ગિરવે મુકાયેલું સોનું ધિરાણકર્તાઓને તેમની બાકી રકમ વસૂલવામાં મદદ કરી શકે છે, પરંતુ તે ગ્રાહકો પર સતત વધી રહેલા દેવાના જોખમને દૂર કરતું નથી.

બેંકો અને એનબીએફસી જે ઝડપે ગોલ્ડ લોન વિસ્તારી રહ્યા છે તે જોતાં આ બાબતો અત્યંત મહત્વપૂર્ણ છે. આરબીઆઈના ડેટા મુજબ, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં બેંકોની ગોલ્ડ લોન વાર્ષિક ધોરણે ૮૩ ટકા વધીને આશરે રૂ. ૫.૬ લાખ કરોડ થઈ હતી, જ્યારે એનબીએફસીની લોન ૬૯ ટકા વધીને આશરે રૂ. ૩.૬ લાખ કરોડ થઈ હતી.

## AIને કારણે લિસ્ટેડ માર્કેટ કેપમાં ૧૦૦ અબજ ડોલરનો ઉમેરો થશે

મુંબઈ : ભારતમાં ઊભરી રહેલા આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ક્ષેત્રને કારણે દેશની લિસ્ટેડ માર્કેટ કેપિટલાઈઝેશનમાં આગામી બેથી પાંચ વર્ષમાં ૫૦ અબજ થી ૧૦૦ અબજ ડોલરનો ઉમેરો થઈ શકે છે. ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ)ના પ્રવાહને ધ્યાનમાં રાખતા ગોલ્ડમેન સાચ્સની આ ધારણાં આવી પડી છે.હાલની ૭૦ જેટલી નાની મોટી ખાનગી એઆઈ કંપનીઓમાંથી ૨૫થી ૫૦ ટકા આગામી બેથી પાંચ વર્ષના ગાળામાં જાહેર ભરણાં લાવશે તેવી શકયતા છે. આ કંપનીઓ તેમના હાલના અંદાજિત મૂલ્ય કરતા ચાર ગણા વેઈટેડ એવરેજ વેલ્યુએશને બજારમાં આવશે તેવો અંદાજ મુકાઈ રહ્યો છે. આને કારણે ભારતની લિસ્ટેડ એઆઈ કંપનીઓના વ્યાપમાં વધારો થશે. ભારતની એઆઈ સ્ટાર્ટઅપ્સ માટે પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) ફન્ડિંગ ૨૦૨૪થી અત્યારસુધીમાં ત્રણ ગણું થયું છે. કુલ પીઈ ફન્ડિંગમાં એઆઈનો હિસ્સો ચાર ગણો વધી વીસ ટકા જેટલો થઈ ગયો છે. એઆઈ ફન્ડિંગ માટે ભારત હવે પ્રથમ છ ક્રમની યાદીમાં આવી ગયું છે. ગોલ્ડમેન સૅશના અંદાજ મુજબ, આગામી 2-5 વર્ષમાં ભારતમાં AI ક્ષેત્રના કારણે લિસ્ટેડ માર્કેટ કેપિટલાઈઝેશનમાં $50-100 બિલિયનનો વધારો થશે. હાલની 70 ખાનગી AI કંપનીઓમાંથી 25-50% IPO લાવશે. આ કંપનીઓ 4 ગણા વેલ્યુએશન સાથે બજારમાં આવશે, જે ભારતીય AI કંપનીઓનો વ્યાપ વધારશે. AI સ્ટાર્ટઅપ્સ માટે PE ફંડિંગ 3 ગણું વધ્યું છે.

## એમ. કે. સન્સ ફાઈન જ્વેલ્સ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 28 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે

મુંબઈ | એમ. કે. સન્સ ફાઈન જ્વેલ્સ લિમિટેડે ('Company' or 'MK Sons') પોતાના ઈક્વિટી શેરનો આઈપીઓ જાહેર કર્યો છે. આ ઓફરમાં 1,36,00,000 ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર શેરધારક રામચંદ મુરલીધર રૈમલાણી દ્વારા 34,00,000 ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર સામેલ છે. એમ. કે. સન્સ ફાઈન જ્વેલ્સ લિમિટેડ રિટેલ વેચાણ પર ધ્યાન કેન્દ્રિત કરતી જ્વેલરી કંપની છે. વર્ષ 2012થી કંપની પોતાના રિટેલ શોરૂમની ચેઈન મારફતે સોના, હીરા અને ક્યુબિક ઝિર્કોનિયા (સીઝેડ) જ્વેલરીની વિવિધ શ્રેણીઓનું માર્કેટિંગ અને વેચાણ કરે છે. હાલમાં કંપની મુંબઈમાં ત્રણ અને અમદાવાદમાં બે શોરૂમ ચલાવે છે. 30 જૂન, 2026ના રોજ આ પાંચેય શોરૂમનો કુલ કાર્યરત વિસ્તાર 6,513 ચોરસ ફૂટ હતો. આઈપીઓમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ મહારાષ્ટ્રમાં એક નવો શોરૂમ શરૂ કરવા અને ગુજરાતમાં હાલના શોરૂમના વિસ્તરણ માટે જરૂરી માલસામાનની ખરીદીના ખર્ચને પહોંચી વળવા માટે કરવામાં આવશે. આ ઉપરાંત, કંપનીએ લીધેલી કેટલીક લોનની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી કરવા અથવા સમય પહેલાં ચૂકવવા તેમજ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે પણ આ રકમનો ઉપયોગ કરવાની દરખાસ્ત છે. કંપની પાસે ડાઈવર્સિફાઈડ જ્વેલરી પોર્ટફોલિયો ધરાવે છે, જેમાં સ્ટોક કીપિંગ યુનિટ્સ (એસકેયુ) તરીકે ઓળખાતી 19,442થી વધુ અલગ અલગ પ્રોડક્ટ શ્રેણીઓનો સમાવેશ થાય છે. કંપનીની કિંમત નક્કી કરવાની વ્યૂહરચના વિશાળ ગ્રાહકવર્ગને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. કંપનીની જ્વેલરીની શરૂઆતની કિંમત અંદાજે રૂ. 11,000 છે, જ્યારે તેમાં ઊંચી કિંમત ધરાવતી પ્રીમિયમ જ્વેલરીનો પણ સમાવેશ થાય છે. કંપનીની આવક નાણાંકીય વર્ષ 2024માં રૂ. 2,173.23 મિલિયનથી વધીને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 5,387.36 મિલિયન થઈ હતી. આ સમયગાળા દરમિયાન આવકમાં સીએજીઆર 57.45 ટકા રહ્યો હતો. કંપનીનો ચોખ્ખો નફો નાણાંકીય વર્ષ 2024માં રૂ. 81.65 મિલિયનથી વધીને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 517.99 મિલિયન થયો હતો. આ સમયગાળા દરમિયાન ચોખ્ખા નફાનો સીએજીઆર 151.87 ટકા રહ્યો હતો.

## દિવાળીની પૂર્વ સંધ્યાની ભેટ: ૬,૫૦૦ મેટ્રીક ટન ચાંદીની આયાતને મંજૂરીના કારણે ચાંદીના ભાવ તૂટશે

અમદાવાદ : એક તરફ ચાંદીના ભાવ તૂટી રહ્યાં છે તો બીજી તરફ આગામી છ માસમાં ૬,૫૦૦ મેટ્રિક ટન ચાંદીની આયાત કરવાનો નિર્ણય લેવાતા ચાંદીનો ભાવોમાં હજુ ઘટાડો થવાની સંભાવના છે. તહેવારોની મોસમમાં વૃધતી માંગને પહોંચી વળવા માટે ભારતે આગામી છ મહિના માટે આશરે ૬,૫૦૦ મેટ્રિક ટન ચાંદીની આયાતને મંજૂરી આપી છે, તેમ ન્યૂઝ એજન્સી દ્વારા અહેવાલ આપવામાં આવ્યો છે.પરમિટ મેળવનારા ચાર બુલિયન ડીલરોએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે આ મંજૂરીઓને કારણે વિશ્વનો સૌથી મોટો ચાંદીનો વપરાશકાર દેશ તહેવારોની વેચાણ મોસમ દરમિયાન રહેનારી માંગને સરળતાથી પૂરી કરી શકશે.અહીં એ નોંધવું જરૂરી છે કે ભારત તેની ચાંદીની જરૂરિયાતના ૮૦% થી વૃધુ પુરવઠા માટે વિદેશી આયાત પર નિર્ભર છે, જેના કારણે આયાતનો પ્રવાહ સ્થાનિક બજાર અને વૈશ્વિક કિંમતો માટે એક મહત્વપૂર્ણ પરિબળ બની રહે છે.આ વૃધારાની મંજૂરી વૈશ્વિક સ્તરે ચાંદીના ભાવને ટેકો આપી શકે છે, જ્યારે ભારતમાં ઊંચા પ્રીમિયમને નીચે લાવી શકે છે, જ્યાં તંગ પુરવઠાને કારણે સ્થાનિક ભાવ અધિકૃત બેંચમાર્ક કરતાં વૃધી ગયા હતા.સરકારે મે મહિનાના મધ્યમાં તાત્કાલિક અસરથી લગભગ તમામ સ્વરૂપોમાં ચાંદીની આયાત પર પ્રતિબંધો મૂક્યા હતા. જૂન મહિનામાં, આ પ્રતિબંધિત કેટેગરીનો વિસ્તાર કરીને તેમાં 'સિલ્વર ગ્રેન' (ચાંદીના દાણા) અને પાવડરનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, જેથી આ ઉત્પાદનો માટે પણ પૂર્વ આયાત મંજૂરી ફરજિયાત બની ગઈ હતી.ચાંદીના આયાતકારોએ જણાવ્યું હતું કે મંજૂર કરાયેલું આ પ્રમાણ આગામી છ મહિનાની ભારતની સંભવિત જરૂરિયાતો કરતાં ઘણું વૃધારે જણાય છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ વૃધારાનો પુરવઠો સ્થાનિક ભાવો ઘટાડવામાં મદદ કરશે.આ આયાત મંજૂરીઓ એવા સમયે આવી છે જ્યારે ભારત પોતાના વિદેશી મુદ્રા ભંડાર પરનું દબાણ ઘટાડવા અને રૂપિયાને મજબૂત કરવા માટે કિંમતી ધૃાતુઓની ખરીદી પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ પ્રયાસોના ભાગરૂપે સરકારે સોના અને ચાંદી પરની આયાત જકાત ૬% થી વૃધારીને ૧૫% કરી દીૃધી હતી.

## સપ્ટેમ્બરમાં દેશનું ક્રુડ આયાત બિલ ૪૭ ટકા વધી ૧૫.૪૦ અબજ ડોલર રહ્યું

મુંબઈ : ક્રુડ તેલના ભાવમાં ઉછાળાને પરિણામે સપ્ટેમ્બરમાં ભારતનું ક્રુડ ઓઈલઆયાત બિલ વાર્ષિક ધોરણે ૪૭ ટકા વધી ૧૫.૪૦ અબજ ડોલર રહ્યાનું પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટામાં જણાવાયું છે. પશ્ચિમ એશિયામાં તંગદિલી વધવાને કારણે ક્રુડ તેલના ભાવ ફરી ઊંચે ગયા છે.વોલ્યુમની દ્રષ્ટિએ સપ્ટેમ્બરમાં આયાત સાત ટકા વધી ૨.૧૭ કરોડ ટન રહી છે જે ૨૦૨૫ના સપ્ટેમ્બરમાં ૨.૦૩ કરોડ ટન જોવા મળી હતી.

સપ્ટેમ્બરમાં ભારતને ક્રુડ તેલની સરેરાશ આયાત કિંમત ૧૧૬.૦૯ ડોલર પ્રતિ બેરલ પડી હતી જે ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ૬૯.૬૧ ડોલર રહી હતી.




એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળાનું આયાત બિલ ૪૬.૪૦ ટકા વધી ૯૦.૬૦ અબજ ડોલર રહ્યું છે. ભારતની આયાતમાં ક્રુડ તેલ ટોચના ક્રમે રહે છે. દેશના માલસામાનના એકંદર આયાત બિલમાં ક્રુડનો હિસ્સો વીસ ટકા જેટલો રહે છે. વર્તમાન કટોકટીને ધ્યાનમાં રાખી ભારતે ઊંચા ભાવે પણ તેલ ખરીદવાનું ચાલુ રાખ્યુ છે જેથી ઘરઆંગણે ઉપલબ્ધતા જળવાઈ રહે.હોર્મુઝ ખાડી મારફત અવરજવર કરતા જહાજોના ટ્રાફિકમાં પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે ખલેલ પડતા તાજેતરના સમયમાં ક્રુડ તેલના ભાવમાં ફરી ઉછાળો આવ્યો છે.સપ્ટેમ્બરમાં પણ રશિયા ભારતનું ક્રુડ તેલનું મોટું પૂરવઠેદાર જળવાઈ રહ્યું હતું. ક્રુડની કુલ આયાતમાં ૩૫ ટકા હિસ્સો રશિયન ઓઈલનો રહ્યો હતો, એમ રિસર્ચ પેઢી કેપ્લરના ડેટામાં જણાવાયું હતું.ભારતને ક્રુડ તેલનો પૂરવઠો કરનારા ટોચના પાંચ દેશોમાં રશિયા ઉપરાંત ઈરાક, સાઉદી અરેબિયા, યુએઈ તથા કુવૈતનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બરમાં ભારતની ક્રુડ આયાતમાં ૭૦ ટકા આ પાંચ દેશો ખાતેથી થઈ હતી. ક્રુડ ઓઈલનું આયાત બિલ ૧૫.૪૦ અબજ ડોલર જ્યારે એલએનજી આયાત બિલ ૧.૨૦ અબજ ડોલર રહ્યું હતું. દેશની પેટ્રોલિયમ પ્રોડકટની નિકાસ ૪.૮૦ અબજ ડોલર રહી હતી.

## BITS ડિઝાઇન સ્કૂલે 2027 માટે અરજીપ્રક્રિયા શરૂ કરી

મુંબઈ | BITS ડિઝાઈન સ્કૂલ (BITSDES), મુંબઈએ પોતાનો ચાર વર્ષનો બેચલર ઓફ ડિઝાઈન (ઑનર્સ) પ્રોગ્રામ માટે અરજીપ્રક્રિયા શરૂ કરી દીધી છે. સ્કૂલ આ પ્રોગ્રામની બેચમાં 210 વિદ્યાર્થીઓને પ્રવેશ આપશે અને અરજી કરવાની અંતિમ તારીખ 31 જાન્યુઆરી, 2027 છે.ઉમેદવારોની પસંદગી BITS ડિઝાઈન એપ્ટિટ્યૂટ ટેસ્ટ (BITSDAT), UCEED અથવા NID DAT પ્રીલિમ્સમાં તેમના સ્કોરને આધારે થશે. એક કલાકની ઓનલાઈન ટેસ્ટ BITSDAT આપવી ફરજીયાત છે. આ માટે ટેસ્ટ સ્લોટ ઉપલબ્ધ થશે, જે 29 માર્ચથી 5 એપ્રિલ, 2027 વચ્ચે યોજાશે. ઉમેદવારોને 6 એપ્રિલથી 10 એપ્રિલ, 2027 વચ્ચે અરજી પોર્ટલ પર પોતાના પ્રારંભિક શિક્ષણનો સ્કોર અપલોડ કરવો પડશે. પ્રાપ્ત સ્કોરમાં સૌથી વધારે માર્કને આધારે શોર્ટલિસ્ટ ચાલુ રહેશે, જેની જાહેરાત 14 એપ્રિલના રોજ થશે. પસંદ થયેલા ઉમેદવારોને ડિઝાઈન પોર્ટફોલિયો રિવ્યૂ અને ઓનલાઈન ઈન્ટરવ્યૂમાંથી પસાર થવું પડશે. અંતિમ પ્રવેશની જાહેરાત 20 મે, 2027ના ર જ થશે. BITSDES પોતાની સુવિધા અનુસાર આ તારીખોમાં ફેરફાર કરવાનો અધિકાર ધરાવે છે. આ પ્રોગ્રામ એક એકથી વધારે શાખાનો દ્રષ્ટિકોણ અપનાવે છે, જેમાં ટેકનોલોજી, બિઝનેસ, જાહેર નીતિ અને અન્ય ક્ષેત્રોને શામેલ કરવામાં આવ્યા છે, જેથી વિદ્યાર્થીઓ વાસ્તવિક દુનિયાના જટિલ પડકારોનો સામનો કરવા સજ્જ થઈ શકે. ત્રીજા સેમિસ્ટર પછી વિદ્યાર્થીઓને પાંચ વિકલ્પોમાંથી એક પસંદ કરવાની તક મળશે - ફિઝિકલ પ્રોડક્ટ ડિઝાઈન, ડિજિટલ પ્રોજક્ટ ડિઝાઈન (UI/UX), ડિઝાઈન રિસર્ચ એન્ડ ઈનસાઈટ્સ, એક્સપિરિયન્સ ડિઝાઈન અને વિઝ્યુઅલ ડિઝાઈન. પ્રથમ ત્રણ સેમિસ્ટરના લર્નિંગ મોડ્યુલ્સને એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે, વિદ્યાર્થીઓ કોઈ પણ નિર્ણય લે એ અગાઉ આ પાંચ વિકલ્પોને સમજી શકે અને તેનો અનુભવ મેળવી શકે.

### સરકારની છૂટ છતાં સાકરની આયાત કરવામાં ટ્રેડરો ઉદાસીન

## ડયૂટી ફ્રી ખાંડની આયાત માટેની મુદત બે મહિના લંબાવી 31 ડિસેમ્બર સુધી કરાઈ

મુંબઈ : ડયૂટી ફ્રી ખાંડની આયાત માટેની મુદત બે મહિના લંબાવીને ૩૧ ડિસેમ્બર સુધી કરવામાં આવી છે. દેશમાં તહેવારો દરમિયાન ખાંડનો પૂરવઠો જાળવી રાખવા અને ભાવને અંકૂશમાં લેવા સરકારે દસ લાખ ટન ખાંડની ડયૂટી ફ્રી આયાતની છૂટ આપી છે.આ છૂટ વીસ ઓગસ્ટના જારી કરાયેલા એક નોટિફિકેશન મારફત અપાઈ હતી અને તેની મુદત ૩૧ ઓકટોબરના સમાપ્ત થઈ રહી હતી.સરકારની આ છૂટ છતાં સદર સ્કીમ હેઠળ માત્ર ત્રણ લાખ ટન ખાંડ જ આયાત થઈ હોવાનું જણાતા મુદત લંબાવવાનો નિર્ણય આવી પડયો હોવાનું માનવામાં આવે છે.છેલ્લા દસ દિવસમાં ઘરઆંગણે ખાંડના ક્વિન્ટલ દીઠ ભાવમાં રૂપિયા ૧૦૦૦નો વધારો થયો છે.ઘરઆંગણે ખાંડના ભાવ અંકૂશમાં રાખવા સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંને પરિણામે ભાવ હાલમાં નીચે ગયા છે. આવી સ્થિતિમાં ટ્રેડરોને ખાંડની આયાત કરવાનું વ્યવહારુ જણાતું નથી કારણ કે આયાતી ખાંડ મોંઘી પડી શકે છે.૨૦૨૬-૨૭ની ઓકટોબરથી સપ્ટેમ્બરની ખાંડ મોસમ માં ભારતમાં ઉત્પાદન ત્રણથી ચાર લાખ ટન નીચુ રહેવાની શકયતા છે. મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં પાછોતરો વરસાદ સામાન્ય કરતા નીચો રહ્યો છેજેને પરિણામે જળાશયોમાંથી શેરડીના પાકને પાણી પૂરવઠો મર્યાદિત જોવા મળી રહ્યો છે.અત્રે ઉલ્લેખનિય છે કે વર્તમાન વર્ષમાં અલ નિનોને કારણે શેરડીના ઉત્પાદન પર અસરને ધ્યાનમાં રાખી સરકારે જાહેર ક્ષેત્રના ઉપક્રમોને ખાંડમાંથી ઉત્પાદિત થયેલા ઈથેનોલ ખરીદવા માટે ટેન્ડર જારી કરવાથી દૂર રહેવા સૂચના આપી છે. શેરડીના નીચા ઉત્પાદનની સીધી અસર ખાંડ ઉત્પાદન પર પડે છે એ હકીકતને ધ્યાનમાં રાખી સરકારનો આ નિર્દેશ આવી પડયો છે.

## લોજીટેકે ભારતીય ગ્રાહકોને સ્થાનિક સ્તરે મેન્યુફેક્ચર થતી પ્રોડક્ટ્સ પૂરી પાડવા માટે 'મેક ઇન ઇન્ડિયા' વિઝનને વધુ મજબૂત બનાવ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.23

લોજીટેકે (SIX: LOGN) (NASDAQ: LOGI) આજે જાહેરાત કરી છે કે ભારતમાં સ્થાનિક મેન્યુફેક્ચરિંગ શરૂ થઈ ગયું છે, જેનું ઉત્પાદન હરિયાણાના માનેસરમાં થઈ રહ્યું છે. આ લોજીટેકના હાલના મેન્યુફેક્ચરિંગ ફૂટપ્રિન્ટના વ્યાપમાં વધુ વિવિધતા લાવે છે. આ પગલું ભારતમાં લોજીટેકની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે; કંપની સ્થાનિક ભાગીદારોના સહયોગથી અહીં પ્રોડક્ટ મેન્યુફેક્ચરિંગ અને એસેમ્બલી કરવાની ક્ષમતાઓ વિકસાવીને પોતાની સ્થાનિક કાર્યક્ષમતાનો વિસ્તાર કરી રહી છે. આ લોજીટેકની હાલની કાર્યકારી ક્ષમતાઓનો વિસ્તાર કરે છે, જેમાં ચેનલ મેનેજમેન્ટ, માર્કેટિંગ સપોર્ટ અને ચેન્નાઈ સ્થિત તેના ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરનો સમાવેશ થાય છે. આ વિસ્તરણ ભારત સરકારના 'મેક ઈન ઈન્ડિયા' વિઝનને એકદમ અનુરૂપ છે.આ કાર્યકારી વિસ્તરણ ભારતના ડિજિટલ પરિવર્તનના એક મહત્વપૂર્ણ તબક્કે આવ્યું છે. 2025માં લગભગ 970* મિલિયન ઈન્ટરનેટ સબ્સ્ક્રિપ્શન્સ અને વાર્ષિક પીસી સેલ્સ લગભગ 16 મિલિયન** સુધી પહોંચવા સાથે, લોજીટેક ભારતીય ગ્રાહકો માટે ડિજિટલ સફરનો ભાગ બનવા માટે સારી સ્થિતિમાં છે કારણ કે તેઓ મોટી સ્ક્રીન અને મોર્ડન વર્કસ્પેસના પ્રોડિક્ટિવિટી, ક્રિએટીવિટી, એર્ગોનોમિક અને વાયરલેસ લાભો ઉઠાવી શકે છે.એક સુવ્યવસ્થિત વિસ્તરણ રોડમેપ હેઠળ, સ્થાનિક ઉત્પાદનની શરૂઆત અમારા વેબકેમ અને પોઈન્ટિંગ




ડિવાઈસ કટેગરીઝમાં ઉચ્ચ માંગ ધરાવતા ડિવાઈઝથી થાય છે. આ પગલા પર ટિપ્પણી કરતા, લોજીટેકના ચીફ સપ્લાય ચેઈન ઓપરેશન્સ ઓફિસર શ્રી ચેનિન્ચેરીએ જણાવ્યું, લોજીટેક માટે ભારત એક વ્યૂહાત્મક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ બજાર છે. ભારતમાં અમારૂ પ્રથમ સ્થાનિક મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપિત કરવાથી અમે અમારા ભારતીય ગ્રાહકોની વધુ એક ડગલું નજીક પહોંચી ગયા છીએ. અહીં રિસર્સ&ડેવલપમેન્ટ, ચેનલ અને માર્કેટિંગ સપોર્ટમાં અમારી નોંધપાત્ર ઉપસ્થિતિ પહેલેથી જ છે. સ્થાનિક એસેમ્બલી અને પ્રોડક્શન અમને કાર્યકારી સ્ફૂર્તિ વધારવા, ટર્નઅરાઉન્ડ સમય ઘટાડવા, સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા તેમજ ભારતમાં વ્યવસાયો અને રોજિંદા વપરાશકર્તાઓની ઝડપથી વિકસતી જરૂરિયાતોને ઝડપથી પ્રતિભાવ આપવામાં મદદ મળે છે. આ સ્થાનિક કાર્યકારી ક્ષમતા સ્થાપિત કરતી વખતે, અમે સ્થાનિક ભાગીદારો સાથે મળીને કામ કરવા માટે ઉત્સુક છીએ.'લોજીટેક ખાતે પર્સનલ વર્ક સોલ્યુશન્સના વીપી અને જનરલ મેનેજર ડેલ્ફીન ડોને ઉમેર્યું, 'લોજીટેક માટે વૈશ્વિક સ્તરે ભારત એક મહત્વપૂર્ણ બેવડી ભૂમિકા ભજવે છે. આ પર્સનલ વર્ક સેલ્યુશન્સ માટેનું એક ઝડપથી વિકસતું બજાર છે અને ચેન્નાઈમાં આવેલુ અમારૂ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર, અમારા ડિઝાઈન-આધારિત સોફ્ટવેર તથા એઆઈ-ઈનેબલ્ડ હાર્ડવેરના ડેવલપમેન્ટમાં સહયોગ આપે છે. સ્થાનિક મેન્યુફેક્ચરિંગની શરૂઆત કરવી એ આ બજાર અને અહીંના અમારા ગ્રાહકો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. અમારી ઓપરેશનલ ફૂટપ્રિન્ટને મેક ઇન ઈન્ડિયા વિઝનને અનુરૂપ કરવાથી, અમે અમારા ગ્લોબલ ઈનોવેશન, ડિઝાઈન એક્સેલેન્સ અને ટકાઉ અભિગમને ભારતીય ગ્રાહકોની પહેલાં કરતાં વધુ નજીક લાવી શકીએ છીએ.

### રોજિંદી ચૂકવણી દ્વારા વંચિત બાળકોને શિક્ષણ પ્રાપ્ત થશે

## ભીમ પેમેન્ટ્સ એપે 'મીઠી દિવાલી' કેમ્પેઇન માટે 'ગૂંજ' સાથે સહભાગીદારી કરી

મુંબઈ | એનપીસીઆઈ ભીમ દ્વારા વિકસાવવામાં આવેલી ભારતની સ્વદેશી પેમેન્ટ એપ, ભીમ પેમેન્ટ્સ એપ તેના 'મીઠી દિવાલી' કેમ્પેઈનની ત્રીજી આવૃત્તિ સાથે અનેક લોકોના જીવનમાં તહેવારોની ઉજવણીનો પ્રકાશ ફેલાવી રહી છે. 19 ઑક્ટોબરથી 8 નવેમ્બર દરમિયાન યુઝર દ્વારા એપ પર દર સાતમું ટ્રાન્ઝેક્શન કરવા પર ભીમ પેમેન્ટ્સ એપ શિક્ષણમાં સહાયની જરૂરિયાત અનુભવતા બાળકોને સ્કૂલ કિટ્સ પૂરી પાડવા માટે યોગદાન આપશે.આ કેમ્પેઈન માટે ભીમ એપે 'ગૂંજ' સાથે સહભાગીદારી કરી છે. ગૂંજ એક નાગરિક અને વિકાસલક્ષી સંસ્થા છે, જે સમગ્ર ભારતમાં ઘણાં લાંબા સમયથી શિક્ષણ, સામુદાયિક વિકાસ અને હોનારતોમાં રાહત પૂરી પાડવા સહિતનાં ક્ષેત્રોમાં વિવિધ પહેલ હાથ ધરવા માટે જાણીતી છે. આ પ્રકારની પહેલ હાથ ધરતી વખતે લોકોનું ગૌરવ અને સન્માન જળવાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આ કેમ્પેઈન ગ્રાહકોને રોજિંદા ટ્રાન્ઝેક્શન માટે ભીમ એપ પસંદ કરવા અને વધુને વધુ બાળકો સુધી શિક્ષણ માટેની આવશ્યક સામગ્રી પહોંચાડવાના સામૂહિક પ્રયાસનો હિસ્સો બનવા માટે પ્રોત્સાહિત કરે છે.દિવાળીનો આનંદ સૌની સાથે મળીને ઉજવણી કરવામાં, નવી શરૂઆતની આશામાં અને આ આનંદ આપણા પોતાના સુધી સીમિત ન રહી અન્ય લોકો સુધી પણ પહોંચે ત્યારે આ આનંદમાં થતાં અનેકગણા વધારામાં રહેલો છે. આ વર્ષે ભીમ એપ આ ઉષ્માભર્યા ભાવને વર્ગખંડો સુધી પહોંચાડી રહી છે, જ્યાં સ્કૂલ કિટ જેવી સામાન્ય લાગતી વસ્તુ પણ વંચિત બાળકોના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકે છે. આ પહેલ ડિજિટલ ચૂકવણીને રોજિંદા જીવનનો હિસ્સો બનાવવાની સાથે સમાજમાં સાર્થક પરિવર્તન લાવવાની તકો ઊભી કરવા પ્રત્યે ભીમ એપની કટિબદ્ધતા દર્શાવે છે. તે 'ભારત કા અપના પેમેન્ટ્સ એપ' પાછળના વિચારને પણ વધુ મજબૂત બનાવે છે કે, રોજિંદી અને સહજ લાગતી એક નાનકડી ક્રિયા પણ મોટા પરિવર્તનમાં યોગદાન આપી શકે છે અને દિવાળીની ઉજવણીનો આનંદ વધુને વધુ લોકો સુધી પહોંચાડી શકે છે.

### નાતાલ માટે અમેરિકા ખાતેથી મોટા ઓર્ડર મળવાની આશા

## અમેરિકાના ડયૂટી લાગુ નહીં કરવાના નિર્ણયથી જ્વેલરી નિકાસકારોને રાહત

મુંબઈ : ભારતના માલસામાન પર ૧૦૦ ટકા ડયૂટી લાગુ કરવાની દરખાસ્તને અમેરિકાએ મોકૂફ રાખતા દેશના જેમ એન્ડ જ્વેલરી નિકાસકારોને અમેરિકા ખાતેથી નવા ઓર્ડરમાં વધારો થવાની આશા જાગી છે.અમેરિકામાં ફુગાવો વધી જતા ટ્રમ્પે રશિયા પાસેથી ડીઝલ ખરીદવાની જાહેરાત કરી છે એટલું જ નહીં રશિયા પરના પ્રતિબંધો પણ હળવા કર્યા છે. ટ્રમ્પના આ નિર્ણયથી વર્તમાન નાતાલની મોસમ સારી રહેવાની અપેક્ષા છે એમ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.અમેરિકા તરફથી ટેરિફની ચીમકીઓને કારણે ભારતના જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગે અન્ય નિકાસ મથકો તરફ નજર દોડાવવાનું શરૂ કર્યુ હતું જેને પરિણામે જેમ અને જ્વેલરીની નિકાસ વૃદ્ધિ સપ્ટેમ્બરમાં જળવાઈ રહી હતી અને ગત મહિને ડોલરની દ્રષ્ટિએ નિકાસ વાર્ષિક ધોરણે ૯.૪૩ ટકા વધી ૨.૯૫ અબજ ડોલર રહી હતી જ્યારે રૂપિયાની દ્રષ્ટિએ નિકાસ ૧૮.૨૪ ટકા વધી રૂપિયા ૨૮૧૫૭.૫૫ કરોડ રહી હતી એમ કાઉન્સિલ દ્વારા તાજેતરમાં જારી એક નિવેદનમાં જણાવાયું હતું.

વર્તમાન વર્ષના એપ્રિલ-સપ્ટેમ્બરના ગાળામાં જેમ એન્ડ જ્વેલરીની નિકાસ ડોલરની દ્રષ્ટિએ ૩.૦૭ ટકા વધી ૧૪.૩૦ અબજ ડોલર રહી છે જ્યારે રૂપિયાની દ્રષ્ટિએ વાર્ષિક ધોરણે ૧૩.૪૦ ટકા વધી રૂપિયા ૧૩૬૦૬૮.૨૭ કરોડ રહી હતી.

અનિશ્ચિત વૈશ્વિક વેપાર વાતાવરણ છતાં, ભારત ખાતેથી જેમ અને જ્વેલરીની નિકાસ વૃદ્ધિ પ્રોત્સાહક રહી હોવાનું નિવેદનમાં જણાવાયું હતું.ભારત-યુકે વચ્ચે વેપાર કરાર તથા હોંગકોંગ, સિંગાપુર તથા ફ્રાન્સ જેવી મુખ્ય બજારોમાં પણ મજબૂત કામગીરી જોવા મળી છે.નવેમ્બરમાં અમેરિકામાં વચગાળાની ચૂંટણી યોજાવાની છે ત્યાંસુધી ટ્રમ્પ ટેરિફમાં વધારો નહીં કરે તે નિશ્ચિત હોવાથી અમેરિકાના આયાતકારોએ જેમ એન્ડ જ્વેલરીની મોટેપાયે આયાત ઓર્ડર આપવાનું શરૂ કરી દીધું હોવાનું સ્થાનિક સુત્રોએ જણાવ્યું હતું.

### રેપો રેટમાં 0.25 ટકાનો વધારો કરીને તેને 5.50% કર્યો

## આ તો માત્ર શરૂઆત છે... હજુ વધી શકે છે લોનના હપ્તા! વ્યાજ દરો વધારવા મુદ્દે RBIમાં ખેંચતાણ

મુંબઈ :આરબીઆઈએ મોંઘવારીના દબાણને કારણે રેપો રેટમાં 0.25%નો વધારો કરીને 5.50% કર્યો છે. નાણાકીય નીતિનું વલણ પણ તટસ્થમાંથી વધુ કડક બનાવ્યું છે. આ નિર્ણય મોંઘવારીને નિયંત્રિત કરવા માટે લેવાયો છે, જે 5.54% પર પહોંચી છે. ભવિષ્યમાં વ્યાજદરમાં વધુ વધારાની શક્યતા છે, જેનાથી હોમ અને કાર લોન મોંઘી થઈ શકે છે. જોકે, આર્થિક વિકાસ પર તેની અસર અંગે મતભેદ છે. દેશમાં મોંઘવારીનું દબાણ વધતાં ભારતીય રિઝર્વ બૅંક (RBI) સામે વ્યાજદર અંગેનો પડકાર વધી રહ્યો છે. RBIએ લગભગ ચાર વર્ષ બાદ રેપો રેટમાં 0.25 ટકાનો વધારો કરીને તેને 5.50% કર્યો છે. સાથે જ નાણાકીય નીતિનું વલણ પણ તટસ્થમાંથી વધુ કડક બનાવ્યું છે. નાણાકીય નીતિ સમિતિ MPC)ની બેઠકની કાર્યવાહીની વિગતો પરથી સંકેત મળે છે કે મોંઘવારીને કાબૂમાં રાખવા ભવિષ્યમાં વ્યાજદરમાં વધુ વધારો કરવાની જરૂર પડી શકે છે. જોકે, ઝડપથી વ્યાજદર વધારવાથી આર્થિક વિકાસ પર અસર થવાની ચિંતા પણ છે.RBIની નાણાકીય નીતિ સમિતિએ આ મહિને સર્વસંમતિથી રેપો રેટમાં 25 બેઝિસ પોઈન્ટનો વધારો કર્યો હતો. આ સાથે રેપો રેટ 5.50% થયો છે. નીતિનું વલણ પણ 'ન્યુટ્રલ'માંથી 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' કરવામાં આવ્યું છે. આ ફેરફાર મોંઘવારીને અંકુશમાં રાખવા વધુ કડક પગલાં લેવાની તૈયારીની શરૂઆત હતી. રેપો રેટ એ વ્યાજદર છે, જેના પર RBI બૅંકોને ધિરાણ આપે છે. તેમાં વધારો થાય તો બૅંકો માટે નાણાં મેળવવાનો ખર્ચ વધી શકે છે. તેની અસર હોમ લોન, કાર લોન અને અન્ય ધિરાણના વ્યાજદર પર પડી શકે છે. જોકે, ગ્રાહકોના વ્યાજદરમાં કેટલો અને ક્યારે ફેરફાર થશે તે બૅંકોના નિર્ણય તથા લોનની શરતો પર આધારિત રહેશે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે કાચા તેલના ભાવમાં વધારો અને ચોમાસામાં ઓછા વરસાદને કારણે ખાદ્ય ચીજવસ્તુઓની મોંઘવારીનું દબાણ વધ્યું છે. સપ્ટેમ્બર 2026માં ભારતમાં છૂટક મોંઘવારીનો દર વધીને 5.54% થયો હતો. આ દર બજારના અંદાજ કરતાં વધુ હતો અને RBIની 6%ની ઉપલી મર્યાદાની નજીક પહોંચ્યો હતો. RBIએ ઑક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન સરેરાશ મોંઘવારી 6% રહેવાનો અંદાજ આપ્યો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, આસો સુદ - 13

# 'સૌરવ અને આશુ મારા કરતા મોટા નેતાઓ છે'

નવી દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ આશુતોષ રાંકા અને સૌરવ દાસને 7 દિવસના જેલવાસ બાદ જામીન મળ્યા છે. તેમણે જંતર મંતર પર કોઈ વિરોધ પ્રદર્શન ન કરવાનું કોર્ટમાં વચન આપ્યું. બીજી તરફ, ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ તરીકે જમ્મુ-કાશ્મીરના ધારાસભ્ય શગુન પરિહારની નિમણૂક થઈ છે. મહારાષ્ટ્રમાં નીતેશ રાણે અને સંજય રાઉત વચ્ચે શાબ્દિક યુદ્ધ ચરમસીમાએ છે.કોકરોચ જનતા પાર્ટીના નેતા આશુતોષ રાંકા અને સૌરવ દાસને ૭ દિવસોના જેલવાસ પછી જામીન મળી ગયા. સીજેપીના નેતાઓએ નવી દિલ્હીમાં એક વિશેષ કાર્યકારી મેજીસ્ટ્રેટની કોર્ટમાં સોગંદ આપ્યા છે કે તેઓ જંતર મંતર પર કોઈપણ પ્રકારના પ્રોટેસ્ટ કરશે નહીં. જોકે મેજીસ્ટ્રેટે એમની સામેની તપાસ ચાલુ રાખવા કહ્યું હતું. બંને નેતાઓ જેલમુક્ત થવાથી અભિજીત દિપકે ખુબ ખુશ થયા છે. એમણે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને કહ્યું છે કે, સૌરવ અને આશુ એમના કરતા વધુ સારા અને વધુ મોટા નેતા છે. મારા નેતાઓ તમારા હુકમનું પાલન કરવામાં મને ખુશી થાય છે. તમારા માટે મારો જીવ હાજર છે. જોકે કેટલાકને દિપકેની આ પોસ્ટ વધુ પડતી નાટકીય લાગે છે. બીજી તરફ ડર્યા વગર આંદોલન કરવાની વાતો કરનાર સૌરવ અને આશુતોષે કોર્ટમાં વચન આપ્યુ છે કે તેઓ શાંતિનો ભંગ કરશે નહીં અને ન્યાયપાલિકા અને ન્યાયતંત્ર પર એમને સંપૂર્ણ ભરોસો છે. તેઓ જંતર મંતર પર હવે કોઈ વિરોધ પ્રદર્શન કરશે નહીં.ભાજપે સંગઠનમાં કરેલી નવી નિમણૂક હેઠળ જમ્મુ-કાશ્મીરના ધારાસભ્ય શગુન પરિહારને પક્ષના યુવા વિંગ ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ નિમ્યા છે. શગુન પરિહારને લાગે છે કે મા ભગવતીના આશિર્વાદને કારણે એમને આ હોદ્દો મળ્યો છે. શગુન પરિહારે ખાસ કરીને ગૃહ મંત્રી અમિત શાહ અને બી એલ સંતોષનો આભાર માન્યો હતો. જે સ્વાભાવિક છે. શગુન પરિહાર કિશ્તવાડ વિધાનસભાની બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે અને જમ્મુ-કાશ્મીરમાં ભાજપનો સૌથી જાણીતો યુવા ચહેરો છે. તેઓ દિવંગત આરએસએસ નેતા અજીત પરિહારના પુત્રી છે. કિશ્તવાડ વિધાનસભા બેઠક પરથી પહેલી વખત ધારાસભ્ય બનેલા પરિહારની ગણના ભવિષ્યના રાષ્ટ્રીયસ્તરના નેતા તરીકેની થાય છે. ભાજપે પરિહાર સિવાય રાષ્ટ્રીયસ્તરના બીજા કેટલાક હોદ્દાઓ પર પણ નિમણૂક કરી છે. રાષ્ટ્રીય મહામંત્રી, રાષ્ટ્રીય મંત્રી, ખજાનચી, સહખજાનચી, કાર્યાલય પ્રભારી, મીડિયા પ્રભારી અને સોશ્યલ મીડિયા પ્રભારીના પદ પર નિમણૂકો કરી છે. યુવા મોરચા રાષ્ટ્રીય કાર્યકારીણીમાં નિમણૂક પામેલા ૩૪ સભ્યોમાંથી ૫ ઉત્તર પ્રદેશના છે.મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી નીતેશ રાણે અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા સંજય રાઉત વચ્ચે શાબ્દિક યુદ્ધ પરાકાષ્ઠાએ છે. બોલવામાં બેફામ સંજય રાઉતના નિવેદનનો જવાબ નીતેશ રાણેએ એમની જ ભાષામાં આપ્યો છે. નીતેશ રાણેએ આરોપ મૂક્યો છે કે, ઉદ્ધવ ઠાકરે દાઉદ ઈબ્રાહીમની ભૂમિકા ભજવી રહ્યા છે. સંજય રાઉતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સરખામણી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇ સાથે કરી હતી. રાઉતની આ ટીકાનો જવાબ મહારાષ્ટ્ર ભાજપના કોઈ નેતાએ આપ્યો નહોતો. જોકે સમાચારમાં ચમકવા માટે હંમેશા તૈયાર નીતેશ રાણે બોલવામાં એમના પિતા નારાયણ રાણે જેવા જ છે. નીતેશ રાણેએ સંજય રાઉતને ત્વરીત જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે, જે રીતે દાઉદ ઈબ્રાહીમ માફિયાતત્વો, બાંગ્લાદેશી નાગરીકો અને રોહિંગ્યાઓને પ્રોત્સાહન આપતો હતો એવું જ ઉદ્ધવ ઠાકરે પણ કરી રહ્યા છે.સલમાન ખાનથી માંડીને ટાઇગર શ્રોફ ઉપર થયેલા ગોળીબાર માટે લોરેન્સ બિશ્નોઇ જવાબદાર હોવાનું બહાર આવે છે. લોરેન્સ બિશ્નોઇ ઘણા વર્ષોથી અમદાવાદની સાબરમતી જેલમાં કેદ છે. ઘણાને નવાઈ લાગે છે કે જેલમાં રહીને લોરેન્સ બિશ્નોઇ કઈ રીતે એમનું નેટવર્ક ચલાવે છે. જાણવા મળેલી માહિતી પ્રમાણે લોરેન્સ બિશ્નોઇ ગેંગના સાથીદારોની 'શેડો કેબિનેટ' વિદેશમાં છે. જેમ એક જમાનામાં દાઉદ ઈબ્રાહીમની ગેંગ કંપની બનાવીને કામ કરતી હતી એ રીતે લોરેન્સના નવા સભ્યોની ભરતી, ગુનાખોરીનું આયોજન, ફંડીંગ તેમજ સ્થાનિક સાગરીતો સાથે સંપર્ક જાળવી રાખવાનું કામ કરે છે. બિશ્નોઇની આ કેબિનેટમાં ટાઇસન બિશ્નોઇ, અનિલ પંડિત, હરમન સંધુ, હિમાંશુ સોનીપત, હરી બક્ષર છે. નેટવર્કના તમામ સભ્યો એક બીજા સાથે સોશ્યલ મીડિયાથી સંપર્કમાં રહે છે. આ જૂથ કોને ટાર્ગેટ કરવા તેમજ પૈસાની લેવડ-દેવડ કઈ રીતે કરવી એ કામગીરી પણ સંભાળે છે. ગેંગસ્ટર ગોલ્ડી ધિલ્લોન પણ આ નેટવર્કનો ભાગ હતો. જોકે અમેરિકાની જાસુસી એજન્સી એફબીઆઇએ કડકાઈથી કામગીરી શરૂ કરતા તે હમણા અજ્ઞાત સ્થળે જઈ રહ્યો છે.

# જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે ઘોડિયાઘરનો શુભારંભ, જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીએ નાના ભૂલકાના હસ્તે જ ઘોડિયાઘરને ખુલ્લુ મુકાવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩ જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી અને જિલ્લા કલેક્ટર કચેરીના અધિકારી-કર્મચારીઓના નાના ભૂલકાંઓ માટે ઘોડિયાઘરનો શુભારંભ કરવામાં આવ્યો છે.જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીએ એક નાના ભૂલકાના હસ્તે જ રંગબેરંગી અને બાળકોને મનગમતું વાતાવરણ મળી રહે તેવા સુસજ્જ ઘોડિયાઘરને ખુલ્લુ મુકાવ્યું હતું. આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌર, જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરા, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી બી.એસ. બારડ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ શીર્ષ અધિકારીશ્રીઓએ નાના ભૂલકાં ઓને ઘોડિયાઘરમાં આવકાર્યા હતા અને હળવાશથી નાના ભૂલકાંઓ સાથે વાતચીત કરી વાત્સલ્યભાવ વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત અને પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં ખૂબ મોટા પ્રમાણમાં કર્મચારીઓ કામ કરે છે. ખાસ કરીને ઘણા યુવા કર્મચારીઓ છે અને જ્યારે પતિ-પત્ની બંને સરકારી સેવા બજાવતા હોય ત્યારે બાળકોની સારસંભાળનો પણ એક પ્રશ્ન રહેતો હોય છે. ઉપરાંત, કેન્દ્ર અને રાજ્ય સરકારની સૂચનાઓ તથા કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખીને અહીં ઘોડિયાઘર શરૂ કરવામાં આવ્યું છે. જેથી અધિકારી-કર્મચારીઓના નાના ભૂલકાંઓને સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ મળી રહે તે માટે આ ઘોડિયાઘર શરૂ કરવામાં આવ્યું છે. જેથી કર્મચારીઓ પણ નિશ્ચિંતપણે સેવાઓ બજાવી શકે. નાના ભૂલકાઓની સાર સંભાળ માટે કેર ટેકર બહેનો પણ સેવારત રહેશે.આ ઘોડિયાઘરને બાળકોને પ્રિય એવા રંગબેરંગી કાર્ટૂન ચિત્રો લગાવીને સજ્જ કરવામાં આવ્યું છે. ઉપરાંત, બાળકોને ગમતું વાતાવરણ મળી રહે તે માટે અવનવી ગેમ્સ, રમકડાં વગેરે રાખવામાં આવ્યાં છે. આ ઘોડિયા ઘરને વન્ય પ્રાણીઓ, ફ્રુટ, ઘડિયા એબીસીડી વગેરેના આકર્ષક ચિત્રોથી સુસજ્જ બનાવવામાં આવ્યો છે. કલેક્ટર કચેરીમાં ઘોડિયાઘરની સુવિધા સંદર્ભે પ્રતિભાવ આપતાં નાયબ મામલતદાર અરુણાબેન તરૂણાબેન ભુતૈયાએ જણાવ્યું હતું કે, આ ઘોડિયાઘર શરૂ થવાથી ખાસ કરીને મહિલા કર્મચારીઓ પોતાની ફરજ સારી રીતે બજાવી શકવાની સાથે પોતાના બાળકોની પણ સારસંભાળ લઈ શકશે. તેમણે આ સુવિધા શરૂ કરવા માટે જિલ્લા કલેક્ટરશ્રી અને નિવાસી અધિક કલેક્ટરશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કલેક્ટર કચેરીના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એ.એન.ટી.એફ. અને સાપુતારા પોલીસની સંયુક્ત કાર્યવાહી.0.464 કિલો ગાંજો સાથે બે ની ધરપકડ.



ડાંગ | ડાંગ જિલ્લા પોલીસ દ્વારા નશીલા પદાર્થોના ગેરકાયદે સંગ્રહ, વેચાણ, વાવેતર અને હેરાફેરી સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.ત્યારે ડાંગ જિલ્લા એ.એન.ટી.એફ. (એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ) અને સાપુતારા પોલીસની સંયુક્ત ટીમે સાપુતારા પોલીસ મથકની હદમાં આવેલા જાખાના ગામેથી 0.464 કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે એક દંપતીને ઝડપી પાડ્યું છે. પોલીસે ગાંજા સહિત કુલ રૂ. 68,050નો મુદ્દામાલ કબજે કરી બંને આરોપીઓ વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ તથા નાયબ પોલીસ અધિક્ષક જે.પી. નલવાયા દ્વારા 'NO DRUGS IN SOUTH GUJARAT' અભિયાનને સફળ બનાવવા અને જિલ્લામાં નશીલા પદાર્થોની બદીને નાબૂદ કરવા માટે ગેરકાયદે માદક પદાર્થોનો સંગ્રહ, વેચાણ, વાવેતર તથા હેરાફેરી કરતા ઇસમો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.આ સૂચનાના અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. ચાવડા તથા ડાંગ એ.એન.ટી.એફ.ના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એમ.એસ. રાજપૂત અને તેમની ટીમે સાપુતારા પોલીસ મથકના સ્ટાફ સાથે સંયુક્ત રીતે કાર્યવાહી હાથ ધરી હતી.તા. 22 ઓક્ટોબર, 2026ના રોજ એ.એન.ટી.એફ.ના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એમ.એસ. રાજપૂત તથા તેમની ટીમ અને સાપુતારા પોલીસ મથકના સ્ટાફ દ્વારા સાપુતારા પોલીસ મથકની હદમાં આવેલા જાખાના ગામે હનુમાનજીના મંદિર પાસે જાહેર માર્ગ પર વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતુ.આ દરમિયાન એન.ડી.પી.એસ. સંબંધિત વોચ પણ રાખવામાં આવી રહી હતી.તે દરમિયાન અધૂરી રજિસ્ટ્રેશન નંબર પ્લેટ ધરાવતી એવેન્જર મોટરસાઇકલ પર સવાર એક પુરુષ અને એક મહિલા શંકાસ્પદ જણાતાં પોલીસે મોટરસાઇકલ અટકાવી બંનેની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બંનેની વચ્ચે મૂકેલી કાપડની થેલીમાંથી પ્લાસ્ટિકની થેલીમાં રાખેલો વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો.મહારાષ્ટ્રના વોન્ટેડ શખ્સ પાસેથી ગાંજો લાવ્યાની પ્રાથમિક વિગતોપોલીસે ઝડપાયેલા આરોપીઓની ઓળખ ગણેશભાઈ રમેશભાઈ માહલા (ઉંમર 33 વર્ષ, વ્યવસાયે ખેતીકામ) અને હંસાબેન ગણેશભાઈ માહલા (ઉંમર 29 વર્ષ, વ્યવસાયે ઘરકામ) તરીકે કરી છે.

# કચ્છને સ્વતંત્ર શિક્ષક ભરતી ઝોન જાહેર કરો - કોંગ્રેસ સેવાદળની પહેલી વાલી જાગૃતિ સભા યોજાઈ

મહેશ એલ. સોની નખત્રાણા

આજરોજ કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષ પ્રગતિબેન આહીર તેમજ કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી વી.કે. હુંબલના માર્ગદર્શન હેઠળ પહેલી વાલી જાગૃતિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ શ્રી રાજેશ સોનીએ જણાવ્યું હતું કે, કચ્છની મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની તીવ્ર ઘટ છે. કચ્છ બહારના શિક્ષકો ઉંચા મેરીટના આધારે કચ્છમાં નિમણૂક મેળવી લે છે, પરંતુ થોડા સમયમાં જ બદલી કરાવીને પોતાના વતનમાં જતા રહે છે. પરિણામે કચ્છની શાળાઓમાં શિક્ષક ઘટની સમસ્યા કાયમી બની ગઈ છે અને કચ્છના બાળકોના શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે.

સમગ્ર કચ્છ જિલ્લામાં તબક્કાવાર 'શિક્ષણ અંગે વાલી જાગૃતિ સભાઓ' યોજવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. જ્યાં સુધી કચ્છને સ્વતંત્ર શિક્ષક ભરતી ઝોન જાહેર કરી સ્થાનિક ઉમેદવારોની કાયમી ભરતી કરવામાં નહિ આવે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે.



આ પ્રસંગે કચ્છ જિલ્લા સેવાદળ પ્રમુખ રાજેશ સોની, નર્મદાબેન ખોખર, આત્મારામ સુઢા, રોબીન શાહ, મૂળજીભાઈ સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદા જિલ્લા પંચાયત માં ડિસ્ટ્રિક્ટ આયુષ સોસાયટીની કમિટીની સમીક્ષા બેઠક યોજાઈ

રાજપીપલા | નર્મદા જિલ્લા મથક રાજપીપળા સ્થિત જિલ્લા પંચાયત કચેરી, ખાતે નેશનલ આયુષ મિશન અંતર્ગત ડિસ્ટ્રિક્ટ આયુષ સોસાયટીની રચના કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત જિલ્લા પંચાયત કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે એક્ઝિક્યુટિવ કમિટીની સમીક્ષા બેઠક યોજાઈ હતી.પ્રાપ્ત માહિતી મુજબ આયુષ ની યોજાયેલ આ બેઠકમાં ચાલુ વર્ષ ૨૦૨૬-૨૦૨૭ દરમિયાન અત્યાર સુધી થયેલ વિવિધ કામગીરીઓ અને જિલ્લામાં આવેલ આયુષ્માન આરોગ્ય મંદિરમાં ચાલતી સેવાઓની સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે આયુર્વેદ શાખા દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ, શાખાના કર્મચારીઓ અને ખાલી જગ્યાઓ, આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાની કામગીરી, નેશનલ આયુષ મિશનની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધી થયેલ કામગીરી અને થયેલ ખર્ચની વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા આયુર્વેદ અધિકારી સહિત કમિટીના અન્ય સભ્યો અને આયુષ શાખાના સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચીફ ઓફિસરની નિમણૂક બાદ પણ તહેવારો ટાણે ફુવારાઓની જાળવણી અંગે સવાલો.

ડાંગ | ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારાને પ્રવાસીઓ માટે વધુ આકર્ષક બનાવવા વિવિધ વિસ્તારોમાં સુશોભિત ફુવારાઓ ઊભા કરવામાં આવ્યા છે. જોકે, સર્કિટ હાઉસ તરફ જતા માર્ગ પર આવેલો ફુવારો હાલમાં કાર્યરત નથી હોવાના દાવા સામે આવ્યા છે. આ અંગે નોટિફાઈડ એરિયા કચેરી દ્વારા સ્થળ નિરીક્ષણ કરી વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.પ્રાપ્ત માહિતી મુજબ, સાપુતારાના વિવિધ વિસ્તારોમાં આવેલા સુશોભિત ફુવારાઓની જાળવણીની જવાબદારી સંબંધિત હોટલોને સોંપવામાં આવી હોવાનું જણાવાય છે. સર્કિટ હાઉસ માર્ગ પરના ફુવારાની જવાબદારી સ્ટાર હોલીડે હોમને સોંપવામાં આવી હોવાનો પણ દાવો કરવામાં આવે છે. સ્થળ પર ફુવારો બંધ હોવાની સાથે તેની નજીક સ્ટાર હોલીડે હોમનું જાહેરાત બોર્ડ લગાવવામાં આવ્યું હોવાની માહિતી પણ સામે આવી છે. ફુવારાની જાળવણીની જવાબદારી કોઈ સંસ્થા અથવા હોટલને સોંપવામાં આવી હોય તો તેની કામગીરીની નિયમિત ચકાસણી કેવી રીતે થાય છે તે અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે. જો ફુવારો ખરેખર લાંબા સમયથી બંધ હોય, તો તેને ફરી કાર્યરત કરવા માટે કચેરી અથવા જવાબદાર સંસ્થા દ્વારા કયા પગલાં લેવામાં આવ્યા છે તે જાણવા યોગ્ય રહેશે.જાહેર સુવિધાઓની જાળવણી અંગે જવાબદારી નક્કી કરવા માટે સંબંધિત કરાર, મંજૂરી અથવા વહીવટી નોંધ




ઉપલબ્ધ છે કે નહીં તેની પણ તપાસ થવી જોઈએ.જેમાં જવાબદારી સોંપવામાં આવી હોવાની માહિતીની સત્તાવાર પુષ્ટિ થયા બાદ જ કામગીરી અંગે નિષ્કર્ષ કાઢી શકાય. હાલમાં દિવાળીના તહેવારો દરમિયાન સાપુતારામાં પ્રવાસીઓની અવરજવર વધવાની શક્યતા હોવાથી ફુવારાઓ સહિત પ્રવાસન સ્થળોની અન્ય સુવિધાઓની સ્થિતિનું નિરીક્ષણ કરવું જરૂરી છે.જેથી નોટિફાઈડ એરિયા કચેરી સ્થળ પર તપાસ કરી ફુવારો કાર્યરત છે કે નહીં, જાળવણીની જવાબદારી કોની છે અને કોઈ ખામી હોય તો તેને દૂર કરવા માટે સમયમર્યાદા શું છે તે જાહેર કરે તેવી અપેક્ષા ઉઠી રહી છે .સાપુતારા નોટિફાઈડ એરિયા કચેરીના કાયમી ચીફ ઓફિસર દ્વારા સર્કિટ હાઉસ માર્ગ પરના ફુવારા સહિત અન્ય સુશોભિત ફુવારાઓ અને પ્રવાસીઓ માટેની સુવિધાઓનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવે તેવી માગ ઉઠી રહી છે. નિરીક્ષણ બાદ વાસ્તવિક સ્થિતિ, જાળવણીની જવાબદારી અને જરૂરી સુધારાત્મક પગલાં અંગે સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવે તો ચર્ચાતી બાબતો અંગે સ્પષ્ટતા થઈ શકે.આ મુદ્દે નોટિફાઈડ એરિયા કચેરી તેમજ સ્ટાર હોલીડે હોમનો પ્રતિભાવ મેળવવો જરૂરી છે. સંબંધિત પક્ષો તરફથી સ્પષ્ટતા મળ્યા બાદ જ ફુવારો કેટલા સમયથી બંધ છે, જાહેરાત બોર્ડ અંગે મંજૂરી છે કે નહીં અને જાળવણીમાં કોઈ બેદરકારી થઈ છે કે નહીં તે અંગે ચોક્કસ નિષ્કર્ષ કાઢી શકાશે.હવે જોવાનું એ રહેશે કે નોટિફાઈડ એરિયા કચેરી દિવાળી પહેલાં સ્થળ નિરીક્ષણ કરી આ મુદ્દે સત્તાવાર સ્થિતિ સ્પષ્ટ કરે છે કે નહિ અને જો ફુવારો બંધ હોવાનું સાચું જણાય તો તેને કાર્યરત કરવા માટે સમયસર પગલાં લેવામાં આવે છે કે નહી તે જોવું જ રહયુ..

### દિવ્યાંગજનો માટે કામ કરવું એ ભગવાનની સેવા કરવા સમાન: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

# પાલનપુરમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે ૪થી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપનો ભવ્ય પ્રારંભ: ૧૧ રાજ્યોના ૧૩૦ ખેલાડીઓ વચ્ચે જામશે બૌદ્ધિક જંગ

**સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પાલનપુર ખાતે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય ચેસ સ્પર્ધા :૧૧ રાજ્યોના 125 ખેલાડીઓ વચ્ચે જામશે બૌદ્ધિક મુકાબલો**

પાલનપુર | બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને દિવ્યાંગ ખેલાડીઓ માટેની રાષ્ટ્રીય કક્ષાની ૪થી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં દેશનાં ૧૧ રાજ્યોમાંથી આશરે ૧૩૦ જેટલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ પોતાની ટીમો સાથે ભાગ લઈ રહ્યા છે. આગામી ત્રણ દિવસ સુધી યોજાનારી આ સ્પર્ધાના અંતે રાષ્ટ્રીય વિજેતાઓની જાહેરાત કરવામાં આવશે.આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અંદાજે ૫૦ હજારથી વધુ દિવ્યાંગજનો છે. દિવ્યાંગજનોની જરૂરિયાતોને સમજવી, તેમના માટે કામ કરવું અને તેમના સુખ-દુઃખમાં સહભાગી બનવું એ આપણી સૌની સામાજિક જવાબદારી છે. મંત્રીશ્રીએ અમદાવાદના વસ્ત્રાપુર ખાતે આવેલી બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનની મુખ્ય શાખાની મુલાકાતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ત્યાં દિવ્યાંગ વ્યક્તિઓના જીવન, શિક્ષણ અને તેમની ક્ષમતાઓને સમજવા માટે વિશેષ ડાર્ક રૂમ બનાવવામાં આવ્યો છે. આ મુલાકાત દરમિયાન તેમને સમજાયું કે કુદરત જ્યારે વ્યક્તિ પાસેથી એક શક્તિ છીનવી લે છે, ત્યારે અન્ય શક્તિઓના વિકાસની સંભાવનાઓ પણ રહેલી હોય છે. દિવ્યાંગજનોને પોતાની ક્ષમતાઓ વિકસાવવા માટે યોગ્ય તક અને સુવિધાઓ પૂરી પાડવી એ માનવતાનું શ્રેષ્ઠ કાર્ય છે. દિવ્યાંગજનો માટે કાર્ય કરવું એ ભગવાનની સેવા કરવા સમાન છે.પાલનપુરના ધારાસભ્યશ્રી અનિકેત ઠાકરે જણાવ્યું હતું કે, પાલનપુરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૪થી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપનું આયોજન બનાસકાંઠા જિલ્લા માટે ગૌરવની બાબત છે. દેશના ૧૧ રાજ્યોમાંથી આશરે 125 જેટલા ખેલાડીઓની ભાગીદારી દિવ્યાંગ ખેલાડીઓની પ્રતિભા, આત્મવિશ્વાસ અને રમતગમત પ્રત્યેના સમર્પણને ઉજાગર કરે છે. ચેસ જેવી બૌદ્ધિક રમત ખેલાડીઓની એકાગ્રતા, નિર્ણયશક્તિ અને વ્યૂહાત્મક વિચારસરણીને વધુ મજબૂત બનાવે છે. આગામી ત્રણ દિવસ દરમિયાન યોજાનારી આ રાષ્ટ્રીય સ્પર્ધા ખેલાડીઓને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની ઉત્તમ તક પૂરી પાડશે. પાલનપુરની ધરતી પરથી રાષ્ટ્રીય વિજેતાઓની જાહેરાત થવી એ આપણા સૌ માટે આનંદ અને ગૌરવની ક્ષણ છે. દિવ્યાંગ ખેલાડીઓને સમાન તકો, પ્રોત્સાહન અને જરૂરી સુવિધાઓ પૂરી પાડીને તેમની પ્રતિભાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધારવા માટે સૌએ સહિયારા પ્રયાસો કરવા જોઈએ.આ રાષ્ટ્રીય કક્ષાની ચેસ ચેમ્પિયનશિપ દિવ્યાંગ ખેલાડીઓની રમતગમત ક્ષેત્રે રહેલી ક્ષમતાઓને પ્રોત્સાહન આપવા તેમજ તેમને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવા માટેનું મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે. પાલનપુર ખાતે યોજાતી આ સ્પર્ધા બનાસકાંઠા જિલ્લાની રમતગમત ક્ષેત્રેની ઓળખને વધુ મજબૂત બનાવવાની સાથે દિવ્યાંગજનો પ્રત્યે સકારાત્મક અભિગમ અને સમાવેશી સમાજના નિર્માણનો સંદેશ પણ આપે છે.આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ, સેવાભાવી સંસ્થાઓ, દિવ્યાંગ રમતવીરો, અગ્રણી નાગરિકો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.આર.પી. જૂથ-03, મડાણા ખાતે ગુજરાત રાજ્ય DGP કપ-૨૦૨૬ અંતર્ગત કબડ્ડી ક્લસ્ટર સ્પર્ધાનો ભવ્ય પ્રારંભ

- **કબડ્ડી અને ખો-ખો જેવી દેશી રમતો ભારતીય વારસાનું પ્રતીક: એસ.આર.પી. ગ્રૂપ-3 મડાણા ખાતે કબડ્ડી ક્લસ્ટર સ્પર્ધાનું આયોજન**

પાલનપુર | રાજ્ય અનામત પોલીસ દળ, જૂથ-૦૩, મડાણા ખાતે કબડ્ડી ક્લસ્ટર સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહ જૂથ-૦૩, મડાણાના સેનાપતિશ્રી દિનેશસિંહ ચૌહાણના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. જૂથ-૦૩, મડાણાના સેનાપતિશ્રી દિનેશસિંહ ચૌહાણ દ્વારા સ્પર્ધાનો વિધિવત્ શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે, રમતગમતથી પોલીસ દળમાં શારીરિક તંદુરસ્તી, ટીમ સ્પિરિટ અને પરસ્પર સહકારની ભાવના મજબૂત બને છે. રાજ્યના વિવિધ શહેરો, જિલ્લાઓ, રેન્જ અને જેલ વિભાગમાંથી પોલીસ રમતવીરો એકત્રિત થયા છે, ત્યારે આ સ્પર્ધા ખેલદિલી, શિસ્ત અને પોલીસ દળની એકતાનું ઉત્તમ ઉદાહરણ બની રહેશે. કબડ્ડી અને ખો-ખો જેવી પરંપરાગત સ્વદેશી રમતોના મહત્ત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, આ રમતો ભારતીય સંસ્કૃતિ અને પરંપરાગત વારસાને જાળવી રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.ઉદ્ઘાટન સમારોહ દરમિયાન પોલીસ બેન્ડની સુમધુર સુરાવલી અને ભવ્ય આતશબાજી વચ્ચે વિવિધ ટીમો દ્વારા શિસ્તબદ્ધ ફ્લેગ માર્ચ પાસ્ટ રજૂ કરવામાં આવ્યો હતો. સ્પર્ધામાં ૦૯ પુરુષ અને ૦૮ મહિલા કબડ્ડી ટીમો તેમજ ૦૪ પુરુષ અને ૦૫ મહિલા ખો-ખો ટીમો સહિત વિવિધ શહેરો, જિલ્લાઓ, રેન્જ અને જેલ વિભાગની ટીમોએ ભાગ લીધો છે. આ પ્રસંગે જૂથના મદદનીશ સેનાપતિશ્રી આર.એલ. ડાંખરા, બનાસકાંઠા જિલ્લા કબડ્ડી એસોસિએશનના પ્રમુખ શ્રી રાકેશભાઈ પ્રજાપતિ તથા નેશનલ ખો-ખો કોચ શ્રી સંદીપભાઈ નાયક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં, મડાણા ખાતેની એસડીઆરએફ ટીમ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન દરમિયાન કરવામાં આવતી કામગીરી તથા તેમાં ઉપયોગમાં લેવાતાં સાધનોની પ્રદર્શન મારફતે માહિતી આપવામાં આવી હતી. સ્પર્ધાનું સમગ્ર દેશમાં નિહાળી શકાય તે માટે યુટ્યુબ મારફતે લાઇવ પ્રસારણની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# જાફરાબાદ ટીબી મુક્ત ભારત અંતર્ગત જાફરાબાદ તુર્કી મોહલ્લામાં ટીબી નિદાન કેમ્પ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભારત સરકાર અને ગુજરાત સરકારના ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦ અંતર્ગત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં મોટા પાયે ટીબી (ક્ષય) નિદાન અને જાગૃતિ અંગે જાફરાબાદના તુર્કી મોહલ્લામાં ટીબી નિદાન કેમ્પનું આયોજન કરાયું ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગની પહેલ છેવાડાના માનવી સુધી ટીબી રોગ અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ ઘરે-ઘરે જઈને ટીબી રોગનાં લક્ષણો, નિદાન અને સારવાર અંગે અપાઈ માહિતી ટીબી રોગની સમયસર ઓળખ અને સારવાર અંગે લોકોને કરાયા જાગૃત નિદાન કેમ્પમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ રહ્યા ઉપસ્થિત ડૉ. આઈ.જે. મોરી અને ડૉ. શકીલ ભટ્ટીની ઉપસ્થિતિમાં યોજાયો કેમ્પ સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદીપભાઈ જોષી સહિત આરોગ્ય કર્મચારીઓ જોડાયા FHW તક્ષશીલાબેન, અસ્મિતાબેન, ઉજાબેન, ધર્મિષ્ઠાબેન અને તમામ આશા બહેનોએ સેવાઓ આપી.

# પશ્ચિમ રેલ્વે રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ (DLC) ઝુંબેશ 5નું આયોજન કરે છે




પશ્ચિમ રેલ્વે 1 નવેમ્બરથી 30 નવેમ્બર, 2026 દરમિયાન ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) ઝુંબેશ 5નું આયોજન કરી રહ્યું છે, જે પેન્શનરો અને પરિવારના પેન્શનરોને તેમના જીવન પ્રમાણપત્રો સરળતાથી સબમિટ કરવામાં મદદ કરવા માટે પશ્ચિમ રેલ્વેના તમામ વિભાગો અને વર્કશોપમાં અનેક શિબિરોનું આયોજન કરવાનો પ્રસ્તાવ છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ પ્રેસ રિલીઝ અનુસાર, પ્રમાણપત્ર સબમિટ કરવાની પ્રક્રિયાને સરળ, ડિજિટલાઈઝ્ડ અને અનુકૂળ બનાવવામાં આવી છે, જેનાથી પેન્શનરો ભારતમાં ગમે ત્યાંથી અને ગમે ત્યારે, પેન્શન ઓફિસની મુલાકાત લીધા વિના તેમના ડિજિટલ જીવન પ્રમાણપત્રો જનરેટ કરી શકે છે. રેલ્વે પેન્શનરો સરળ 'ફેસ ઓથેન્ટિકેશન' ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોઈપણ Android અથવા iOS ઉપકરણ દ્વારા ડિજિટલ રીતે તેમનું જીવન પ્રમાણપત્ર સબમિટ કરી શકે છે. આ પહેલનો ઉદ્દેશ્ય પેન્શનરોને બેંકોમાં જવાની અને જીવન પ્રમાણપત્રો સબમિટ કરવા માટે લાંબી કતારોમાં ઊભા રહેવાની જરૂરિયાત ઘટાડવાનો છે.

છેલ્લા બે નાણાકીય વર્ષો દરમિયાન આયોજિત DLC કેમ્પોને પશ્ચિમ રેલ્વે પર ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે. બધા રેલ્વે પેન્શનરો અને કુટુંબ પેન્શનરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આ સુવિધાઓનો લાભ લે અને સમયમર્યાદાની રાહ જોયા વિના, તેમના જીવન પ્રમાણપત્રો અનુકૂળ અને નિર્ધારિત સમયમર્યાદામાં સબમિટ કરે. પેન્શનરો તેમના નજીકના DLC કેમ્પની મુલાકાત લઈ શકે છે, જ્યારે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અને અન્ય વિગતો સત્તાવાર વેબસાઈટ www.doppw.gov.in પર ઉપલબ્ધ છે.

### વડાપ્રધાનશ્રીના કાર્યક્રમને લઈને જીલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ

# ૩૦મી ઓક્ટોબરે વડાપ્રધાન બનાસકાંઠાની ધરા પરથી દેશભરના કરોડો ખેડૂતોને પી.એમ. કિસાન યોજનાના ૨૪માં હપ્તાની ભેટ આપશે

### ભીલડી ખાતેથી વડાપ્રધાનશ્રી બનાસ ડેરીના અત્યાધુનિક બોવાઈન બ્રીડિંગ સેન્ટરના લોકાર્પણ સહિત બનાસ ડેરીના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની આપશે સોગાદ








પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦મી ઓક્ટોબર ૨૦૨૬, શુક્રવારના રોજ બનાસકાંઠા જિલ્લાના ડીસા નજીક આવેલા ભીલડી ખાતે પધારનાર છે. વડાપ્રધાનશ્રીના આ કાર્યક્રમના સુચારુ આયોજન અને તૈયારીઓના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડાપ્રધાનશ્રીના આગમન, સુરક્ષા વ્યવસ્થા, કાર્યક્રમ સ્થળનું સંચાલન અને જનમેદનીની સુવિધા સહિતની બાબતો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દિલ્હીથી સીધા બનાસકાંઠાના ભીલડી ખાતે પહોંચશે અને બનાસકાંઠાની ધરા પરથી દેશભરના કરોડો અન્નદાતાઓ માટે 'પી. એમ. કિસાન સન્માન નિધિ' યોજનાનો ૨૪મો હપ્તો ડિજિટલી સીધો ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવીને મોટી ભેટ આપશે. આ ઐતિહાસિક ક્ષણે વડાપ્રધાનશ્રી વિશાળ જનમેદનીને સંબોધિત કરશે તેમજ બનાસકાંઠાની જીવાદોરી સમાન શ્વેતક્રાંતિની અગ્રેસર મહિલા દૂધ ઉત્પાદકો, પ્રગતિશીલ ખેડૂતો અને યુવાનો સાથે સીધો સંવાદ સાધીને તેમની સફળતા અને અનુભવો વિશે ચર્ચા કરશે.આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે બનાસ ડેરીના મહત્વપૂર્ણ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થશે. જેમાં મુખ્યત્વે ભીલડી ખાતે ૧૨૭ એકર વિસ્તારમાં ૩૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત 'ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર' (BBBRC) રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. આ કેન્દ્ર OPU-IVF અને ભ્રૂણ પ્રત્યારોપણ જેવી આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓથી સજ્જ છે, જે વાર્ષિક ૨૫,૦૦૦ ભ્રૂણ ઉત્પાદનના લક્ષ્ય સાથે દેશી પશુઓની ઓલાદ સુધારણા અને ઉત્પાદકતા વધારવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. આ ઉપરાંત બનાસ ડેરીના પાલનપુર સંકુલ ખાતે અત્યાધુનિક 'ઓટોમેટેડ સ્ટોરેજ એન્ડ રિટ્રીવલ સિસ્ટમ' (ASRS) તથા સણાદર સ્થિત બટાકા પ્રોસેસિંગ પ્લાન્ટના ક્ષમતા વિસ્તરણ પ્રોજેક્ટનું પણ લોકાર્પણ થશે. સાથોસાથ ગ્રીન એનર્જીને વેગ આપવા માટે રાધનપુર અને થરાદ ખાતે પશુઓના છાણ આધારિત બનાસ બાયો-CNG પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.આ પ્રસંગે અધિકારીઓને માર્ગદર્શન આપતાં કલેક્ટર શ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે સમગ્ર વહીવટી તંત્ર પરસ્પર ઉત્કૃષ્ટ સંકલન સાધીને સંપૂર્ણ સજ્જતા સાથે કામગીરી સુનિશ્ચિત કરે. તેમણે કાર્યક્રમ સ્થળે કાયદો-વ્યવસ્થા, ટ્રાફિક વ્યવસ્થાપન, પીવાના પાણી, આરોગ્ય અને ઈમરજન્સી સેવાઓ, પાર્કિંગ તેમજ ફાયર સેફ્ટી જેવી મૂળભૂત સુવિધાઓમાં લેશમાત્ર ક્ષતિ ન રહે તે દિશામાં આયોજન કરવા સંબંધિત વિભાગોને તાકીદ કરી હતી. તેમણે દૂધ ઉત્પાદકો, ખેડૂતો અને નાગરિકોને કાર્યક્રમ સ્થળે પહોંચવામાં કે પરત ફરવામાં કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે પ્રોટોકોલ મુજબની સુવ્યવસ્થિત વ્યવસ્થા ગોઠવવામાં આવે અને સમયપાલનનું ચુસ્તપણે પાલન થાય.આ સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.પી. પટેલ સહિત જિલ્લાના તમામ સંબંધિત ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડાપ્રધાનશ્રીના પ્રવાસને ધ્યાને રાખી નાંણી એરફોર્સ સ્ટેશન આસપાસ ૮ કિ.મી. વિસ્તાર "નો ફ્લાય ઝોન" જાહેર

### લાખણીના નાંણી એરફોર્સ સ્ટેશન વિસ્તારમાં ૨૯ અને ૩૦ ઓક્ટોબરે ડ્રોન સહિતના ઉડ્ડયન પર પ્રતિબંધ રહેશે



થરાદ | આગામી તારીખ ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકા સ્થિત નાંણી એરફોર્સ સ્ટેશન ખાતે વિમાન મારફતે ઉતરાણ કરનાર છે અને ત્યાંથી તેઓશ્રી હેલિકોપ્ટર મારફત ભીલડી ખાતે જનાર છે. વડાપ્રધાનશ્રી 'ઝેડ પ્લસ + એસપીજી' સુરક્ષા કવચ ધરાવતા હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ કલ્પેશ કુમાર શર્મા, IAS, ઈન્ચાર્જ જિલ્લા મેજિસ્ટ્રેટ, વાવ-થરાદ દ્વારા આ જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે.

આ જાહેરનામાં મુજબ લાખણી તાલુકાના નાંણી એરફોર્સ સ્ટેશનના સમગ્ર વિસ્તારને તેમજ તેની આસપાસના ૮ (આઠ) કિલોમીટરના ઘેરાવા સુધીના વિસ્તારને તારીખ ૨૯/૧૦/૨૦૨૬ ના કલાક ૦૦:૦૦ થી તારીખ ૩૦/૧૦/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ સુધી 'નો ફ્લાય ઝોન' તરીકે જાહેર કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન સંબંધિત સમગ્ર વિસ્તારમાં કોઈપણ પ્રકારના ડ્રોન, રિમોટ કંટ્રોલ્ડ ઉપકરણો કે અન્ય એરો સ્પોર્ટ્સ સાધનોના ઉડ્ડયન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ જાહેરનામાના કોઈપણ નિયમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની શિક્ષાને પાત્ર બનશે. વધુમાં, આ હુકમનું ઉલ્લંઘન કરનારા ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે વાવ-થરાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેમનાથી ઉપરી હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

## માનવસેવા અને જીવદયાને જીવનમંત્ર બનાવનાર નખત્રાણાના જેન્તીભાઈ દવે (જય ભગવાન)નો આજે જન્મદિવસ; સેવાભાવી વ્યક્તિત્વને મળી રહી છે શુભેચ્છાઓ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)



કોઈ ભૂખ્યાને ભોજન મળે, કોઈ જરૂરિયાતમંદને સહારો મળે અને કોઈ મૂંગા જીવને દાણા મળે, ત્યારે માનવતા જીવંત હોવાનો અહેસાસ થાય છે. આવી જ માનવતાની ભાવના સાથે જીવન જીવતા નખત્રાણા નગરની આંબેડકર કોલોનીમાં રહેતા જેન્તીભાઈ દવે (જય ભગવાન) વર્ષોથી માનવસેવા અને જીવદયાનાં કાર્યોમાં નિઃસ્વાર્થભાવે યોગદાન આપી રહ્યા છે.

જેન્તીભાઈ વર્ષોથી મંદબુદ્ધિ સહિતના જરૂરિયાતમંદ લોકો માટે જમવા-રહેવાની વ્યવસ્થા, ટિફિન સેવા તેમજ દિનદુઃખી વ્યક્તિઓને મદદરૂપ થવા જેવી સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. જરૂરિયાતમંદ લોકોને સહાય મળી રહે તે માટે તેઓ દાતાશ્રીઓ પાસેથી દાન મેળવી જરૂરિયાતમંદો સુધી મદદ પહોંચાડવાનો સેવાયજ્ઞ પણ ચલાવે છે. તેઓ માનવ જ્યોત સહિતની વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાઈને સમાજસેવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.

માનવસેવાની સાથે જીવદયાની પણ અનોખી ભાવના (બોક્સ)

જેન્તીભાઈની સેવાભાવના માત્ર માનવીઓ પૂરતી સીમિત નથી. પશુ-પક્ષીઓ પ્રત્યે પણ તેઓ વિશેષ કરુણાભાવ ધરાવે છે. મંદિરે આવતા મોર સહિતનાં પક્ષીઓ માટે ચણની વ્યવસ્થા કરીને મૂંગા જીવો પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે. નાગલપર ફાટક નજીક આવેલા સંત શ્રી ત્રિકમ સાહેબના મંદિર પરિસરમાં પણ તેમનો નોંધપાત્ર સહયોગ રહ્યો છે.

'જીવનમાં કોઈને મદદરૂપ થવું એ જ સાચી માનવતા' – આ વિચારને જીવનમાં ઉતારીને જેન્તીભાઈ સેવાકાર્યો દ્વારા સમાજમાં માનવતા અને કરુણાની ભાવનાને જીવંત રાખી રહ્યા છે.

જન્મદિવસે શુભેચ્છાઓનો ધોધ

આજે જેન્તીભાઈ દવે (જય ભગવાન)ના જન્મદિવસ નિમિત્તે તેમને અનેક લોકો તરફથી હાર્દિક શુભેચ્છાઓ મળી રહી છે. તેમના સેવાભાવી વ્યક્તિત્વ અને માનવતાનાં કાર્યોને બિરદાવતાં શુભેચ્છકો તેમના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્યની શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

ઈશ્વર તેમને માનવસેવા અને જીવદયાનાં કાર્યો કરવાની વધુ શક્તિ આપે અને તેઓ હંમેશાં જરૂરિયાતમંદોના જીવનમાં આશાનું કિરણ બની રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના. જેન્તીભાઈ દવે (જય ભગવાન)ને જન્મદિવસની ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છાઓ!

માનવસેવા એ જ પ્રભુસેવા, જીવદયા એ જ સાચો ધર્મ!

## જાહેર રસ્તાઓના જતન, પર્યાવરણ સંરક્ષણ અને મૂંગા જીવોની સુરક્ષા માટે કચ્છ જિલ્લા કલેક્ટર સમક્ષ તપાસ અને કાર્યવાહી કરવાની લોકમાગ

જગદીશ પી. દવે |દેશલપર (ગુંતલી)



કચ્છમાં નમક ભરેલી ગાડીઓમાંથી રસ્તા પર ટપકતા ખારા પાણીને લઈને જાહેર રસ્તાઓના જતન, પર્યાવરણ સંરક્ષણ અને મૂંગા જીવોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. નમકના પરિવહન દરમિયાન વાહનોમાંથી ખારું પાણી રસ્તા પર ઢોળાય કે ટપકે તો તેના કારણે માર્ગોને નુકસાન થવાની સાથે આસપાસની જમીન અને વનસ્પતિ પર પણ વિપરીત અસર થવાની ભીતિ રહે છે. આથી આ બાબતે સંબંધિત તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તેવી લોકમાગ ઊઠી છે.નમકયુક્ત પાણી જમીન પર પડવાથી સ્થાનિક પરિસ્થિતિ અનુસાર જમીનની ગુણવત્તા અને વનસ્પતિને નુકસાન થઈ શકે છે. બીજી તરફ, ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓ પર વિચરતાં મૂંગાં પશુઓની સુરક્ષા અને જાહેર માર્ગોની સ્વચ્છતા જાળવવી પણ જરૂરી છે. તેથી નમકના પરિવહન દરમિયાન પૂરતી તકેદારી રાખવામાં આવે તે સમયની માંગ છે.નમકના પરિવહનમાં બેદરકારી ચલાવી લેવાય નહીં!નમકનું ઉત્પાદન અને પરિવહન રોજગાર તથા આર્થિક પ્રવૃત્તિ માટે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તેની સાથે પર્યાવરણ અને જાહેર સંપત્તિનું જતન કરવાની જવાબદારી પણ નિભાવવી જરૂરી છે. નમક ભરેલાં વાહનોમાંથી ખારું પાણી રસ્તા પર ન ટપકે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે અને વાહનોની નિયમિત ચકાસણી થાય તે જરૂરી છે.કલેક્ટરશ્રી ધ્યાન આપે, જવાબદારો સામે કાર્યવાહી થાયકચ્છ જિલ્લા કલેક્ટરશ્રી તથા સંબંધિત વિભાગોને અપીલ છે કે આ મુદ્દે યોગ્ય તપાસ કરાવી હકીકત બહાર લાવવામાં આવે. જો તપાસ દરમિયાન બેદરકારી કે નિયમભંગ જણાય તો જવાબદાર વાહનચાલકો અને સંબંધિત કંપનીઓ સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે. સ્થાનિક પોલીસ તથા સંબંધિત વિભાગો પણ પોતાના કાર્યક્ષેત્ર મુજબ જરૂરી પગલાં લે તેવી માંગ છે.પર્યાવરણનું જતન માત્ર સરકારી તંત્રની જ નહીં, પરંતુ દરેક નાગરિક અને ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોની પણ જવાબદારી છે. જાહેર રસ્તાઓને નુકસાન ન થાય, જમીન અને વનસ્પતિનું રક્ષણ થાય તથા મૂંગાં જીવોની સુરક્ષા જળવાઈ રહે તે માટે નમકના પરિવહનમાં જરૂરી તકેદારી રાખવી અનિવાર્ય છે.જીવદયા જ પરમધર્મ – રસ્તા બચાવો, પર્યાવરણ બચાવો અને મૂંગા જીવોનું રક્ષણ કરો.

# પહેલાં SBI પછી લ્લઘખભ અને હવે HDFC : હેકર્સના માર્કેટમાં તેજી

SBI, HDFC બેંક અને eMudhra જેવી સંસ્થાઓનો સંવેદનશીલ ગ્રાહક ડેટા ડાર્ક વેબ પર લીક થયો છે. SBI ના 3.75 લાખ રેકોર્ડ્સમાંથી 3,897 ગ્રાહકોની વિગતો લીક થઈ. HDFC બેંકના અધિકારીઓ સામે શંકા છે, જ્યારે eMudhra ની પ્રાઈવેટ કીઝ હેક થઈ છે. આ સાયબર હુમલાઓથી ઓનલાઈન ફ્રોડનું જોખમ વધ્યું છે. બેંકો પોલીસ તપાસ કરાવી રહી છે, પરંતુ જવાબદારી હજુ સ્પષ્ટ નથી. જેમની પાસે ડેટા પહોંચ્યો છે તે લોકો પસ્તી ભેગી નથી કરતા પણ સમયની રાહ જોઈને બેઠા હોય છે, ગમે ત્યારે તે ગ્રાહકોને ખંખેરી શકે છે SBI એ રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું કે ડાર્ક વેબ પર ઉપલબ્ધ આશરે ૩.૭૫ લાખ રેકોર્ડ્સના પ્રાથમિક પૃથ્થકરણમાં ૩,૮૯૭ ગ્રાહકોના સંવેદનશીલ રેકોર્ડ્સ મળી આવ્યા છે, જેમાં નોંધાયેલા મોબાઈલ નંબર, જન્મતારીખ, નામ, જેન્ડર, ઈમેઈલ આઈડી અને સરનામાનો સમાવેશ થાય છે. એચડીએફસી બેંકના બે અધિકારીઓ સામે શંકાની સોય એટલા માટે છે કે બેંકનો કેટલાક ડેટા તેણે લીક કર્યો છે. બેંકે બાંધી મુઠ્ઠી રાખી છે. ડેટા લીક કરનારા અધિકારીઓના નામ બહાર નથી આવ્યા. બેંકે પોલીસ તપાસ સોંપી છે. ઈમુધ્રા (eMudhra) એ તેનાગ્લોબલ સર્ટિફિકેટ્સ માટેની પ્રાઈવેટ કીઝ હેક થયાનો અહેવાલ આપ્યોછે. આનાથી ગેરકાયદેસર અનેઓનલાઈન ફ્રોડની ઘટનાઓનું જોખમ ઊભું થયું છે. - ઉપરના ત્રણેય મુદ્દા ઉપરાંત વ્યક્તિગતસ્તરે સાયબર ફ્રોડમાં લોકો લૂંટાઈ રહ્યા છે. વ્યકિતગત સ્તરે લોકો જાગૃત છે પરંતુ સિનિયર સિટિઝનો અને મહિલાઓ ડિજીટલ રેસ્ટની ધમકીને શરણે થઈ જાય છે. ઈમુધ્રા (eMudhra) એ તેનાગ્લોબલ સર્ટિફિકેટ્સ માટેની પ્રાઈવેટ કીઝ (private keys) હેક થયાની જાણકારી આપી છે.ભારતીય ડિજિટલ સર્ટિફિકેશન ઓથોરિટી ઈમુધ્રાએ જણાવ્યું છે કે તેની પબ્લિક કી ઈન્ફ્રાસ્ટ્રક્ચર (PKI)ના ૮ ઈન્ટરમીડિએટ CAસર્ટિફિકેટ્સ (જેમાં TLS અને કોડ-સાઈનિંગ સર્ટિફિકેટ્સ શામેલ છે) ની પ્રાઈવેટ કીઝ હેક થઈ છે. આ ઘટના ચિંતાજનક એટલા માટે છે કે ઈમુધ્રાના ગ્લોબલ TLS બિઝનેસનો કેટલોક હિસ્સાને અસર પહોંચી છે. જેનો ઉપયોગ કરીને સાયબર ગુનેગારો નકલી સર્ટિફિકેટ્સ બનાવી શકે છે, અસલી વેબસાઈટ્સનુંરૂપ ધારણ કરી શકે છે અને હુમલા કરી શકે છે. બ્રાઉઝર ગૂગલે ક્રોમમાં પ્રભાવિત પબ્લિક કીઝને બ્લોક કરી દીધી છેઅને બ્રાઉઝર મોઝિલા એ ઈમુધ્રાના ૬ પ્રભાવિત TLS ઈન્ટરમીડિએટ સર્ટિફિકેટ્સને બ્લોક કરી દીધા છે. બીજી તરફ, SBI એ ૧૬ ઓક્ટોબરે મળેલી ચેતવણી બાદ ખુલાસો કર્યો છે કે ડાર્ક વેબ પર તેના ગ્રાહકોની વ્યક્તિગત ઓળખ લીક થઈ છે પરંતુ કોઈ પણ ગ્રાહકે ચિંતા કરવાની જરૂર નથી. બેંકે ભલે કહ્યું કે સબ સલામત છે પરંતુ મહત્વનો ડેટા લીક થયો છે તે પણ સ્વિકાર્યું છે.એચડીએફસી બેંકના અધિકારીઓની પાલીસ તપાસ ચાલે છે. ડેટા લીક કરનારા અધિકારીઓ ક્યા હોદ્દા પર હતા અને ક્યો ડેટા સાયબર ચોરો સુધી પહેંચ્યો છે તે થોડા દિવસોમાં બહાર આવશે.ઈમુધ્રા ડિજિટલ સિગ્નેચર માટે સર્ટિફિકેટ્સ જારી કરે છે, જેનો ઉપયોગ તમામ પ્રકારના વ્યાપારીએકમો દ્વારા ઓનલાઈન વ્યવહારો માટે થાય છે.PKI માં પબ્લિક અને પ્રાઈવેટ કીઝ જેવા ઘણા ઘટકો હોય છે. TLS (ટ્રાન્સપોર્ટ લેયર સિક્યોરિટી) સટફિકેટ્સ, જે સામાન્ય રીતે HTTPS વેબસાઈટ્સ સાથે જોડાયેલા હોય છે, તે સિક્યોરિટી પ્રોટોકોલ્સનો સમૂહ છે જે બ્રાઉઝર અને એપ્સ વચ્ચે સુરક્ષિત રીતે ડેટા ટ્રાન્સમિશન સુનિશ્ચિત કરે છે.

# ભૂતકાળ નો એ દુઃખદ પ્રસંગ યાદ આવતા આજેપણ હું...

જીવન ના ઘટનાક્રમ ની ક્ષણે ક્ષણ ની યાદીઓ લખી પણ જેની સાથે જીવન ની સૌથી સુખદ ક્ષણો વિતાવી રહી છું એને અન્યાય કરીને ભૂતકાળ ની દુઃખદ ઘટના ને યાદ કરીને પેપર માં લખવા મથી પણ મારા શબ્દો મારાથી રિસાઈ જતાં એને પેપર પર અંકિત કરી ન શકી.

ઓહ!!સુહાગ,ભૂતકાળ નો એ દુઃખદ પ્રસંગ યાદ આવતા આજેપણ હું કેમ સેડ થઈ જાવ છું?સમજાતું જ નથી..

સુહાગ એ વંદના નો હાથ પોતાના હાથ માં લેતા કહ્યું કે ડીયર,લાગણીઓના બંધન તૂટતા જ સબંધોના આયુષ્ય ખત્મ થઈ જતા હોય છે. પ્લીઝ,મારા ખાતર એ વિતિ ચુકેલ દુખદ ઘટના ભૂલી જઈશ. આપણા બધાના જીવન ની વિચિત્રતા એ છે કે જન્મ અને મૃત્યુ ના ચક્રવ્યૂહ માં પૂર્વ નું વૃતાંત તો ભૂલી શકાય છે પરંતુ જન્મ બાદ ની સફર માં બનેલ દુખદ ઘટનાઓ ને માણસ જીવતે જી ભૂલવા પ્રયત્ન તો કરે છે પણ ભૂલી શકાતી નથી હોતી.

ઉદાસ ચહેરે વંદના બોલી કે સુહાગ,તારી વાત એકદમ સાચી છે પણ શું કરું? આપણા લગ્ન ના દસ વર્ષ બાદ પણ એ દુઃખદ પ્રસંગ ભૂલી શકાતો નથી.સગાઈ નો સબંધ એ માત્ર રિંગ સેરેમની થી સીમિત હોતો નથી એ બે વ્યક્તિ નો જીવનભર સાથ નિભાવવા નો નિર્ણય હોય છે.સગાઈ નો નિર્ણય ઉતાવળ માં થતો નથી હોતો બે પરિવાર અને બે વ્યક્તિ એ ગૂઢ ચિંતન કર્યા બાદ કરેલ ફેંસલો હોય છે. આજ સુધી મને એ વાત સમજતી નથી કે આઠ નવ મહિના ટકેલ સગાઈ બાદ અચાનક એવું તે શું બન્યું કે એણે સગાઈ તોડી નાખી? મને યાદ છે દસ વર્ષ પહેલા ની વાત અચાનક સવાર સવાર ના ફોન કરીને ધરમ ના મમ્મી એ કીધું કે માફ કરજો બહેન ખાસ કારણોસર વંદના અને ધરમ ની સગાઈ તોડવી પડશે.મમ્મી એ સગાઈ તોડવા નું કારણ પૂછ્યું ત્યારે આંટી એ કહ્યું કે સોરી,ધરમ ના ડેડી એ સગાઈ તોડવા નું કારણ આપવાની ના પાડી છે.

ઓહ!!સુહાગ, આ કારણોસર આજે પણ હું ખુદ ને દોષી ઠેરવી રહી છું આઠ નવ માસ બાદ સગાઈ તૂટતા સગા સબંધીઓ અને પાડોશીઓ એ મમ્મી પપ્પા ને પરેશાન કરી દીધા હતા. લગ્ન ના એક મહિના પહેલાં સગાઈ તૂટી હતી એટલે લગ્ન ની ઘણીખરી ખરીદી ઓ પણ થઈ ગઈ હતી. એક આખો રૂમ લગ્ન પ્રસંગ માટેની ચીજ વસ્તુઓ માટે આરક્ષિત થઈ ગયો હતો. મમ્મી પાપા અને નાની બહેન સિદ્ધિ અને વીરુ ભાઈ ના ચહેરા પરની ઉદાસી મારા દિલ ને વધારે દુઃખી કરતી હતી. સગાઈ તૂટ્યા બાદ કેટલાય દિવસો સુધી મારા રૂમ માં કેદ થઈ ને રહ્યા કરતી હતી મને સમજાતું નહતું કે મારાથી શું ભૂલ થઈ હશે?

સુહાગ એ વંદના ની આંખ માંથી વહેતા આંસુઓ રૂમાલ થી લૂછતાં કીધું કે વંદના,આ જમાના માં સગાઈ તો શું લોકોના અંગત સબંધો પણ વિના કારણ ચપટી માં તૂટતા રહેતા હોય છે.જ્યારે "સબંધો" મજબૂરી અને વિવશતા બની જતો હોય છે ને ત્યારે એનું આયુષ્ય ક્ષણિક રહી જતું હોય છે.બદલતા મોર્ડન જમાનામાં લાગણીઓ આગળ તકવાદ નું કદ મજબૂત બન્યું છે એટલે તો મોટાભાગ ના અગંત કે દૂર ના સબંધો માં લાગણી ની ખામી વર્તાઈ રહી છે. જે વંદના ને હું પ્રેમ કરું છું એ આ દુનિયા ની સૌથી લાગણીશીલ સ્ત્રી છે એટલે એ તૂટેલા સબંધ માં ખુદની ભૂલ કાઢે છે.તારા સૌંદર્ય, પ્રેમ અને લાગણી ને લાયક મુરતિયો હું હતો એટલે તો તારી સગાઈ તૂટ્યા ના બીજા મહિને આપણા લગ્ન ધામધૂમ થી થયા હતા.



સબંધો ની કિંમત

- રુપાલી દવે

વંદુ,જો તારા લાયક એ વ્યક્તિ હોત તો તને અને તારા પરિવાર ને દુઃખ પહોંચાડતા પહેલા વિચાર કરત.માન્યું કે એ દિવસો તારા જીવન ના અતિ દુઃખદ અસહ્ય દિવસો રહ્યા હશે પણ એનું આયુષ્ય ટૂંકું હતું એ વાત યાદ રાખીને તારે ભૂલવું પડશે.

મીઠું મધુરું મોહક સ્માઈલ કરતા વંદના એ સુહાગ ને કહ્યું કે ઓ હો ! ! સો રી બાબા,ભૂતકાળ ની એ દુખદ ઘટના યાદ આવી એટલે તમારા સાથે શેર કરી હતી. ડાયરી ના પેજ પર "મારો શું વાંક" લખ્યા બાદ મારા શબ્દો ખુદ મારાથી રિસાઈ ને બોલ્યા હતા કે તારો વાંક એ છે કે તું વર્તમાન ની ખુશીઓ પર ભૂતકાળ ને વાગોળ્યા કરે છે. જીવન ની સો ઘટનાઓ માંથી અમુક ઘટનાઓ પર માણસ નો કાબુ નથી હોતો એ અગાઉ થી નિર્મિત હોય છે.જેનું નિર્માણ નક્કી હોય એને ટાળી શકાતું નથી હોતું. શું કરું? એ દુઃખદ દિવસો માં તું મારા લાઈફ માં આવ્યો ન હોત તો સગા સબંધીઓ અને પાડોશીઓ મારા નામ પર આરોપો ની ડિક્સનરી લખી નાખત.

સુહાગ, આપણો સમાજ એ પચ્ચીસ મી સદી માં પણ વિચારોથી મોર્ડન બનશે નહી. જે સમાજ "સ્ત્રી" ની નાનકડી ભૂલ ને સ્વીકારવા તૈયાર નથી એ સમાજ વિના કારણ દીકરીઓની સગાઈ તૂટ્યા બાદ એની સુખ શાંતિ હણવા સજ્જ બની જાય છે. માન્યું કે આજે દીકરીઓ ના માતાપિતા ખૂબ મજબૂત મન ના અને મોર્ડન વિચારધારા ધરાવે છે પણ નબળા વિચારધારા ધરાવતા સમાજ ના લીધે એનાથી દીકરીઓ ના જીવન માં કશો ફર્ક પડતો નથી.આજે પણ માતા સીતાજી ની અગ્નિ પરિક્ષા અને ધોબી ની ટિપ્પણી સાંભળી ને ભગવાન રામ એ સીતાજી નો ત્યાગ કર્યો હતો એ વાત ને તાર્કિક દૃષ્ટિ થી સમજવા ના બદલે લૌકીક બનાવી ને ઉદાહરણ રૂપે પ્રસ્થાપિત કરવામાં આવે છે.

વંદના નું લાંબું ભાષણ સાંભળતા જ તાળીઓ પાડીને ખડખડાટ હસતા હસતા સુહાગ બોલ્યો કે સમાજ સુધારક વંદના શાસ્ત્રી તમારું ભાષણ પૂરું થયું હોય તો એક રિક્વેસ્ટ કરું..

શું?

સુહાગ એ વંદના ના ગુલાબી ગાલ પર કિસ કરતા કહ્યું કે શ્રીમતીજી,યાદ તો છે ને આજે રવિવારનો રજાનો દિવસ એટલે બપોરના બાર વાગ્યે તમારા પતિદેવ ની ભૂખ પેટ માં સમરાંગણ મચાવી દે છે."છોડો કલ કી બાતે કલ કી બાત પુરાની" આજે ભોજન માં શું બનાવ્યું છે? એ કહો..

વંદના એ ખડખડાટ હસતા હસતા મજાક માં ખાલી કુકર અને રસોઈ ના વાસણ દેખાડતા કહ્યું કે બાપરે,તમારા સાથે ચોળા ઝટકવા ની પંચાત માં રસોઈ બનાવતા તો ભૂલી જ ગઈ..હવે.. હવે..

વંદના નો હાથ પકડી ને પોતાના તરફ ખેંચતા સુહાગ બોલ્યો કે કંઈ વાંધો નહી ડીયર ચાલશે,આમ પણ મારી વંદુ ના મીઠા,મધુરા,મોહક હાસ્ય ને મેં મારા દિલ માં કેદ કરી લીધું છે એટલે એ પામ્યા બાદ મારો દિવસનો થાક અને ભૂખ પણ વિસરાઈ જાય છે. શરમાઈ ને વંદના એના સુહાગની બાહો માં સમાઈ ને ધીમે થી બોલી કે ખરેખર,સોરી સુહાગ મજાક કરતી હતી દર રવિવાર ની જેમ આજેપણ મેં મારા સુહાગની ભાવતી રસોઈ પૂરણ પોળી સાથે બટેટા નું શાક અને ઢોકળા બનાવ્યા છે..

# અરબાઝથી છૂટાછેડા બાદ અર્જુન કપૂર સાથે જોડાયું નામ

## હવે નવા સંબંધોની ચર્ચા; દીકરા અરહાનને પૂછ્યું- તે ક્યારે વર્જિનિટી ગુમાવી હતી?



(એજન્સી) મુંબઈ | તા.23

મલાઈકા અરોરા આજે પોતાનો 53મો જન્મદિવસ ઉજવી રહી છે. ગ્લેમરસ અંદાજ, ફિટનેસ અને બેબાક વ્યક્તિત્વ માટે જાણીતી મલાઈકાની ખાનગી જિંદગી પણ ચર્ચામાં રહી છે. અરબાઝ ખાન સાથેના લગભગ 19 વર્ષના લગ્નજીવન, છૂટાછેડા બાદ અર્જુન કપૂર સાથેના લાંબા સંબંધ અને બ્રેકઅપ પછી નવા લોકો સાથે નામ જોડાવા સુધી, તેમની લવ લાઈફ ચર્ચામાં રહી છે.

ડિનો મોરિયા સાથે તેમનું નામ જોડાયાની ચર્ચાઓ થઈ હતી, તો ડાયમંડ બિઝનેસમેન હર્ષ મહેતા અને અભિનેતા-મોડલ સોરાબ બેદી સાથેની તસવીરોએ ડેટિંગની અટકળોને વધુ વેગ આપ્યો હતો.

એપ્રિલ 2024માં પુત્ર અરહાન ખાનના પોડકાસ્ટમાં મલાઈકાનો એક સવાલ પણ વાયરલ થયો હતો. તેમણે પૂછ્યું હતું, 'તે તારી વર્જિનિટી ક્યારે ગુમાવી હતી?' અરહાનનું રિએક્શન અને ત્યારબાદ માતાને તેમના લગ્ન વિશે પૂછવું ચર્ચામાં રહ્યું હતું.

મલાઈકા અરોરાએ મોડેલિંગ અને ટેલિવિઝનથી કારકિર્દીની શરૂઆત કરી હતી. 1998માં આવેલી ફિલ્મ 'દિલ સે'ના ગીત 'છૈયા-છૈયા'માં તેમના ડાન્સથી તેમને દેશભરમાં ઓળખ મળી. ત્યાર બાદ 'મુન્ની બદનામ હુઈ' જેવા ગીતોએ તેમની લોકપ્રિયતા વધારી. તેમણે રિયાલિટી શોમાં જજ તરીકે પણ ઓળખ બનાવી અને ફિટનેસ, ફેશન તેમજ લાઈફસ્ટાઈલને લઈને ચર્ચામાં રહ્યાં.

મલાઈકાની વ્યાવસાયિક સિદ્ધિઓની સાથે તેમના અંગત સંબંધો પણ ચર્ચાનો વિષય રહ્યાં છે. અરબાઝ ખાન સાથે લગ્ન કર્યા બાદ તેઓ ઘણા વર્ષો સુધી ચર્ચિત સેલિબ્રિટી કપલનો ભાગ રહ્યાં. છૂટાછેડા બાદ અર્જુન કપૂર સાથેનો સંબંધ જાહેર થયો ત્યારે ઉંમરના તફાવત અને લગ્નની શક્યતાઓ અંગે સવાલો ઊઠ્યા.

અર્જુનથી અલગ થયા બાદ મલાઈકાની સાથે કોઈ પુરુષની તસવીર સામે આવતાં નવા સંબંધોની અટકળો શરૂ થઈ ગઈ. જાન્યુઆરી 2026માં 'ઈન્ડિયા ટુડે'ને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે સ્વીકાર્યું કે તેમના સંબંધોને લઈને સતત સમાચારો બનતા રહે છે. તેમણે કહ્યું કે જૂના અથવા પરિણીત મિત્ર કે મેનેજર સાથે બહાર નીકળે ત્યારે પણ તેમને તે વ્યક્તિ સાથે જોડી દેવામાં આવે છે. તેમણે આ દખલગીરીને 'બોર્ડરલાઈન વોયુરિઝમ' એટલે કે ખાનગી જીવનમાં હદથી વધુ ઝાંખવાની હરકત ગણાવી.

મલાઈકા અરોરા અને અરબાઝ ખાનની મુલાકાત જાહેરાતના શૂટિંગ દરમિયાન થઈ હતી. બંને એકબીજાની નજીક આવ્યા અને ડિસેમ્બર 1998માં લગ્ન કરી લીધા. તે સમયે મલાઈકા મોડેલિંગ ક્ષેત્રે પોતાની ઓળખ બનાવી રહી હતી, જ્યારે અરબાઝ અભિનેતા અને ફિલ્મ નિર્માતા તરીકે કામ કરી રહ્યા હતા. લગ્ન પછી બંને ઘણીવાર ફિલ્મી પાર્ટીઓ અને જાહેર કાર્યક્રમોમાં સાથે જોવા મળતા હતા. તેમના પુત્ર અરહાન ખાનનો જન્મ થયો. બંનેએ પરિવાર અને કારકિર્દી વચ્ચે સંતુલન જાળવીને ઘણા વર્ષો સાથે વિતાવ્યાં.

લાંબા સમય સુધી સાથે રહ્યા બાદ તેમના સંબંધોમાં અંતર આવી ગયું. માર્ચ 2016માં બંનેના અલગ થવાના સમાચાર સામે આવ્યા. છૂટાછેડાની પ્રક્રિયા બાદ 11 મે 2017ના રોજ મુંબઈની બાંદ્રા ફેમિલી કોર્ટે બંનેને કાયદેસર રીતે અલગ કરી દીધા.

'એનડીટીવી'ના 11 મે 2017ના અહેવાલ મુજબ, છૂટાછેડા પરસ્પર સંમતિથી થયા હતા. 'ઈન્ડિયા ટુડેએ' ઓગસ્ટ 2017માં મલાઈકાના એક ઈન્ટરવ્યૂને ટાંકીને જણાવ્યું હતું કે આ નિર્ણય તેમના માટે ભાવનાત્મક રીતે સરળ નહોતો.

સંબંધ પૂરો થયા બાદ મલાઈકા અને અરબાઝ પોતપોતાના જીવનમાં આગળ વધ્યા. અરબાઝે બાદમાં શૂરા ખાન સાથે લગ્ન કર્યા, જ્યારે મલાઈકાનું નામ અર્જુન કપૂર સાથે જોડાવા લાગ્યું.

અરબાઝથી અલગ થયા બાદ મલાઈકા અરોડા અને અર્જુન કપૂરની નિકટતાના સમાચાર આવવા લાગ્યા. બંને પાર્ટીઓ, ફિલ્મી કાર્યક્રમો અને રજાઓ દરમિયાન સાથે જોવા મળતા હતા. શરૂઆતમાં તેમણે પોતાના સંબંધ વિશે ખુલ્લેઆમ વાત કરી નહોતી, પરંતુ બાદમાં જાહેરમાં સાથે દેખાવા લાગ્યા.

મીડિયા અહેવાલો મુજબ, બંનેએ 2018ની આસપાસ ડેટિંગ શરૂ કર્યું હતું. 2019માં અર્જુનના જન્મદિવસ પર મલાઈકાની સોશિયલ મીડિયા પોસ્ટને સંબંધ જાહેર થવાનો મહત્વપૂર્ણ પડાવ માનવામાં આવ્યો.

અર્જુન અને મલાઈકાના સંબંધની સૌથી વધુ ચર્ચા તેમની ઉંમરના તફાવતને લઈને થઈ હતી. મલાઈકા ઉંમરમાં અર્જુન કરતાં મોટી છે, પરંતુ બંનેએ તેને પોતાના સંબંધમાં અડચણ બનવા દીધી નહીં. બંને એકબીજાને ટેકો આપતા અને સાથે રજાઓ માણતા જોવા મળ્યા હતા. તેમના સંબંધને લઈને લગ્નની અટકળો ચાલતી રહી હતી. મીડિયામાં ઘણી વખત બંનેના લગ્નના સમાચાર આવ્યા, પરંતુ તેમણે કોઈ તારીખ કે યોજનાની સત્તાવાર જાહેરાત કરી નહોતી.

જૂન 2024માં 'ઈન્ડિયા ટુડે'ના અહેવાલમાં મલાઈકાના ઈન્ટરવ્યૂને ટાંકીને જણાવાયું હતું કે તેમણે સાચા પ્રેમમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તે પ્રેમના વિચારને ક્યારેય છોડશે નહીં. તે સમયે તેમના અને અર્જુનના અલગ થવાની અટકળો તેજ બની રહી હતી.

2024માં મલાઈકા અને અર્જુનના સંબંધોમાં તિરાડ પડી હોવાના સમાચાર આવવા લાગ્યા. બંને પહેલાંની જેમ સાથે જોવા મળતા નહોતા. સોશિયલ મીડિયા પર તેમના સંબંધોને લઈને સવાલો ઉઠવા લાગ્યા. લાંબા સમય સુધી બંનેએ અલગ થવા અંગે ખુલ્લેઆમ કંઈ કહ્યું નહોતું.

ઑક્ટોબર 2024માં મુંબઈમાં રાજ ઠાકરેની દિવાળી પાર્ટી દરમિયાન અર્જુન કપૂરે સંબંધોને લઈને ચાલી રહેલી અટકળો પર વિરામ મૂકી દીધો. 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના અહેવાલો મુજબ, ભીડમાં લોકોએ મલાઈકાનું નામ લીધું, ત્યારે અર્જુને કહ્યું, 'ના, હવે હું સિંગલ છું, રિલેક્સ કરો.' તેમના નિવેદનને મલાઈકા સાથે લગભગ છ વર્ષ ચાલેલા સંબંધના અંતની જાહેર પુષ્ટિ માનવામાં આવી.

ત્યાર બાદ મલાઈકાએ જાહેર મંચ પર પોતાના અંગત જીવન અંગે ચર્ચા કરવાનું ટાળ્યું. ડિસેમ્બર 2024માં 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ને આપેલા એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે તેઓ અંગત જીવન વિશે જાહેર મંચ પર વાત કરવાનું પસંદ કરતી નથી, કારણ કે તેનાથી બિનજરૂરી અટકળો વધે છે. અર્જુન સાથેનો સંબંધ સમાપ્ત થયા બાદ પણ બંનેના સંબંધોને લઈને લોકોની રસપ્રદતા જળવાઈ રહી. બાદમાં મલાઈકાએ સ્પષ્ટ કર્યું કે તેમનું જીવન માત્ર પ્રેમસંબંધો સુધી મર્યાદિત નથી



# 'ઐશ્વર્યાને અડવાના મુદ્દે ભણસાલી સલમાન પર ભડક્યા હતા'

### અભિનેત્રી સ્મિતા જયકરે ફિલ્મ હમ દિલ દે ચૂકે સનમના શૂટિંગનો કિસ્સો જણાવ્યો

(એજન્સી) મુંબઈ | તા.23

અભિનેત્રી સ્મિતા જયકરે તાજેતરમાં જણાવ્યું કે ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ'ના શૂટિંગ દરમિયાન દિગ્દર્શક સંજય લીલા ભણસાલીએ સલમાન ખાનને ઠપકો આપ્યો હતો.

સ્મિતાએ કહ્યું કે ગીત 'આંખોં કી ગુસ્તાખિયાં'ના શૂટિંગ દરમિયાન સલમાને ઐશ્વર્યા રાય બચ્ચનની હાથને સ્પર્શ કર્યો હતો. આ દૃશ્યનો તે ભાગ નહોતો. અભિનેત્રીએ આ વાત સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીતમાં કહી.

સ્મિતા જયકરે ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ'માં ઐશ્વર્યાની પડદા પરની માતાની ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું કે ફિલ્મના શૂટિંગ દરમિયાન સલમાન અને ઐશ્વર્યાની નિકટતા વધી હતી.

સ્મિતાએ એ સમયને યાદ કરતાં કહ્યું, "તે સમયે તેમનો પ્રેમ વધી રહ્યો હતો. બંને પ્રેમમાં હતાં અને એન્જલ જેવા દેખાતાં હતાં. તે સમયે ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગતી હતી. આ ફિલ્મ માટે પણ ફાયદાકારક સાબિત થયું. એ જાદુ પડદા પર જોવા મળ્યો."

સ્મિતાએ જણાવ્યું, "બાકીના ક્રૂના સભ્યો ફરિયાદ કરતા હતા કે આ લોકો બહુ મોડા આવે છે. અમારી સવારે 7 વાગ્યાની શિફ્ટ છે અને અમે 10 વાગ્યા સુધી રાહ જોઈ રહ્યા છીએ. તેઓ હજી સુધી આવ્યા નથી, પરંતુ મને હંમેશાં લાગતું હતું કે જ્યારે તમે પ્રેમમાં હો, ત્યારે તમે શું કહી શકો?"

તેમણે આગળ કહ્યું, "તેઓ (સલમાન અને ઐશ્વર્યા) બંને સવારે 11 વાગ્યે સાથે આવતા હતા. તેમને પોતાની આસપાસની કોઈ પણ વસ્તુ અને આખો સેટ તેમની રાહ જોઈ રહ્યો છે, એ વાતનો અહેસાસ નહોતો, પરંતુ પ્રેમમાં આવું જ થાય છે." સ્મિતાએ 'આંખોં કી ગુસ્તાખિયાં'ના શૂટિંગનો એક પ્રસંગ પણ જણાવ્યો. આ ગીત 'હમ દિલ દે ચુકે સનમ'ના રોમેન્ટિક ગીતોમાં સામેલ હતું.



# અજમેર દરગાહ પહોંચ્યા બોલિવૂડ સ્ટાર રિતેશ દેશમુખ : પત્ની-બાળકો સાથે ઝિયારત કરી, ચાહકોમાં સેલ્ફી લેવાની હોડ મચી

અજમેર | બોલીવુડ અભિનેતા રિતેશ દેશમુખ શુક્રવારે પોતાની પત્ની જેનેલિયા દેશમુખ અને બાળકો સાથે વિશ્વપ્રસિદ્ધ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પર પહોંચ્યા.

અહીં તેમણે ખ્વાજા સાહેબની મઝાર પર ઝિયારત કરી અને દુઆ માંગી. રિતેશ દેશમુખના દરગાહ પર પહોંચ્યાની જાણ થતાં જ પ્રશંસકોની ભીડ એકત્ર થઈ ગઈ. લોકો પોતાના પ્રિય અભિનેતા સાથે સેલ્ફી લેવા માટે ઉત્સાહિત જોવા મળ્યા.

રિતેશ દેશમુખ અને તેમના પરિવારે પોલીસ સુરક્ષા વચ્ચે દરગાહમાં ઝિયારત કરી. આ દરમિયાન ખાદિમો દ્વારા તેમને ઝિયારત કરાવવામાં આવી. ઝિયારત બાદ તેમની દસ્તારબંધી કરવામાં આવી અને તબર્રુક ભેટ આપવામાં આવ્યું. ત્યારબાદ અભિનેતા પરિવાર સાથે કડક સુરક્ષા વચ્ચે દરગાહથી રવાના થઈ ગયા.

દરગાહમાં રિતેશ દેશમુખ અને તેમની પત્નીએ બોલિવૂડમાં સફળતા, તેમના આગામી પ્રોજેક્ટ્સની સફળતા અને પરિવારની ખુશહાલી માટે દુઆ માંગી. સાથે જ દેશમાં અમન-ચેન, શાંતિ અને ભાઈચારો જળવાઈ રહે તેવી કામના કરી. ખ્વાજા સાહેબની દરગાહમાં દેશ-વિદેશથી જૈરીનોના પહોંચવાનો સિલસિલો સતત ચાલુ રહે છે. બોલિવૂડની જાણીતી હસ્તીઓની હાજરી પણ અહીં પ્રશંસકો વચ્ચે આકર્ષણનું કેન્દ્ર બને છે.

રિતેશ દેશમુખને પોતાની વચ્ચે જોઈને પ્રશંસકો ઉત્સાહિત થઈ ગયા. ઘણા લોકો તેમની સાથે તસવીર લેવા અને સેલ્ફી પડાવવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા. જોકે, સુરક્ષા વ્યવસ્થાને કારણે અભિનેતા અને તેમના પરિવારની અવરજવર નિયંત્રિત રાખવામાં આવી.

# દિલજીતને દિલ્હીમાં શો કરવાની મંજૂરી નહીં

### પોલીસે સુરક્ષાના કારણોનો હવાલો આપ્યો; 30 ઑક્ટોબરે JLN સ્ટેડિયમમાં યોજાવાનો હતો શો



મુંબઈ | તા.23

ગાયક દિલજીત દોસાંઝના 30 ઑક્ટોબરે નવી દિલ્હીમાં યોજાનારા કૉન્સર્ટને દિલ્હી પોલીસે સુરક્ષા મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે.

જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં યોજાનારા આ કાર્યક્રમ અંગે પોલીસે સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાનો હવાલો આપ્યો છે.

દક્ષિણ જિલ્લા પોલીસે ટિકિટ બુકિંગ પ્લેટફોર્મ 'બુક માય શો'ને પત્ર મોકલીને અરજી નામંજૂર થવાની જાણકારી આપી છે.

દિલ્હી પોલીસના ડેપ્યુટી કમિશનરે 'બુક માય શો'ને લખેલા સત્તાવાર પત્રમાં જણાવ્યું કે 30 ઑક્ટોબરે જેએલએન સ્ટેડિયમમાં 'દિલજીત દોસાંઝ ઓરા ઈન્ડિયા ટૂર દિલ્હી'નું આયોજન કરવાની મંજૂરી આપી શકાય નહીં.

પોલીસે કૉન્સર્ટને મંજૂરી ન આપવા પાછળ બે મુખ્ય કારણો દર્શાવ્યાં છે. પોલીસના પત્ર અનુસાર, એજન્સીને ચોક્કસ સુરક્ષા જોખમો સાથે જોડાયેલા ઈનપુટ્સ મળ્યા છે.

આ ઉપરાંત, ચાલુ તહેવારોની સિઝનને કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર પર પહેલેથી જ ભારે દબાણ છે. આ બંને પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતાં આટલી મોટી ભીડવાળા કાર્યક્રમને મંજૂરી આપવી શક્ય નથી.

શીખ વિરોધી રમખાણોની વરસી હોવાથી તારીખ બદલાઈ હતી પહેલા આ શો 1 નવેમ્બરે યોજાવાનો હતો, પરંતુ પંજાબી પ્રમોશન કાઉન્સિલની અપીલ બાદ હવે તેને 30 ઓક્ટોબરે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 1984ના શીખ વિરોધી રમખાણો સાથે જોડાયેલી સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને તારીખ બદલવાની અપીલ કરવામાં આવી હતી.

કાઉન્સિલે પોતાના પત્રમાં કહ્યું હતું કે 1 નવેમ્બરનો દિવસ શીખ સમુદાયના અનેક પરિવારો માટે પીડાદાયક યાદો સાથે જોડાયેલો છે. 31 ઑક્ટોબર 1984ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા બાદ શીખવિરોધી રમખાણો ફાટી નીકળ્યા હતા. આ રમખાણોની યાદો આજે પણ પીડિત પરિવારો અને શીખ સમુદાય માટે સંવેદનશીલ છે.

# ફાયરિંગ બાદ ટાઈગર શ્રોફની ઈજાનો નવો વીડિયો

### જમણા હાથ પર જોવા મળ્યા કાચના ટુકડાથી થયેલાં ઘાના લાલ નિશાન; ટીમે કહ્યું- 'God Is Kind'



(એજન્સી) મુંબઈ | તા.23

એક્ટર ટાઈગર શ્રોફ પર જુહૂમાં થયેલા હુમલાના થોડા દિવસો બાદ તેમની ઈજાનો નવો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં ટાઈગરના જમણા હાથ પર ઘણા નાના ટપકાં જેવા અને લાલ રંગના ડાઘ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

એક્ટરની ટીમે વીડિયોનું કેપ્શન લખ્યું, 'ગોડ ઈઝ કાઈન્ડ' (ભગવાન દયાળુ છે). 18 ઑક્ટોબરે થયેલા હુમલામાં કાર પર થયેલા ગોળીબાર દરમિયાન કાચ વાગવાથી ટાઈગરને આ ઈજાઓ થઈ હતી.

મુંબઈમાં 18 ઓક્ટોબરે ટાઈગર શ્રોફની કાર પર ગોળીબારની ઘટના બની હતી. ટાઈગર ફૂટબોલ રમ્યા બાદ જુહુ વિસ્તારમાંથી નીકળી રહ્યા હતા, ત્યારે તેમની કાર પર ગોળીઓ ચલાવવામાં આવી હતી. આ ઘટનામાં ટાઈગરને ગોળી વાગી નહોતી, પરંતુ તેમના ડ્રાઈવર અને એક અન્ય વ્યક્તિ ઘાયલ થયા હતા. ત્યારબાદ ટાઈગરના ઘરની બહાર પણ સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

ટાઈગરને પોલીસ સુરક્ષા આપવામાં આવી છે. મુંબઈ પોલીસની પ્રોટેક્શન બ્રાન્ચે ટાઈગરની સુરક્ષા માટે બોડીગાર્ડ તહેનાત કર્યા છે. આ ઉપરાંત, સ્થાનિક પોલીસ સ્ટેશન તરફથી એક પોલીસ અધિકારી અને વધારાના જવાનોને પણ તેમની સુરક્ષામાં લગાવવામાં આવ્યા છે.

ટાઈગર પર ગોળીબાર કરનારા આરોપીઓએ જણાવ્યું હતું કે તેમણે અગાઉ અમિતાભ બચ્ચન, સલમાન ખાન, આમિર ખાન અને અક્ષય કુમારની રેકી કરી હતી, પરંતુ સુરક્ષા વધુ હોવાને કારણે યોજના બદલી નાખી હતી.

# કોટામાં ટાઈગર પર હુમલો કરનાર 3 આરોપીઓ કેવી રીતે ઝડપાયા...

## ટ્રેનના જનરલ કોચમાં પોલીસકર્મીઓ મુસાફર બનીને પહોંચ્યા, પ્લેટફોર્મ પર 5 મિનિટમાં જ ઓપરેશન પાર પાડ્યું



કોટા | મુંબઈમાં એક્ટર ટાઈગર શ્રોફ પર ફાયરિંગ કરીને ભાગી ગયેલા શૂટરોને કોટા પોલીસે ટ્રેનમાંથી માત્ર 5 મિનિટમાં જ પકડી લીધા હતા. જયપુર-પુણે ટ્રેન કોટા સ્ટેશન પહોંચે તે પહેલાં આરપીએફ અને કોટા પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે ત્રણેય આરોપીઓ કયા કોચમાં બેઠા છે. તે મુજબ આરપીએફ અને કોટા પોલીસે આયોજન કર્યું.

હકીકતમાં, જયપુર-પુણે ટ્રેનના કોટા સ્ટેશન પર પહોંચવાનો સમય સવારે 10:15 વાગ્યાનો હતો. ટ્રેન કોટામાં 10 મિનિટ રોકાય છે. કોટા પોલીસને સવારે 9:15 વાગ્યે અને આરપીએફને 9:30 વાગ્યે મુંબઈ પોલીસ તરફથી માહિતી મળી હતી. બંને ટીમો પાસે સ્ટેશન પહોંચ્યા બાદ આરોપીઓને પકડવા માટે આશરે એક કલાકનો સમય હતો.

RPF પોલીસ સ્ટેશનના અધિકારી ચૌપ સિંહ ડાવરે જણાવ્યું- હું સવારે 9:30 વાગ્યે રેલવેના આસિસ્ટન્ટ સિક્યુરિટી કમિશનર ઓમ પ્રકાશ રાવત સાથે પ્લેટફોર્મ 3-4 પર હતો. ત્યાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું હતું. તે જ સમયે મને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના IPS અધિકારીનો ફોન આવ્યો. તેમણે જણાવ્યું કે ટાઈગર શ્રોફ પર ફાયરિંગના આરોપીઓ પુણે-જયપુર ટ્રેનના જનરલ ડબ્બામાં મુસાફરી કરી રહ્યા છે. ટ્રેન કોટા સ્ટેશન પર પહોંચવાની છે. માહિતી મળતાની સાથે જ RPFના સબ-ઈન્સ્પેક્ટર સુમિત અને એક કોન્સ્ટેબલને સાદા વેશમાં ઘટનાસ્થળે મોકલ્યા. બાકીના તમામ 20 જવાનોને એલર્ટ કર્યા. ટ્રેન યાર્ડમાં પણ રેલવેના જવાનોને તહેનાત કર્યા.

ચૌપ સિંહ ડાવરે જણાવ્યું- ઓપરેશનલ વિભાગને સૂચના આપી કે જ્યાં સુધી આરોપીઓ પકડાઈ ન જાય ત્યાં સુધી ટ્રેનને આગળ ન વધારવામાં આવે. તેની સંપૂર્ણ દેખરેખ આસિસ્ટન્ટ સિક્યુરિટી કમિશનર ઓમ પ્રકાશ રાવત કરી રહ્યા હતા.

ટ્રેનમાં અને સ્ટેશન પર પણ ભીડ રહે છે. આવી સ્થિતિમાં પકડતી વખતે આરોપીઓ ફાયરિંગ કરી શકે છે અથવા નાસભાગ મચી શકે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને આરોપીઓવાળા કોચની આસપાસ સાદા વેશમાં જ જવાનોને તૈનાત કરવામાં આવ્યા.



# વિસ્ફોટક બેટ્સમેન શિખર મોહન કેએલ રાહુલની જગ્યાએ ટીમમાં સામેલ

**ઈન્ડિયા એએ ન્યૂઝીલેન્ડ એ સામેની બીજી અને ત્રીજી ચાર દિવસીય મેચ માટે ઝારખંડના ઓપનર શિખર મોહનને ટીમમાં સામેલ કર્યો છે. તે કેએલ રાહુલની જગ્યાએ રમશે....**

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ઝારખંડના ઓપનર શિખર મોહનને ન્યૂઝીલેન્ડ એ સામેની પહેલી બે ચાર દિવસીય મેચ માટે ઈન્ડિયા એ ટીમમાં બોલાવવામાં આવ્યો છે. 21 વર્ષીય ખેલાડી કેએલ રાહુલનું સ્થાન લેશે, જેને ન્યૂઝીલેન્ડ એ સામેની પહેલી ચાર દિવસીય મેચ રમ્યા બાદ વનડે ટીમમાં બોલાવવામાં આવ્યો હતો. ડાબોડી બેટ્સમેન વર્તમાન રણજી ટ્રોફી સીઝનમાં શાનદાર ફોર્મમાં છે, તેણે સતત બે સદી ફટકારી છે. શિખરે જમશેદપુરમાં કેરળ સામે 143 રન બનાવ્યા અને પછી પુણેમાં મહારાષ્ટ્ર સામે મેચ બચાવતી 127 રનની રમત રમી.શિખર મોહનના માર્ગદર્શક અને ઝારખંડના ભૂતપૂર્વ ક્રિકેટર ઈશાન જગ્ગીએ યુવા ખેલાડીની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે શિખર માટે આગળનું પગલું ભરવાનો આ યોગ્ય સમય છે. જગ્ગીએ કહ્યું, ‘આ ઉત્તમ સમય છે. તે સારા ફોર્મમાં છે. તેણે રણજી ટ્રોફીમાં બે સદી ફટકારી હતી. તેણે દુલીપ ટ્રોફી ફાઈનલ અને ઈરાની ટ્રોફીમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું.‘

**ઘરેલુ ક્રિકેટમાં ઉત્તમ પ્રદર્શન :** શિખરે 2025-26માં તેની ડેબ્યૂ સીઝનમાં 55.73 ની સરેરાશથી 613 રન બનાવ્યા હતા, જેમાં બે સદીનો સમાવેશ થાય છે. તેણે નવી સીઝનની ધમાકેદાર શરૂઆત પણ કરી હતી. જમશેદપુરના કીનન સ્ટેડિયમમાં કેરળ સામે ઝારખંડની પહેલી મેચમાં તેણે 143 રન બનાવ્યા હતા. ડાબા હાથના બેટ્સમેનએ દુલીપ ટ્રોફી ફાઈનલમાં પૂર્વ ઝોન માટે પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું, બંને ઈનિંગ્સમાં 85 અને 52 રન બનાવ્યા હતા. ત્યારબાદ તેણે ઈરાની ટ્રોફીમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા તરફથી રમતી વખતે શ્રીનગરની લીલી પીચ પર 60 રનની મજબૂત ઈનિંગ્સ રમી હતી.

જગ્ગીએ સમજાવ્યું કે શિખર મોહન છેલ્લા ચારથી પાંચ વર્ષથી સતત ફોર્મમાં છે અને તેણે વય-જૂથ ક્રિકેટમાં પણ પ્રભુત્વ મેળવ્યું છે. શિખરે પોતે સ્વીકાર્યું હતું કે તે ક્યારેક સારી શરૂઆતને મોટી ઈનિંગ્સમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ જાય છે, આ કાર્ય પર તે જગ્ગી સાથે કામ કરી રહ્યો છે. શિખરે યાદ કર્યું, ‘બોલનો સામનો કરતા પહેલા, હું મારી જાત સાથે વાત કરું છું. હું મારી જાતને બોલ જોવા અને ધ્યાન કેન્દ્રિત કરવાનું યાદ કરાવું છું. આનાથી મને ઘણી મદદ મળી છે.‘ તેણે ઉમેર્યું, ‘જગ્ગી ભાઈએ પણ મને આમાં મદદ કરી, ખાસ કરીને જ્યારે તે અંડર-19 ટીમ સાથે હતો. મેં એક સમયે એક બોલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું. આ અભિગમથી મને ખરેખર ઘણી મદદ મળી છે.‘જોકે, ઈશાન માને છે કે આ એક માનસિક અવરોધ છે જેનો સામનો રમતના મહાન ખેલાડીઓએ પણ કર્યો છે. તેણે કહ્યું, ‘દરેક વ્યક્તિ તે તબક્કામાંથી પસાર થયો છે. પરંતુ તમારે સમજવું પડશે કે તે સતત 70 અને 80 ના દાયકાનો સ્કોર કરી રહ્યો છે, જે કોઈ નાની સિદ્ધિ નથી. તે હજુ પણ કાચો છે અને તેને સુધારી શકાય છે, અને તેથી જ મેં કહ્યું કે આ કોલ-અપ યોગ્ય સમયે આવ્યો છે.‘ શિખર 26 ઓક્ટોબરે ન્યુઝીલેન્ડ જવા રવાના થશે અને ક્રાઈસ્ટચર્ચમાં ઈન્ડિયા એ ટીમમાં જોડાશે. બીજી ચાર દિવસીય મેચ 31 ઓક્ટોબરથી ત્યાં રમાશે.

**21 વર્ષીય ખેલાડી કેએલ રાહુલનું સ્થાન લેશે, જેને ન્યૂઝીલેન્ડ એ સામેની પહેલી ચાર દિવસીય મેચ રમ્યા બાદ વનડે ટીમમાં બોલાવવામાં આવ્યો હતો**

# જાપાનમાં પેરા એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીતી અંજના બુબડિયાએ ભારતનું નામ રોશન કર્યું




**પોશીનાના આંજણી ગામની અંજના બુબડિયાએ વિમેન્સ T47 400 મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો. વતન આંજણીમાં ખુશીનો માહોલ અને અભિનંદનની વર્ષા....**

(એજન્સી) જાપાન । તા. 23

સાબરકાંઠા જિલ્લાના એક અંતરિયાળ વિસ્તારમાંથી આવીને વૈશ્વિક સ્તરે દેશનું નામ રોશન કરવું એ કોઈ સામાન્ય બાબત નથી. જિલ્લાના પોશીના તાલુકાના આંજણી ગામની દીકરી અંજના બુબડિયાએ જાપાન ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ સિદ્ધિથી સમગ્ર ગુજરાત અને દેશભરમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે. જાપાન ખાતે આયોજિત આ સ્પર્ધામાં અંજના બુબડિયાએ પેરા એથ્લેટિક્સની વિમેન્સ 400 મીટર (T47 કેટેગરી) ની સ્પર્ધામાં ભાગ લીધો હતો. પોતાની મહેનત, અડગ મનોબળ અને ઉત્કૃષ્ટ પ્રદર્શનના બળે અંજના આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને રહી હતી અને આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનો ત્રિરંગો ગર્વથી લહેરાવ્યો હતો. દીકરીની આ વૈશ્વિક સફળતાના સમાચાર મળતા જ અંજનાના વતન આંજણી અને સમગ્ર પોશીના પંથકમાં દિવાળી જેવું વાતાવરણ સર્જાયું હતું. ગ્રામજનો અને પરિવારજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સૌએ એકબીજાને મીઠાઈ ખવડાવીને આ ઐતિહાસિક વિજયની ભવ્ય ઉજવણી કરી હતી. સામાન્ય પરિવારમાંથી આવતી અંજનાની આ સફર અનેક યુવાનો માટે પ્રેરણારૂપ બની રહી છે. અંતરિયાળ ગામડામાંથી ઉભરીને વૈશ્વિક કક્ષાએ સુવર્ણ ચંદ્રક મેળવનાર અંજના બુબડિયા પર દેશભરમાંથી અભિનંદન અને શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. સ્થાનિક આગેવાનો, રમતગમત પ્રેમીઓ તેમજ વિવિધ મહાનુભાવોએ અંજનાના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે અને આ દીકરીએ સાબરકાંઠાનું ગૌરવ વધાર્યું હોવાનું ગર્વ અનુભવ્યો છે.

# કાર રેસિંગની રોમાંચક સફર શરૂ

(એજન્સી) કોઈમ્બતુર । તા. 23

કોઈમ્બતુરના પ્રખ્યાત કારી મોટર સ્પીડવે પર FMSCI ઈન્ડિયન નેશનલ કાર રેસિંગ ચેમ્પિયનશિપ 2026 ની નવી સિઝનનો રોમાંચક પ્રારંભ. આ સિઝનમાં કુલ 17 રેસ યોજાશે. ભારતીય મોટર સ્પોર્ટ્સ જગતમાંથી એક ખૂબ જ મોટા અને રોમાંચક સમાચાર સામે આવ્યા છે. દેશની પ્રતિષ્ઠિત FMSCI ઈન્ડિયન નેશનલ કાર રેસિંગ ચેમ્પિયનશિપ 2026ની 29મી સિઝનનો શુભારંભ આગામી 24 અને 25 ઓક્ટોબરે તમિલનાડુના કોઈમ્બતુર સ્થિત પ્રખ્યાત કારી મોટર સ્પીડવે ખાતે થવા જઈ રહ્યો છે. આ ઓપનિંગ વીકેન્ડમાં દેશભરના દિગ્ગજ રેસર્સ તેમજ ઉભરતા યુવા ખેલાડીઓ પોતાની સ્પીડ અને ડ્રાઈવિંગ સ્કિલનું શાનદાર પ્રદર્શન કરવા માટે મેદાનમાં ઉતરશે. આ ચેમ્પિયનશિપ તેની 29મી સિઝનમાં પ્રવેશી ચૂકી છે, જે મોટર રેસિંગ પ્રત્યે વધતા ક્રેઝને દર્શાવે છે. ઓપનિંગ વીકેન્ડ દરમિયાન કુલ છ અલગ-અલગ કેટેગરીમાં કુલ 17 રોમાંચક રેસ યોજાવાની છે. આ પ્રતિયોગિતામાં સિંગલ-સીટર રેસિંગથી લઈને ટૂરિંગ કાર મુકાબલા અને સિંગલ-મેક ચેમ્પિયનશિપ સુધીના વિવિધ ડ્રાઈવિંગ ફોર્મેટ જોવા મળશે. ધ્રુવ ગોસ્વામી, મોનીથ શ્રીનિવાસન, સંદીપ કુમાર અને સરન વિક્રમ જેવા અનુભવી અને નામાંકિત ડ્રાઈવર્સ આ રેસિંગ ગ્રીડ પર પોતાના કૌશલ્યના જોરે શરૂઆતથી જ દબદબો જમાવવાનો પ્રયાસ કરશે. આ સિઝનમાં LGB ફોર્મ્યુલા 4 કેટેગરી મુખ્ય આકર્ષણ રહેશે, જે સિંગલ-સીટર રેસિંગમાં પ્રવેશવા માટેનું સૌથી લોકપ્રિય અને આર્થિક પ્લેટફોર્મ માનવામાં આવે છે. આ ગાડીઓમાં 1298 સીસી સુઝુકી સ્વિફ્ટ એન્જિન અને ફાઈવ-સ્પીડ ગિયરબોક્સ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, કન્ટીનેન્ટલ જીટી કપમાં પણ મોટો બદલાવ જોવા મળશે, જ્યાં એમેચ્યોર અને પ્રોફેશનલ ડ્રાઈવર્સ અલગ-અલગ પ્લેટફોર્મ પર મુકાબલો કરશે. આ ટૂર્નામેન્ટમાં નોવિસ કપ, સુપર સલૂન, ઈન્ડિયન ટૂરિંગ કાર અને ઈન્ડિયન સુપર ટૂરિંગ કાર તેમજ લેવિટાસ કપ જેવી શાનદાર કેટેગરીઝ પણ સામેલ છે. લેવિટાસ કપ એ ભારતની એકમાત્ર સિંગલ-મેક રેસિંગ ચેમ્પિયનશિપ છે, જેમાં હલકી વજનની અને રેસ માટે તૈયાર કરાયેલી મારુતિ સુઝુકી ઈગ્નિસ કારનો ઉપયોગ થાય છે. આ બે દિવસીય રોમાંચક ઈવેન્ટમાં માત્ર ભારતીય જ નહીં, પરંતુ મલેશિયા અને શ્રીલંકા જેવા દેશોમાંથી પણ આંતરરાષ્ટ્રીય ડ્રાઈવર્સ ભાગ લઈ રહ્યા છે.





# ડેબ્યૂ મેચમાં ફસાઈ ગયો બાંગ્લાદેશી સ્પિનર શંકાસ્પદ એક્શન સામે તપાસનો આદેશ



(એજન્સી) બાંગ્લાદેશ । તા. 23

બાંગ્લાદેશના 29 વર્ષીય ઓફ-સ્પિનર એલિસ અલ ઈસ્લામની વનડે ઈન્ટરનેશનલ કારકિર્દી શરૂ થતાંની સાથે જ ગંભીર વિવાદમાં ઘેરાઈ ગઈ છે. શારજાહ ખાતે અફઘાનિસ્તાન સામે રમાયેલી ટ્રાઈ-સીરિઝની મેચમાં વનડે ડેબ્યૂ કરનારા એલિસની બોલિંગ એક્શન સામે મેચ ઓફિશિયલ્સે શંકા વ્યક્ત કરી છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા હવે તેના માન્યતા પ્રાપ્ત ટેસ્ટિંગ સેન્ટરમાં એલિસની બોલિંગ એક્શનની સ્વતંત્ર તપાસ કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. એલિસ અલ ઈસ્લામે 21 ઓક્ટોબરના રોજ અફઘાનિસ્તાન સામે પોતાની પ્રથમ વનડે મેચ રમી હતી. આ મુકાબલામાં તેણે 8.3 ઓવરમાં 47 રન આપ્યા હતા, પરંતુ તેને એક પણ વિકેટ મળી શકી નહોતી. અફઘાનિસ્તાન સામે બાંગ્લાદેશની સાત વિકેટે હાર થઈ હતી, જે ઝિમ્બાબ્વે સામેની હાર બાદ ટ્રાઈ-સીરિઝમાં ટીમની સતત બીજી હાર હતી. ટીમની આ નિરાશાજનક સ્થિતિ વચ્ચે અમ્પાયર્સ અને મેચ રેફરીએ એલિસ દ્વારા બોલ ફેંકતી વખતે કોણી સીધી થવા અંગે પ્રશ્નો ઉઠાવતા આઈસીસીને શંકાસ્પદ એક્શનનો રિપોર્ટ સોંપ્યો હતો. આઈસીસીના નિયમો અનુસાર બોલિંગ કરતી વખતે બોલ રીલિઝ થવા સુધી બોલરની કોણી 15 ડિગ્રીથી વધુ સીધી થવી જોઈએ નહીં. એલિસ અલ ઈસ્લામની બોલિંગનું મૂલ્યાંકન આઈસીસી માન્યતા પ્રાપ્ત ટેસ્ટિંગ સેન્ટરમાં હાઈ-સ્પીડ કેમેરા, 3D મોશન સેન્સર્સ અને ખાસ સોફ્ટવેરની મદદથી કરવામાં આવશે.



# વન ડે ઈતિહાસનો બીજો સૌથી સફળ રનચેઝ શ્રીલંકાએ રેકોર્ડબૂક હચમચાવી

(એજન્સી) રાવલપિંડી । તા. 23

રાવલપિંડીમાં ઈંગ્લેન્ડ સામેની રોમાંચક વનડે મેચમાં શ્રીલંકાએ 430 રનનો વિશાળ લક્ષ્યાંક 2 વિકેટે હાંસલ કરી ઈતિહાસ રચ્યો. ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકે 116 બોલમાં 202 રન બનાવી સૌથી ઝડપી બેવડી સદીનો રેકોર્ડ બનાવ્યો, છતાં ઈંગ્લેન્ડ હાર્યું. પવન રત્નાયકેના 130, અવિષ્કા ફર્નાન્ડોના 97 અને દાસુન શનાકાના 97 રનની મદદથી શ્રીલંકાએ 1 બોલ બાકી રાખીને આ ભવ્ય વિજય મેળવ્યો. ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકે વનડે ક્રિકેટની સૌથી ઝડપી બેવડી સદી ફટકારીને નવો રેકોર્ડ બનાવ્યો હોવા છતાં શ્રીલંકાના બેટ્સમેનોની આક્રમક બેટિંગ સામે ઈંગ્લેન્ડને હારનો સામનો કરવો પડ્યો છે. રાવલપિંડી ખાતે રમાયેલી ત્રિકોણીય શ્રેણીની રોમાંચક મેચમાં શ્રીલંકાએ ઈંગ્લેન્ડ સામે 430 રનનો મોટો લક્ષ્યાંક 2 વિકેટ બાકી રાખીને પાર કરી લીધો હતો. વનડે ક્રિકેટના ઈતિહાસમાં આ બીજો સૌથી મોટો સફળ રન ચેઝ નોંધાયો છે. ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા હેરી બ્રૂકની માત્ર 116 બોલમાં 202 રનની વિસ્ફોટક ઈનિંગ્સની મદદથી 50 ઓવરમાં 4 વિકેટે 429 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. બ્રૂકે માત્ર 114 બોલમાં પોતાની બેવડી સદી પૂરી કરીને શુભમન ગિલનો રેકોર્ડ તોડ્યો હતો. જવાબમાં શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી હતી અને 24 રન પર 2 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, પવન રત્નાયકેના 106 બોલમાં 130 રન, અવિષ્કા ફર્નાન્ડોના 97 રન અને દાસુન શનાકાના માત્ર 50 બોલમાં 97 રનની તોફાની ઈનિંગ્સના બળે શ્રીલંકા મેચમાં મજબૂત સ્થિતિમાં આવી ગયું હતું. છેલ્લી ઓવરમાં શ્રીલંકાને જીતવા માટે 7 રન જોઈતા હતા ત્યારે મેચ અત્યંત રોમાંચક મોડ પર પહોંચી ગઈ હતી. જોકે, જનિથ લિયાનાગેએ 27 બોલમાં અણનમ 61 રન બનાવીને છેલ્લી ક્ષણોમાં લોંગ-ઓફ પર સિક્સર ફટકારી ટીમને 1 બોલ બાકી રાખીને યાદગાર વિજય અપાવ્યો હતો. વનડે ક્રિકેટમાં સૌથી મોટા સફળ રન ચેઝનો ઓલ-ટાઈમ રેકોર્ડ સાઉથ આફ્રિકાના નામે (438/9 વિ. ઓસ્ટ્રેલિયા, 2006) નોંધાયેલો છે, જ્યારે શ્રીલંકાએ 430 રન ચેઝ કરીને વનડે ઈતિહાસમાં બીજો સૌથી મોટો સફળ રન ચેઝ કરવાનો નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.



# તિબેટમાં 7.0ની તીવ્રતાનો ભૂકંપ લ્હાસા સુધી આંચકાથી ફેલાયો ગભરાટ

(એજન્સી) તિબેટ | તા.23

ચીનના તિબેટ વિસ્તારમાં 7.0ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપના આંચકાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ભારતીય સમય મુજબ રાત્રે આશરે 8:03 વાગ્યે ભૂકંપ નોંધાયો હોવાની માહિતી સામે આવી હતી. ભૂકંપના આંચકા તિબેટની રાજધાની લ્હાસા સુધી અનુભવાયા હોવાનું જણાવાયું હતું. જોકે, ભૂકંપના કેન્દ્રબિંદુની ઊંડાઈ અંગે વિવિધ ભૂકંપ નિરીક્ષણ એજન્સીઓના અહેવાલોમાં અલગ-અલગ વિગતો આપવામાં આવી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, ભૂકંપથી થયેલા જાનમાલના નુકસાન અંગે તાત્કાલિક સ્પષ્ટતા થઈ શકી નહોતી.

## ગ્લેસિયર અને ભૂસ્ખલનની ચિંતા



Representative image

### જાનમાલના નુકસાન અંગે સત્તાવાર માહિતીની રાહ

ભૂકંપની તીવ્રતાને ધ્યાનમાં રાખીને પ્રભાવિત વિસ્તારની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી હતી. જોકે, પ્રારંભિક અહેવાલોમાં મોટા પાયે જાનમાલનું નુકસાન થયું હોવાની પુષ્ટિ મળી નહોતી. પર્વતીય વિસ્તારમાં આવેલા ભૂકંપના કારણે અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચવું અને નુકસાનનું મૂલ્યાંકન કરવું પડકારજનક બની શકે છે. અધિકારીઓ દ્વારા નુકસાન અંગેની માહિતી એકત્ર કરવામાં આવે ત્યારે જ પરિસ્થિતિની વાસ્તવિક ગંભીરતા સ્પષ્ટ થઈ શકે છે. હાલ ભૂકંપના કારણે કેટલા વિસ્તારોમાં અસર થઈ અને કોઈ ઇમારતો કે માળખાંને નુકસાન પહોંચ્યું કે નહીં તે અંગે સત્તાવાર વિગતો મહત્ત્વની રહેશે.

### 2010ના વિનાશક ભૂકંપની યાદ તાજી

તિબેટની આસપાસનો વિસ્તાર ભૂકંપની દષ્ટિએ સંવેદનશીલ માનવામાં આવે છે. વર્ષ 2010માં પડોશી કિંગહાઈ પ્રાંતના યુશુ વિસ્તારમાં 7.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 2,698 લોકોનાં મોત થયાં હતાં, જ્યારે આશરે 300 લોકો ગુમ થયા હતા. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભૂકંપની વિનાશક અસર અંગે ગંભીર ચિંતા ઊભી કરી હતી.

### ઇન્ડિયન અને યુરેશિયન પ્લેટની ટક્કરથી ભૂકંપનું જોખમ

ભૂગર્ભશાસ્ત્રીઓના મતે, તિબેટનો વિસ્તાર ઇન્ડિયન ટેક્ટોનિક પ્લેટ અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટની જટિલ ભૂગર્ભીય ક્રિયાઓથી પ્રભાવિત છે. આ બંને પ્લેટોની સતત હિલચાલ અને અથડામણને કારણે પૃથ્વીના પેટાળમાં દબાણ એકત્ર થાય છે. જ્યારે આ દબાણ અચાનક મુક્ત થાય છે ત્યારે ભૂકંપ સર્જાય છે. તિબેટ અને આસપાસના હિમાલયના વિસ્તારોમાં આ ભૂગર્ભીય પ્રક્રિયાઓને કારણે ભૂકંપનું જોખમ રહે છે.

### ભૂકંપના કેન્દ્રબિંદુ અને તીવ્રતા અંગે અલગ-અલગ અહેવાલ

ચીનના ભૂકંપ નેટવર્ક કેન્દ્રના અહેવાલ મુજબ, સ્થાનિક સમય પ્રમાણે રાત્રે 10:33 વાગ્યે ઉત્તરી તિબેટના નાગચૂ વિસ્તાર નજીક ભૂકંપના આંચકાનોંધાયા હતા. તેનું કેન્દ્રબિંદુ લ્હાસાથી આશરે 400 કિલોમીટર દૂર આવેલા પર્વતીય વિસ્તારમાં હોવાનું જણાવાયું હતું. આ વિસ્તાર સમુદ્ર સપાટીથી આશરે 4,864 મીટરની ઊંચાઈ પર આવેલો છે.નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (NCS) દ્વારા ભૂકંપની ઊંડાઈ 173 કિલોમીટર હોવાનું જણાવાયું હતું, જ્યારે અન્ય ભૂકંપ નિરીક્ષણ એજન્સીઓના અહેવાલોમાં ઊંડાઈ આશરે 10 કિલોમીટર દર્શાવવામાં આવી હતી. આથી ભૂકંપની ચોક્કસ ઊંડાઈ અને અન્ય વિગતોની પુષ્ટિ માટે સત્તાવાર માહિતી મહત્ત્વપૂર્ણ બની છે.

## સંક્ષિપ્ત સમાચાર

### દુનિયાનું નંબર-1 પ્રદૂષિત શહેર લાહોર

લાહોર | વિશ્વભરમાં હવે પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી રહ્યું છે. આ દરમિયાન એક અહેવાલે દિલ્હીવાસીઓની ઊંઘ ઊડાડી દીધી છે. પ્રદૂષણ મામલે દિલ્હી હવે ટોપ-3 દેશોમાં બીજા ક્રમે પહોંચી ગયું છે. જ્યારે લાહોરે પ્રદૂષણમાં દિલ્હીને પાછળ છોડી દીધું છે અને તે દુનિયાનું સૌથી પ્રદૂષિત શહેર બની ગયું છે. પાકિસ્તાનનું લાહોર શહેર શુક્રવારે એર ક્વોલિટી ઈન્ડેક્સ 344 પર પહોંચી જતાં વૈશ્વિક રેન્કિંગમાં મોખરે આવ્યું છે. સ્વિસ વેબસાઈટ IGAir ના આંકડા મુજબ લાહોરની હવામાં PM 2.5 ની માત્રા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ની ગાઈડલાઈન કરતાં 57 ગણી વધુ નોંધાઈ છે, જે કેન્સરકારક અને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે. આ લિસ્ટમાં ભારતની રાજધાની દિલ્હી બીજા ક્રમે છે. શુક્રવારે સવારે દિલ્હીનો AQI 244 નોંધાયો હતો જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક શ્રેણીમાં આવે છે, જો કે બપોર સુધીમાં તે ઘટીને 183 પર પહોંચ્યો હતો. આ ગંભીર સ્થિતિને જોતા ડોક્ટરોએ નાગરિકોને સ્વાસ્થ્ય સંરક્ષણ માટે માસ્ક પહેરવાની કડક સલાહ આપી છે. ટોપ 3 માં ભારતના બે રાજ્યો હોવાથી એક રીતે ચિંતા વધી ગઈ છે. પ્રદૂષિત શહેરોની આ યાદીમાં કોલકાતા ત્રીજા સ્થાને અને મુંબઈ છઠ્ઠા સ્થાને નોંધાયા છે. બપોરના આંકડાઓ પ્રમાણે કોલકાતાનો AQI 173 જ્યારે મુંબઈનો AQI 162 રહ્યો હતો. આ ઉપરાંત સેનેગલનું ડકાર ચોથા અને મલેશિયાનું કુઆલાલંપુર પાંચમા સ્થાન પર જોવા મળ્યા હતા, જ્યારે બાંગ્લાદેશની રાજધાની ઢાકા દસમા ક્રમે રહી હતી.

### ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ધરતીકંપ

ચીન | શુક્રવારે વહેલી સવારે ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા, જેના કારણે સમગ્ર ક્ષેત્રમાં ભયનો માહોલ સર્જાયો હતો. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી ના અહેવાલ મુજબ ત્રણેય દેશોમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 4.1 થી 4.9 ની વચ્ચે નોંધાઈ હતી. પાકિસ્તાનમાં સવારે 4:56 વાગ્યે સૌથી વધુ 4.9 ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ત્યારબાદ ચીનમાં સવારે 6:05 વાગ્યે 4.4 ની તીવ્રતાનો અને અફઘાનિસ્તાનમાં સવારે 5:54 વાગ્યે 4.1 ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. આ આંચકા જમીનથી 15 થી 25 કિલોમીટરની ઊંડાઈએ સર્જાયા હતા. બીજી તરફ, તિબેટ ક્ષેત્રમાં ગુરુવારે સાંજે આવેલા 7 ની તીવ્રતાના વિનાશક ભૂકંપે ભારે તબાહી મચાવી દીધી છે. આ હોનારતમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 16 લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે 54 થી વધુ લોકો ગંભીર રીતે ઘવાયા છે. ઉત્તરીય ક્ષેત્રના નાગકૂ શહેરમાં ભૂકંપના કારણે 339 થી વધુ મકાનો અને 20 થી વધુ પશુ શેડ સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરી માટે સ્થાનિક તંત્ર દ્વારા 1600 થી વધુ લોકોને તૈનાત કરવામાં આવ્યા છે અને અસરગ્રસ્તો માટે તંબુ, ફોલ્ડિંગ બેડ અને ગરમ કપડાં પહોંચાડવાની કામગીરી ચાલુ કરી દેવાઈ છે.ભૂકંપના પરિણામે તિબેટના અનેક વિસ્તારોમાં વીજળી અને સંદેશાવ્યવહાર સર્વિસ ઠપ થઈ ગઈ છે.

### સોફ્ટવેરની ખામીના કારણે દુનિયામાં 70 ટકા સરકારી વેબસાઈટ્સ ઠપ

વોશિંગ્ટન | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ઈન્ટરનેટ પર ચાલતી ૭૦ ટકા વેબસાઈટ્સ દ્વારા ઉપયોગમાં લેવાતી પ્રોગ્રામિંગ ભાષામાં મોટી ખામી શોધી કાઢવામાં આવી છે, જેના કારણે દુનિયાભરના ટેક જગતમાં હોબાળો મચી ગયો છે. આ ખામીના કારણે હેકર્સ દ્વારા નાણાકીય ફ્રોડ કરવાની સાથે યુઝર્સના ડેટા પણ તેમના હાથમાં જતા રહે તેવું જોખમ છે. આ જોખમથી બચવા માટે યુરોપ સહિત અનેક દેશોમાં તકેદારીના ભાગરૂપે સરકારી અને જાહેર વેબસાઈટ્સ ઓફલાઈન કરી દેવાઈ હતી. સોફ્ટવેર ડેવલપર્સે આ ખામીઓ દૂર કરવા માટે આખી રાત કામ કરવું પડ્યું હતું. જોકે, અનેક સરકારી વેબસાઈટ્સ ગુરુવારે કામ કરતી જોવા મળી હતી. ઈન્ટરનેટની દુનિયામાં છેલ્લા ૨૪ કલાક ભારે હલચલભર્યા રહ્યા. વેબસાઈટ ચલાવતા સોફ્ટવેરથી લઈને ડિજિટલ સર્ટિફિકેટ, એઆઈ ટૂલ અને ક્લાઉડ પ્લેટફોર્મ સુધી ઈન્ટરનેટમાં અનેક જગ્યાઓ પર સુરક્ષા સંબંધિત ગંભીર ખામીઓ સામે આવી છે. અનેક ખામીઓ એવી હતી, જેમાં સાયબર હુમલાખોર ક્યાંક સર્વર પર પોતાનો કોડ ચલાવી શકે તેમ હતા તો ક્યાંક સોફ્ટવેરના અપડેટમાં જ ખતરનાક કોડ નાંખી દેવાયો હતો.

### હોર્મુઝમાં એક રાતમાં સાત ટેન્કરો પર હુમલો

તેલ અવીવ : ઈરાનના નૌકાદળના હુમલામાં અથવા તો તેણે બિછાવેલી સમુદ્રી સુરંગો સાથે અથડાવવાના લીધે એક જ રાતમાં સાત ઓઈલ ટેન્કરોમાં આગ લાગી હતી અથવા તો ભારે નુકસાન થયું હતું. એક જ રાતમાં આટલા બધા ટેન્કરોને નુકસાન થયું હોવાની ઘટના આટલા યુદ્ધમાં પણ ક્યારેય બની નથી. તે સંજોગોમાં આ નવી સ્થિતિના પગલે અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ ફાટી નીકળવાની સંભાવના વધારે પ્રબળ બની ગઈ છે. હાલમાં તો બંને દેશ વચ્ચે બરોબરનો ભારેલો અગ્નિ છે અને ગમે તે ઘડીએ તેમા પલિતો ચંપાઈ શકે છે. ઈરાનના સરકારી ટેલીવિઝને જણાવ્યું હતું કે સાત ઓઈલ ટેન્કરમાં આગ લાગી છે. ગુરુવારે તેમના પર હુમલો થયા પછી અને તે માઈન્સને અથડાયા પછી આ નુકસાન થયું છે. ૨૮મી ફેબ્રુઆરીએ અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા પછી આ રીતે એક જ દિવસમાં આટલા બધા ટેન્કરોને નુકસાન થયાની ઘટના પહેલી વખત બની છે.

# મેટાને 2.3 લાખ કરોડ રૂપિયાનો તોતિંગ દંડ ફટકારાયો

(એજન્સી) વૉશિંગ્ટન | તા.23

ન્યૂ મેક્સિકો કોર્ટે ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પર 25 અબજ ડોલરનો રેકોર્ડ દંડ ફટકાર્યો છે. કેમ્બ્રિજ એનાલિટિકા ડેટા કૌભાંડ કેસમાં કોર્ટે મેટાને યુઝર્સને ગેરમાર્ગે દોરવા અને પ્રાઈવસી ભંગ બદલ જવાબદાર ઠેરવી છે. ટેકનોલોજીના ઇતિહાસમાં આ સૌથી મોટો દંડ છે. મેટા આ ચુકાદા સામે ઉપલી કોર્ટમાં અપીલ કરશે. આ ચુકાદો ટેક કંપનીઓ માટે દાખલારૂપ બનશે. અમેરિકાના ન્યૂ મેક્સિકોમાં ફેસબુક-ઈન્સ્ટાગ્રામ-વોટ્સએપની પેરેન્ટ કંપની મેટા પર ડેટા લીકના મુદ્દે ૨૫ અબજ ડોલરનો દંડ ફટકારાયો છે. ડેટા પ્રાઈવસી મુદ્દે અગાઉ પણ અમેરિકા-યુરોપની કોર્ટમાં મેટાને દંડ થઈ ચૂક્યો છે, પરંતુ આ દંડ અત્યાર સુધીનો સૌથી વધુ છે. એકેય ટેકનોલોજીની કંપનીને દુનિયાની કોઈ કોર્ટે આટલી મોટી રકમનો દંડ ફટકાર્યો નથી. મેટા કોર્ટના આ ચુકાદા સામે ઉપલી કોર્ટમાં અપીલ કરશે. અમેરિકાના ન્યૂ મેક્સિકોની કોર્ટે કેમ્બ્રિજ એનાલિટિકાના ડેટાના કૌભાંડ બાબતે ચુકાદો આપ્યો હતો. ફેસબુકના યુઝર્સને ગેરમાર્ગે દોરાયા હતા એ સ્વીકારીને કોર્ટે ફેસબુક-ઈન્સ્ટાગ્રામ-વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાને યુઝર્સની પ્રાઈવસીનો ભંગ કરવા બદલ ૨૫ અબજ ડોલર યાને અંદાજે ૨.૩





લાખ કરોડ રૂપિયાનો દંડ કર્યો છે.૨૦૨૧માં ન્યૂ મેક્સિકોની કોર્ટમાં મેટા સામે ન્યૂ મેક્સિકો રાજ્યની સરકારે જ કેસ કર્યો હતો. રાજ્ય સરકારે આરોપ મૂક્યો હતો કે કંપની યોગ્ય રીતે યુઝર્સને તેમના ડેટાની જાણકારી આપતી નથી. નફરત ફેલાવતું કન્ટેન્ટ હટાવતી નથી. જુદી જુદી રીતે યુઝર્સના ડેટા તફડાવે છે અને તેને લીક કરે છે. આ કેસમાં ન્યૂ મેક્સિકોની કોર્ટે કહ્યું હતું કે આ મામલો માત્ર યુઝર્સની પ્રાઈવસીનો નથી, પરંતુ સોશિયલ મીડિયા કંપનીઓની જવાબદારીનો પણ છે. કોર્ટે કહ્યું હતું કે કંપનીના કુલ ૨૯ નિવેદનોમાંથી ૨૬ નિવેદનો ગેરમાર્ગે દોરે છે. ન્યૂ મેક્સિકોના કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ હેઠળ કોર્ટે દંડ ફટકાર્યો છે. આ ચુકાદા પછી ન્યૂ મેક્સિકોની કોર્ટના એટર્નીએ જણાવ્યું હતું કે અમેરિકાની ઈતિહાસમાં કોઈ ટેકનોલોજી કંપની પર આટલી મોટી રકમનો દંડ થયો હોય એવું પહેલી વખત બન્યું છે. આ ઉદાહરણરૂપ ચુકાદો બની રહેશે. તેનાથી અમેરિકાની ટેકનોલોજી કંપનીઓને સ્પષ્ટ મેસેજ જશે કે કંપનીઓએ જવાબદારીપૂર્વક વર્તન કરવું પડશે અને યુઝર્સની પ્રાઈવસીને મહત્ત્વ આપવું પડશે. મેટાએ આ ચુકાદા સામે ઉપલી કોર્ટમાં અપીલ કરવાનો સંકેત આપ્યો છે. કેમ્બ્રિજ એનાલિટિકા બ્રિટિશ કંપની છે. તેણે ફેસબુકના ડેટાનો ઉપયોગ કરીને યુઝર્સને પ્રભાવિત કર્યા હતા. થર્ડ પાર્ટી એપના માધ્યમથી બ્રિટિશ કંપનીએ ફેસબુકના ૭.૮ કરોડ યુઝર્સના ડેટા લીક કર્યા હતા. એ પછી ચૂંટણીમાં એ ડેટાનો ઉપયોગ થયો હતો ને તેની જાણ ફેસબુક યુઝર્સનેફણ ન હતી. તેના કારણે ઘેરી અસર થઈ હતી. દુનિયાના ઘણાં દેશોની ચૂંટણીઓ પ્રભાવિત થઈ હતી ને એમાં ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦૧૬ની ચૂંટણીનો પણ સમાવેશ થતો હતો.

# વિનાશના આરે તુર્કીનું બીજું સૌથી મોટું તળાવ

(એજન્સી) તુર્કી | તા.23

તુર્કીનું પ્રખ્યાત તુઝ ગોલુ તળાવ ઓછા વરસાદ, વધતી ગરમી અને ભૂગર્ભજળના અતિશય ઉપયોગથી સુકાઈ રહ્યું છે. ફ્લેમિંગો પક્ષીઓ, જીવસૃષ્ટિ અને મીઠાના ઉદ્યોગ પર સંકટ વધ્યું છે. તુર્કીનું બીજું સૌથી મોટું અને વિશ્વના સૌથી ખારા તળાવોમાં સ્થાન ધરાવતું 'તુઝ ગોલુ' (Tuz Golu) હાલમાં પાણીની ગંભીર અછતનો સામનો કરી રહ્યું છે. મધ્ય તુર્કીમાં સ્થિત આ પ્રખ્યાત તળાવ ઓછો વરસાદ, તીવ્ર ગરમી અને ભૂગર્ભજળના અંધાધૂંધ ઉપયોગને કારણે ઝડપથી સુકાઈ રહ્યું છે. ઉનાળાની ઋતુમાં તળાવનો મોટાભાગનો વિસ્તાર સંપૂર્ણપણે સુકાઈ જાય છે, જેના કારણે સ્થાનિક જીવસૃષ્ટિ, ફ્લેમિંગો પક્ષીઓ, મીઠાના ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્ર પર ભારે સંકટ ઊભું થયું છે. 'સોલ્ટ લેક' તરીકે ઓળખાતું તુઝ ગોલુ તુર્કીની રાજધાની અંકારાથી દક્ષિણમાં આશરે ૧૫૦ કિલોમીટરના અંતરે આવેલું છે. આ તળાવ ખૂબ જ છીછરું છે અને કેટલીક જગ્યાએ તેની ઊંડાઈ ૫૦ સેન્ટિમીટરથી પણ ઓછી છે. ઉનાળા દરમિયાન જ્યારે તળાવનું



ઓછા વરસાદ, વધતી ગરમી અને ભૂગર્ભજળના અતિશય ઉપયોગથી સુકાઈ રહ્યું છે

પાણી સુકાઈ જાય છે, ત્યારે જમીન પર મીઠાનું સફેદ ચમકતું પડ રચાય છે, જે આ વિસ્તારની એક આગવી અને અદ્ભુત ઓળખ છે. તળાવમાં પાણીનો મુખ્ય સ્ત્રોત વરસાદ અને નજીકના નાળા-નદીઓ છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી વરસાદનું પ્રમાણ ઘટી ગયું છે. ઉનાળામાં કડકડાટ તાપને કારણે પાણીનું ઝડપથી બાષ્પીભવન થાય છે. આ સિવાય, તળાવને પાણી પૂરું પાડતા સ્થાનિક જળસ્ત્રોતો પણ સુકાઈ રહ્યા છે. આ સંકટ પાછળ માનવસર્જિત કારણો પણ જવાબદાર છે. તળાવની આસપાસના વિસ્તારોમાં ખેતી માટે ભૂગર્ભજળનો અતિશય ઉપાડ કરવામાં આવી રહ્યો છે. ઘણી જગ્યાએ પરવાનગી વગર ગેરકાયદેસર બોરવેલ અને કૂવાઓ ખોદવામાં આવ્યા છે. વરસાદના અભાવ વચ્ચે ભૂગર્ભજળનું સ્તર સતત ઘટતાં તળાવ સુધી પહોંચતું પાણી અટકી ગયું છે. તુઝ ગોલુ તળાવ ફ્લેમિંગો (હંસાવર) પક્ષીઓ માટે તુર્કીનું સૌથી મહત્વપૂર્ણ પ્રજનન અને સંવર્ધન કેન્દ્ર ગણાય છે. તળાવનું છીછરું પાણી આ પક્ષીઓને પૂરતો ખોરાક પૂરો પાડે છે અને તેમના બચ્ચાંના ઉછેર માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. પરંતુ પાણીના સતત ઘટી રહેલા સ્તરને કારણે આ પક્ષીઓના અસ્તિત્વ સામે મોટો ખતરો ઊભો થયો છે. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આ કુદરતી વારસો અને જીવસૃષ્ટિ કાયમ માટે નષ્ટ થઈ શકે છે.

# અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં કેનેડાની દખલગીરીથી ડોનાલ્ડ ટ્રમ્પ ચિંતિત



(એજન્સી) વૉશિંગ્ટન | તા.23

અમેરિકા અને કેનેડા વચ્ચેનો ટેરિફ વિવાદ હવે રાજકીય સંઘર્ષમાં ફેરવાઈ રહ્યો છે. ડો ટેરિફ અંગે અમેરિકા અને કેનેડા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલો વિવાદ હવે રાજકીય સંઘર્ષમાં ફેરવાઈ રહ્યો હોય તેવું લાગે છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે કેનેડા પર યુએસ રાજકારણ અને ચૂંટણીઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. 22 ઓક્ટોબરના રોજ સામે આવેલા આ સમાચાર બાદ, બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ અંગે ચર્ચાઓ વધુ તીવ્ર બની છે. આ વિવાદ મુખ્યત્વે કેનેડાની વેપાર નીતિ અને યુએસ ટેરિફના પ્રતિભાવમાં તેની કાર્યવાહીને કારણે છે. નાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે કેનેડા પર યુએસ રાજકારણ અને ચૂંટણીઓને પ્રભાવિત કરવાનો આરોપ લગાવ્યો છે. અમેરિકાએ કેનેડા પર આ કાર્યવાહી દ્વારા યુએસ નેતાઓ પર રાજકીય દબાણ લાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. યુએસ એમ્બેસીએ આ મામલે એક દસ્તાવેજ જારી કર્યો છે, જેમાં કેનેડાની કાર્યવાહી પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે. દરમિયાન, કેનેડાએ કહ્યું છે કે તે તેના દેશના વ્યવસાયો, કામદારો અને આર્થિક હિતોનું રક્ષણ કરી રહ્યું છે. આ વિવાદ કેનેડિયન ઉદ્યોગ પ્રધાન મેલાની જોલી દ્વારા આપવામાં આવેલા નિવેદનો અને યુએસ નેતાઓ સાથેની તેમની વાતચીતનો પણ ઉલ્લેખ કરે છે. આ મુદ્દો એવા સમયે પ્રકાશમાં આવ્યો છે જ્યારે અમેરિકા 3 નવેમ્બર, 2026 ના રોજ મધ્યવર્તી ચૂંટણીઓ યોજી રહ્યું છે. આ ચૂંટણીઓ યુએસ કોંગ્રેસના બંને ગૃહોમાં રાજકીય પક્ષોની શક્તિને અસર કરી શકે છે. તેથી, ચૂંટણીઓ પહેલા બીજા દેશ તરફથી રાજકીય દબાણના આરોપો યુએસ માટે એક સંવેદનશીલ મુદ્દો બની ગયો છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે કેનેડિયન માલ પર ટેરિફ લાદ્યો. તેના જવાબમાં, કેનેડાએ પણ યુએસ ઉત્પાદનો પર રિટેલર ચાર્જ લાદવા જેવા પગલાં લીધા છે. કેનેડાની વ્યૂહરચનામાં એવા ઉત્પાદનોને લક્ષ્ય બનાવવાનો પણ સમાવેશ થતો હતો જ્યાં ટેરિફ યુએસ વ્યવસાયો અને ચોક્કસ રાજ્યોના આર્થિક હિતોને અસર કરી શકે છે. ટેરિફ વિદેશથી આયાત કરાયેલ માલ પર લાદવામાં આવતી આયાત જકાતનો સંદર્ભ આપે છે. જ્યારે કોઈ દેશ બીજા દેશમાંથી માલ પર વધુ ડ્યુટી લાદે છે, ત્યારે તે માલની કિંમત વધી શકે છે. આ કંપનીઓ, વેપારીઓ અને ગ્રાહકોને અસર કરી શકે છે. અમેરિકા આ વ્યૂહરચનાને રાજકીય દબાણ લાવવાના પ્રયાસ તરીકે જુએ છે.

## આલ્બર્ટામાં ભારતીય મૂળના આશરે 32 હજાર લોકો રહે છે, આ લોકો તાજેતરના ઈમિગ્રન્ટ્સમાં લગભગ 16 ટકા હતા

# કેનેડાને બે ભાગમાં વિભાજીત થવાથી બચાવનારા ભારતીયો પર કાર્યવાહીની તૈયારીઓ





(એજન્સી) કેનેડા | તા.23

તાજેતરમાં આલ્બર્ટામાં કેનેડાના બે ભાગમાં વિભાજનની માંગ સાથે એક લોકમત યોજાયો હતો. આ લોકમતમાં ભારતીયોએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ભા આલ્બર્ટામાં ભારતીય મૂળના આશરે 32 હજાર લોકો રહે છે. આ લોકો તાજેતરના ઈમિગ્રન્ટ્સમાં લગભગ 16 ટકા હતા. તાજેતરના લોકમત દરમિયાન, ભારતીય મૂળના નાગરિકોએ કેનેડાની તરફેણમાં મતદાન કર્યું. જેનાથી આલ્બર્ટાના અલગ થવાની માંગણી મંદ પડી ગઈ. આલ્બર્ટામાં આશરે 2,00,000 એશિયન મૂળના લોકો રહે છે. 50 વર્ષ પહેલાં સુધી, કેનેડિયનો આલ્બર્ટામાં રહેવા માટે અનિચ્છા ધરાવતા હતા. તેનું એક મુખ્ય કારણ તાપમાન છે. સામાન્ય દિવસોમાં પણ, આલ્બર્ટાનું તાપમાન -15 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે છે. આલ્બર્ટા સરકારના મતે, બહારથી આલ્બર્ટામાં સ્થળાંતર કરનારા કામચલાઉ રહેવાસીઓ હાલમાં કુલ વસ્તીના આશરે 6 ટકા છે. આ રહેવાસીઓ કર આવકમાં લગભગ $150 મિલિયન ઉત્પન્ન કરે છે, પરંતુ રાજ્યને આરોગ્ય, શિક્ષણ અને અન્ય સામાજિક સેવાઓ પર દર વર્ષે $1 બિલિયનથી વધુ ખર્ચ થાય છે. રતીય મૂળના નાગરિકોના વિરોધને કારણે કેનેડા બે ભાગમાં વિભાજીત થવાથી બચી ગયું હતું. તાજેતરમાં કેનેડાના અલ્બર્ટા પ્રાંતને અલગ કરવા માટે એક જનમત સંગ્રહ યોજવામાં આવ્યો હતો. આ રેફરન્ડમમાં કેનેડાના અખંડિતતાના પક્ષમાં ભારે મતદાન થયું હતું, જેના કારણે અલ્બર્ટા અલગ દેશ બનતા બચી ગયું હતું. આ જનમત સંગ્રહમાં ભારતીય મૂળના નાગરિકોએ કેનેડાના પક્ષમાં મતદાન કરીને મુખ્ય ભૂમિકા ભજવી હતી. બ્રિટિશ અખબાર 'ધ ગાર્ડિયન'ના અહેવાલ મુજબ, આ જનમત સંગ્રહ દરમિયાન ઈમિગ્રેશનને લઈને પણ સવાલો પૂછવામાં આવ્યા હતા, જેમાં મોટાભાગના સ્થાનિક રહેવાસીઓએ બહારના લોકોની એન્ટ્રી પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

## 40 હજાર વીજકર્મીઓની હડતાળથી ગુરુગ્રામમાં ભયાનક સંકટ

# અંધારામાં ડૂબ્યા ઘરો, પાણીની તંગી, લોકો રસ્તા પર ઉતર્યા...

(એજન્સી) ગુરુગ્રામ | તા.23

હરિયાણામાં વીજ કર્મચારીઓની ત્રણ દિવસની હડતાળને કારણે ગુરુગ્રામ સહિત અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. ગુરુવારે 50 હજારથી વધુ ઘરો પ્રભાવિત થયા હતા, જ્યારે લગભગ 1,800 ઔદ્યોગિક એકમોની કામગીરી અટકી હતી. વીજળી બંધ રહેતાં અનેક વિસ્તારોમાં પાણીની સમસ્યા પણ સર્જાઈ હતી. રહેવાસીઓ રસ્તા પર ઊતરી વિરોધ કરવા મજબૂર બન્યા હતા. હરિયાણા વીજ નિયમન પંચે (HERC) ગુરુગ્રામ અને નૂહમાં ખાનગી કંપની ઈલેવન પાવરને 25 વર્ષ માટે વીજ વિતરણનું સમાંતર લાઈસન્સ આપ્યું છે. આ નિર્ણયના વિરોધમાં વીજ કર્મચારીઓએ હડતાળ શરૂ કરી છે. કર્મચારી સંગઠનોનો દાવો છે કે ખાનગી કંપનીને લાઈસન્સ આપવાથી સરકારી વીજ વિતરણ વ્યવસ્થાને નુકસાન થશે.



ગુરુગ્રામમાં આશરે 8.5 લાખ વીજ ગ્રાહકો છે. જૂના ગુરુગ્રામ સહિત અનેક વિસ્તારોમાં લાંબા સમય સુધી વીજળી બંધ રહી હતી. સેક્ટર-9Aમાં આશરે 6,000 પરિવારોને અસર થઈ હતી. વીજળી ન હોવાથી પાણી પહોંચાડતું બૂસ્ટિંગ સ્ટેશન પણ બંધ પડ્યું હતું. હરિ નગરમાં 7,000થી વધુ પરિવારોને વીજ કાપનો સામનો કરવો પડ્યો હતો. ઈન્વર્ટરની બેટરી ખૂટી જતાં ઘરના રોજિંદા કામ, બાળકોનો અભ્યાસ અને રસોઈ પણ ખોરવાયાં હતાં. રાજેન્દ્ર પાર્ક અને ગુરુગ્રામ રેલવે સ્ટેશન નજીકના વિસ્તારોમાં રહેવાસીઓએ વીજળી શરૂ કરવાની માગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. ફરીદાબાદ અને નૂહમાં પણ વીજ કાપની અસર જોવા મળી હતી.

સેક્ટર-37 અને કાદીપુરના ઔદ્યોગિક વિસ્તારોમાં લગભગ 1,800 એકમોની કામગીરી ખોરવાઈ હતી. મશીનો બંધ પડતાં ઉત્પાદન અટક્યું હતું. ઉદ્યોગકારોએ કરોડો રૂપિયાના નુકસાનની ભીતિ વ્યક્ત કરી હતી. ડીઝલ જનરેટરથી કામ ચલાવવાના પ્રયાસો પણ લાંબા સમય સુધી સફળ રહ્યા નહોતા. પ્રદૂષણ નિયંત્રણ હેઠળનાં નિયંત્રણોને કારણે જનરેટરનો ઉપયોગ કરવામાં પણ મુશ્કેલી પડી હતી. દક્ષિણ હરિયાણા વીજ વિતરણ નિગમના મુખ્ય ઈજનેર પી.કે. ચૌહાણના જણાવ્યા પ્રમાણે, આશરે 98 ટકા અધિકારીઓ અને કર્મચારીઓ હડતાળમાં જોડાયા હતા. ફરિયાદોનો નિકાલ કરવા માટે કોન્ટ્રાક્ટ પર રાખેલા આશરે 100 કર્મચારીઓની મદદ લેવાઈ હતી, છતાં મુશ્કેલીઓ યથાવત્ રહી હતી. મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ લાઈસન્સના નિર્ણયને અપીલેટ ટ્રિબ્યુનલ ફોર ઈલેક્ટ્રિસિટી (APTEL)માં પડકારવાની જાહેરાત કરી છે. ઊર્જા મંત્રી અનિલ વિજે પણ ખાનગીકરણનો વિરોધ કરતાં કર્મચારીઓને હડતાળ પાછી ખેંચવા અપીલ કરી હતી. જોકે, કર્મચારી સંગઠનો લાઈસન્સ પાછું ખેંચવાની અને રાજ્યમાં સમાંતર વીજ વિતરણ સામે નીતિ બનાવવાની માગ પર અડગ છે. માગણીઓ સ્વીકારાય નહીં તો 24 ઓક્ટોબર પછી હડતાળ લંબાવવી કે નહીં તે અંગે નિર્ણય લેવાશે.

## અમરેલી માલગાડી ની અડફેટે સિંહ ઘવાયો

# અમરેલીમાં માલગાડીની અડફેટે સિંહ ઘવાયો! બે સિંહ રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા

### ફેન્સિંગ છતાં કેવી રીતે બની ઘટના



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સિંહોના રેલવે અકસ્માતની ચિંતાજનક ઘટના સામે આવી છે. અમરેલી જિલ્લાના દામનગરથી લીલીયા વચ્ચે ઈંગોરાળા ગામ નજીક વહેલી સવારે પીપાવાવથી ઢસા તરફ જઈ રહેલી માલગાડીની અડફેટે એક સિંહ ઘવાયો હોવાની ઘટના બની છે. ઘટનાની જાણ થતાં વન વિભાગ અને રેલવે વિભાગના કર્મચારીઓ તાત્કાલિક હરકતમાં આવ્યા હતા.

વન વિભાગનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો

મળતી માહિતી અનુસાર, દામનગર-લીલીયા રેલવે ટ્રેક પર ઈલેક્ટ્રિક પિલર નંબર 18/9થી 18/8 વચ્ચે બે સિંહ ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન માલગાડીની અડફેટે એક સિંહને અકસ્માત નડ્યો હતો. ઘટનાને પગલે રેલવે વિભાગ દ્વારા માલગાડીને રોકવામાં આવી હતી અને વન વિભાગને જાણ કરવામાં આવી હતી.ઘટનાની જાણ થતાં વન વિભાગનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. રેલવે ટ્રેક પર સિંહની પૂંછડીનો અમુક ભાગ જોવા મળ્યો હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ઘવાયેલા સિંહની ચોક્કસ સ્થિતિ અને તેને થયેલી ઈજાની ગંભીરતા અંગે સત્તાવાર પુષ્ટિ સામે આવી નથી. વન વિભાગે સિંહને શોધવા માટે આસપાસના વિસ્તારમાં તપાસ અને સ્કેનિંગની કામગીરી હાથ ધરી હતી.

સુરક્ષા વ્યવસ્થા છતાં અકસ્માતથી ચિંતા

આ રેલવે ટ્રેક પર સિંહોની સુરક્ષા માટે વન વિભાગ અને રેલવે વિભાગ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે. રેલવે ટ્રેક પાસે ફેન્સિંગ, ઝાડી-ઝાંખરા દૂર કરવા અને રેલવે કર્મચારીઓની મદદથી દેખરેખ જેવી કામગીરી કરવામાં આવી હોવા છતાં અકસ્માતની ઘટના બનતાં વન્યજીવ સુરક્ષા અંગે ફરી સવાલો ઊભા થયા છે. હાલ વન વિભાગ દ્વારા ઘવાયેલા સિંહની શોધખોળ અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. સિંહને શોધી તેની સારવાર સુનિશ્ચિત કરવી તંત્ર માટે મહત્ત્વપૂર્ણ છે.

## ડ્રાઈવિંગ લાઈસન્સ ટેસ્ટમાં હવે 75 ટકા માર્ક્સ ફરજિયાત! એફિડેવિટ પણ નહીં ચાલે, નિયમોમાં ફેરબદલની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા.23

કેન્દ્ર સરકારે ડ્રાઈવિંગ લાઈસન્સ (DL) મેળવવા અને તેમાં સુધારા કરાવવાની પ્રક્રિયામાં મોટા ફેરફારો કરવાની દરખાસ્ત રજૂ કરી છે. માર્ગ પરિવહન મંત્રાલયે મોટર વાહન નિયમોમાં સુધારા માટે મુસદ્દો જાહેર કર્યો છે. તેમાં ભારતીય અને વિદેશી નાગરિકો માટે અલગ રંગનાં ડ્રાઈવિંગ લાઈસન્સ, લાઈસન્સધારકની નાગરિકતાનો ઉલ્લેખ, બ્લડ ગ્રુપ અને ઈમરજન્સી સંપર્કની વિગતો ફરજિયાત કરવા સહિતની જોગવાઈઓ સામેલ છે. જોકે, આ ફેરફારો હાલ દરખાસ્તના તબક્કામાં છે.મુસદ્દા મુજબ, ડ્રાઈવિંગ લાઈસન્સ પર ધારકની નાગરિકતાનો ઉલ્લેખ કરવાની અને ભારતીયો તથા વિદેશી નાગરિકો માટે અલગ રંગની પદ્ધતિ દાખલ કરવાની દરખાસ્ત છે. આ ઉપરાંત લાઈસન્સમાં બ્લડ ગ્રુપ, મોબાઈલ નંબર અને કટોકટીના સમયે સંપર્ક કરી શકાય તેવી વ્યક્તિની વિગતો ફરજિયાત કરવાની જોગવાઈ પણ સૂચવવામાં આવી છે. હાલના નિયમો હેઠળ માન્ય દસ્તાવેજો રજૂ કરવામાં અસમર્થ અરજદારો ઉંમર અને સરનામાના પુરાવા તરીકે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, ન્યાયિક મેજિસ્ટ્રેટ અથવા નોટરી સમક્ષ કરેલું સોગંદનામું રજૂ કરી શકે છે. નવી દરખાસ્તમાં આ વિકલ્પ દૂર કરવાની જોગવાઈ છે. જીવન વીમાની પૉલિસીને પણ પુરાવા તરીકે સ્વીકારવામાં નહીં આવે. સરનામાના પુરાવા તરીકે આધાર કાર્ડ, મતદાર ઓળખપત્ર, ઈ-રેશન કાર્ડ તથા અગાઉના ત્રણ મહિનાનાં વીજળી કે ગેસનાં બિલનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદેશી નાગરિકોએ ભારતમાં કાયદેસર રીતે રહેતા હોવાનો પુરાવો આપવાનો રહેશે. ઉંમરના પુરાવા તરીકે પાસપોર્ટ, શાળાની બોર્ડની માર્કશીટ, જન્મ પ્રમાણપત્ર અને સરકારી વિભાગ દ્વારા અપાયેલાં ઓળખપત્રો સ્વીકારવાની દરખાસ્ત છે. ઓળખના પુરાવા તરીકે આધાર, પાસપોર્ટ, ઈ-રેશન કાર્ડ અને પાન કાર્ડનો સમાવેશ થાય છે. સલામત વાહન ચલાવવા અંગેના ઓનલાઈન ટ્યુટોરિયલની કસોટીમાં પાસ થવા માટેના લઘુતમ ગુણ 60 થી વધારીને 75 કરવાની દરખાસ્ત છે. ઉપરાંત આ ટ્યુટોરિયલ ઓછામાં ઓછું 30 મિનિટનું હોવું જોઈએ.

## ચૂંટણી પંચમાં આંતરિક ખેંચતાણ! બે કમિશનરોએ કેન્દ્રને પણ કરી ફરિયાદ પરંતુ કોઈ કાર્યવાહી ના થઇ, RTI માં દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા.23

ભારતીય ચૂંટણી પંચ (ECI) ની અંદર કામકાજની ફાળવણી અને મતદાતા યાદી સંબંધિત સંવેદનશીલ IT સિસ્ટમને લઈને ભારે વિવાદ અને આંતરિક ખેંચતાણ સર્જાઈ હોવાનો મોટો ખુલાસો એક RTI (માહિતીનો અધિકાર) અરજી દ્વારા સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, 29 જુલાઈ 2026 ના રોજ બે ચૂંટણી કમિશનર ડો. સુખબીર સિંહ સંધુ અને ડો. વિવેક જોશીએ કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથનને અલગ-અલગ પત્રો



લખીને આયોગના સિનિયર ડેપ્યુટી ઈલેક્શન કમિશનર મનીષ ગર્ગના વર્તન સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો અને તેમની સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.બંને કમિશનરોનો આક્ષેપ હતો કે મનીષ ગર્ગે આયોગ કે અન્ય સીનિયર અધિકારીઓ સાથે કોઈ પણ પૂર્વ ચર્ચા કે સંમતિ વિના જ ઉચ્ચ સ્તરના અધિકારીઓ વચ્ચે કામકાજ અને વિભાગોની ફાળવણીનો એકતરફી આદેશ જારી કરી દીધો હતો.બંને ચૂંટણી કમિશનરોએ પત્રમાં આશંકા વ્યક્ત કરી હતી કે વહીવટી અને અધિકારીઓની ફેરબદલના આ એકતરફી નિર્ણયથી વોટર લિસ્ટના સંવેદનશીલ આઈટી સિસ્ટમની દેખરેખ અને ડેટાના કેન્દ્રીકરણને લઈને સુરક્ષા તેમજ પારદર્શકતા સામે મોટા જોખમો ઊભા થઈ શકે તેમ હતા.આ ઉપરાંત, ડો. સુખબીર સિંહ સંધુએ ગર્ગ દ્વારા સતત નિયમોના ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો, જ્યારે ડો. વિવેક જોશીએ ગંભીર દાવો કર્યો હતો કે તેમણે જ્યારે પ્રશાસન વિભાગ સંબંધિત ફાઈલ માંગી ત્યારે તેમને તે ફાઈલ પહોંચાડવાનો કે બતાવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો. બંધારણીય સંસ્થામાં ઊભા થયેલા આ સંકટને પગલે બંને કમિશનરોએ સીધા કેબિનેટ સચિવ હસ્તક્ષેપ કરે તેવી અપેક્ષા રાખી હતી.

## 'ગરબડ તમે કરી અને જવાબદાર અમને ઠેરવો છો...', યુરોપને ભારતના મંત્રીએ સંભળાવ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.23

જર્મનીની રાજધાની બર્લિનમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ક્લાઈમેટ ચેન્જ અને કાર્બન ઉત્સર્જનના મુદ્દે વિકસિત દેશોને આડે હાથ લીધા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આજે વિશ્વ જે પર્યાવરણીય સંકટનો સામનો કરી રહ્યું છે, તેના માટે ભારત જેવા વિકાસશીલ દેશોને જવાબદાર ઠેરવવા યોગ્ય નથી. પર્યાવરણને નુકસાન પહોંચાડવામાં અને વાતાવરણમાં કાર્બનનું પ્રમાણ વધારવામાં અમીર અને વિકસિત દેશોનો ઐતિહાસિક ફાળો રહ્યો છે.પીયૂષ ગોયલે આંકડા આપતાં જણાવ્યું કે ભારત વિશ્વની લગભગ 17 ટકા વસ્તી ધરાવે છે, તેમ છતાં ગ્લોબલ કાર્બન ઉત્સર્જનમાં ભારતનો ફાળો 3 ટકાથી પણ



ઓછો છે. આનાથી વિપરીત, યુરોપની વસ્તી વિશ્વની કુલ વસ્તીના માત્ર 3થી 4 ટકા જેટલી હોવા છતાં તેમના ઐતિહાસિક ઉત્સર્જનને નકારી શકાય તેમ નથી. આજે પણ યુરોપમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન ભારતની તુલનામાં લગભગ 7થી 8 ગણું વધારે છે. આથી ક્લાઈમેટ ચેન્જ સામેની લડાઈમાં નીતિઓ ઘડતી વખતે દરેક દેશના ઐતિહાસિક યોગદાન અને વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખવી જરૂરી છે.ભારતે પોતાના 140 કરોડથી વધુ નાગરિકોની ઊર્જા, ખોરાક અને અન્ય મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવાની હોય છે. તેમ છતાં, દેશ સ્વચ્છ ઊર્જા (Clean Energy), સંસાધનોના પુનઃઉપયોગ અને સર્ક્યુલર ઈકોનોમી (Circular Economy)ના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ભારત પર્યાવરણ પ્રત્યે જાગૃત છે, પરંતુ તે દેશની ઊર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ કરી શકે નહીં. ઐતિહાસિક રીતે પર્યાવરણને નુકસાન પહોંચાડનારા વિકસિત દેશો ભારત જેવા દેશો પર પોતાના કડક નિયમો લાદી શકે નહીં. પીયૂષ ગોયલનું આ નિવેદન યુરોપિયન યુનિયન (EU) દ્વારા લાવવામાં આવેલ 'કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મેકેનિઝમ' (CBAM) એટલે કે કાર્બન ટેક્સ સામે ભારતની ચિંતાઓ દર્શાવે છે. આ નીતિ હેઠળ યુરોપમાં આયાત થતાં સ્ટીલ, એલ્યુમિનિયમ, સિમેન્ટ, ખાતર, હાઈડ્રોજન અને વીજળી જેવા ઉત્પાદનો પર કાર્બન ઉત્સર્જનના આધારે વધારાનો ટેક્સ લાદવામાં આવશે.

## કોટામાં ટાઈગર પર હુમલો કરનાર 3 આરોપીઓ કેવી રીતે ઝડપાયા

કોટા | મુંબઈમાં એક્ટર ટાઈગર શ્રોફ પર ફાયરિંગ કરીને ભાગી ગયેલા શૂટરોને કોટા પોલીસે ટ્રેનમાંથી માત્ર 5 મિનિટમાં જ પકડી લીધા હતા. જયપુર-પુણે ટ્રેન કોટા સ્ટેશન પહોંચે તે પહેલાં આરપીએફ અને કોટા પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે ત્રણેય આરોપીઓ કયા કોચમાં બેઠા છે. તે મુજબ આરપીએફ અને કોટા પોલીસે આયોજન કર્યું.

હકીકતમાં, જયપુર-પુણે ટ્રેનના કોટા સ્ટેશન પર પહોંચવાનો સમય સવારે 10:15 વાગ્યાનો હતો. ટ્રેન કોટામાં 10 મિનિટ રોકાય છે. કોટા પોલીસને સવારે 9:15 વાગ્યે અને આરપીએફને 9:30 વાગ્યે મુંબઈ પોલીસ તરફથી માહિતી મળી હતી. બંને ટીમો પાસે સ્ટેશન પહોંચ્યા બાદ આરોપીઓને પકડવા માટે આશરે એક કલાકનો સમય હતો.

18 ઑક્ટોબરે સાંજે લગભગ 7 વાગ્યે મુંબઈમાં જુહુના પુષ્પા નરસી પાર્ક, વિલે પાર્લે પાસે ટાઈગર શ્રોફની ગાડી પર ગોળીબાર થયો હતો.

18 ઑક્ટોબરે સાંજે લગભગ 7 વાગ્યે મુંબઈમાં જુહુના પુષ્પા નરસી પાર્ક, વિલે પાર્લે પાસે ટાઈગર શ્રોફની ગાડી પર ગોળીબાર થયો હતો.

# ગોયલે કહ્યું- જળવાયુ સંકટ માટે યુરોપ વધુ જવાબદાર

## દુનિયાની 17% વસ્તી ભારતમાં, તેમ છતાં કાર્બન ઉત્સર્જનમાં હિસ્સો 3%થી ઓછો

બર્લિન | કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે જળવાયુ સંકટ માટે યુરોપને મોટું જવાબદાર ઠેરવ્યું છે. તેમણે કહ્યું કે ભારતમાં વિશ્વની 17% વસ્તી છે, પરંતુ કાર્બન ઉત્સર્જનમાં તેનો ફાળો 3%થી પણ ઓછો છે. ગોયલે જર્મનીમાં બર્લિન ગ્લોબલ ડાયલોગ કાર્યક્રમમાં કહ્યું કે ભારતની સરખામણીએ યુરોપનું પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન 7થી 8 ગણું વધારે છે.



ગોયલે કહ્યું, મંત્રીએ કહ્યું કે ભારતે જળવાયુ પરિવર્તન સાથે જોડાયેલી પોતાની જવાબદારીઓ નિભાવવાની સાથે 1.4 અબજ લોકોની જરૂરિયાતો પણ પૂરી કરવાની છે.

ગોયલે કહ્યું કે જળવાયુ સંકટનો સામનો કરવાની જવાબદારી તે દેશોની વધુ હોવી જોઈએ, જેમણે દાયકાઓ સુધી કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને આર્થિક વિકાસ કર્યો અને પર્યાવરણને નુકસાન પહોંચાડ્યું.

તેમણે 2015માં યોજાયેલી પેરિસ જળવાયુ પરિષદનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તે સમયે વિકસિત દેશોએ વિકાસશીલ અને ઓછા વિકસિત દેશોની મદદ કરવા પર સહમતિ વ્યક્ત કરી હતી.

આમાં પ્રશાંત મહાસાગર અને કેરેબિયન ક્ષેત્રના નાના દ્વીપીય દેશો પણ સામેલ હતા, જે જળવાયુ પરિવર્તનના જોખમથી વધુ અસર થાય છે.

ગોયલના જણાવ્યા અનુસાર, વિકસિત દેશોએ દર વર્ષે 100 અબજ ડૉલર એટલે કે આશરે 9 લાખ કરોડ રૂપિયાની આર્થિક મદદ આપવાનું વચન આપ્યું હતું. તેમણે કહ્યું,

ગોયલે કહ્યું કે ભારત સંસાધનોનો બગાડ રોકવા અને વસ્તુઓનો ફરીથી ઉપયોગ કરવા પર ભાર મૂકી રહ્યું છે. આ પડકારો છતાં ભારત સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશનો સ્વચ્છ ઊર્જા કાર્યક્રમ વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા કાર્યક્રમોમાંનો એક છે.

ઊર્જા ક્ષેત્ર પર નજર રાખતી સંસ્થા એમ્બરના જણાવ્યા અનુસાર, 2024માં ભારત પવન અને સૌર ઊર્જાથી વીજળી ઉત્પન્ન કરવાના મામલે જર્મનીને પાછળ ધકેલીને વિશ્વમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું હતું.

જ્યારે, 2025માં ભારતમાં નવીનીકરણીય ઊર્જાથી વીજળી ઉત્પાદનમાં વિક્રમી વધારો થયો. સૌર, પવન, જળવિદ્યુત અને જૈવ ઊર્જાથી વીજળીનું ઉત્પાદન કુલ 98 ટેરાવોટ-કલાક વધ્યું.

2023માં દુનિયાના કુલ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ભારતનો હિસ્સો આશરે 7.8% હતો. જ્યારે, પ્રતિ વ્યક્તિ ઉત્સર્જનના મામલે યુરોપિયન યુનિયન ભારતથી આગળ છે. ત્યાં દરેક વ્યક્તિ વાર્ષિક સરેરાશ 7.2 ટન ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જિત કરે છે, જ્યારે ભારતમાં આ આંકડો 2.9 ટન છે. એટલે કે યુરોપિયન યુનિયનમાં પ્રતિ વ્યક્તિ ઉત્સર્જન ભારત કરતાં આશરે અઢી ગણું વધારે છે.

# 'લોકતંત્ર બચાવો, ભીડતંત્ર હટાવો' પદયાત્રાને લઈને દયાપરમાં લખપત તાલુકા ભાજપની બેઠક યોજાઈ

## જિલ્લા ભાજપ મંત્રી અને મંડલ પ્રભારી રાજેશભાઈ પલણની ઉપસ્થિતિમાં હોદ્દેદારો અને કાર્યકરોની બેઠક મળી

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

'લોકતંત્ર બચાવો, ભીડતંત્ર હટાવો' પદયાત્રાના સંદર્ભે લખપત તાલુકા ભાજપની બેઠક દયાપર ખાતે જિલ્લા ભાજપ મંત્રી અને મંડલ પ્રભારી શ્રી રાજેશભાઈ પલણની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.આ બેઠકમાં કચ્છ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ શ્રી રવિભાઈ ગરવા, કચ્છ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી હિતેષભાઈ ગૌસ્વામી તેમજ અનુસૂચિત જાતિ મોરચા અને યુવા ભાજપ મોરચાના પ્રભારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



બેઠકમાં તાલુકા ભાજપના હોદ્દેદારો, તમામ તાલુકા મંડળના વિવિધ મોરચાના પ્રમુખો અને મહામંત્રીઓ, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, શક્તિ કેન્દ્રના સહ-સંયોજકો, ભાજપના આગેવાનો અને કાર્યકરોએ હાજરી આપી હતી.

આ પ્રસંગે 'લોકતંત્ર બચાવો, ભીડતંત્ર હટાવો' પદયાત્રાને અનુલક્ષીને સંગઠનાત્મક ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોએ ઉપસ્થિત રહી સંગઠનની પ્રવૃત્તિઓમાં સહભાગિતા નોંધાવી હતી.

કાર્યક્રમનું સંચાલન તાલુકા મંડળના મહામંત્રી શ્રી નિતીન પટેલે કર્યું હતું, જ્યારે આભારવિધિ તાલુકા મંડળના મહામંત્રી શ્રી જેતમલજી જાડેજાએ કરી હતી.

## સંતરામપુરના ગોઠીબમાં સરકારી પડતર જમીન પરના દબાણ સામે તંત્ર લાલઘૂમ: મામલતદારે ફટકારી આખરી નોટિસ



દિપક રાવલ દાહોદ | સંતરામપુરના ગોઠીબમાં સરકારી પડતર જમીન પરના દબાણ સામે તંત્ર લાલઘૂમ: મામલતદારે ફટકારી આખરી નોટિસ

સર્વે નં. ૫૭૪ પર થયેલું બિનખેતી દબાણ ૧૫ દિવસમાં સ્વખર્ચે નહીં હટે તો કલમ ૨૦૨ હેઠળ બુલડોઝર ફરશે; ખર્ચ પણ વસૂલાશે વિકલ્પ ૨ (કડક વલણ દર્શાવતું હેડિંગ): ગોઠીબ ગામે સરકારી જમીન પચાવી પાડનારાઓને મામલતદારનું અલ્ટીમેટમ: ૧૫ દિવસમાં દબાણ હટાવો નહીંતર કડક કાર્યવાહી અગાઉ હુકમ છતાં દબાણ ન હટાવતા આખરી નોટિસ જારી; ઈમલા સહિતનો તમામ ખર્ચ મહેસૂલી બાકી તરીકે વસૂલ થશે વિકલ્પ ૩ (ટૂંકું અને સચોટ - સિંગલ કે ડબલ કોલમ સમાચાર માટે): ગોઠીબમાં સરકારી જમીન પરના દબાણ મામલે સંતરામપુર મામલતદારની આખરી નોટિસ લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ હેઠળ નોટિસ: નિયત મુદતમાં દબાણ નહીં હટે તો તંત્ર કડક હાથે કામ લેશે.

# આસારામને છાતીમાં દુ:ખાવો ઉપડ્યો

## તબિયત લથડતા પંચકર્મ સારવાર અટકી, ઉજ્જૈનના અંકપાત સ્થિત આશ્રમમાં આયુર્વેદિક પદ્ધતિથી માથા-કમરના દુખાવાની સારવાર ચાલુ

ઉજ્જૈન | નાબાલિગ પર યૌન શોષણના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારમાં બાપુની શુક્રવારે તબિયત લથડી ગઈ. છાતીમાં દુખાવાની ફરિયાદને કારણે તેઓ પંચકર્મ કરાવવા માટે ધન્વંતરી આયુર્વેદિક ચિકિત્સાલય પહોંચ્યા નહોતા. હાઈકોર્ટ પાસેથી 6 મહિનાની પેરોલ મળ્યા બાદ તેઓ બુધવારથી ઉજ્જૈનમાં છે અને અહીં આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરાવી રહ્યા છે.આસારામ બે દિવસથી અંકપાત રોડ પર આવેલા પોતાના આશ્રમમાં રોકાયેલા છે. તેઓ બુધવાર અને ગુરુવારે પંચકર્મ કરાવવા માટે હોસ્પિટલ પહોંચ્યા હતા, પરંતુ શુક્રવારે ગયા નહોતા.સૂત્રોના જણાવ્યા અનુસાર, છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ તેમણે આશ્રમમાં જ આરામ કર્યો. તબિયતમાં સુધારો થશે તો શનિવારે ફરીથી પંચકર્મ કરાવવા માટે હોસ્પિટલ પહોંચવાની સંભાવના છે.ધન્વંતરી આયુર્વેદિક ચિકિત્સાલયના સૂત્રો અનુસાર, આસારામ બે દિવસથી પંચકર્મ પદ્ધતિથી સારવાર કરાવી રહ્યા છે. ડૉ. નિપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું કે આસારામને લાંબા સમયથી માથા અને કમરના દુખાવાની ફરિયાદ છે. આ જ સમસ્યાની સારવાર માટે તેઓ હોસ્પિટલ આવ્યા હતા. તેમને 14 દિવસ સુધી પંચકર્મ કરાવવાની સલાહ આપવામાં આવી છે.



આસારામ ઉજ્જૈન પહોંચ્યાના સમાચાર બાદ અંકપાત રોડ સ્થિત આશ્રમમાં તેમના અનુયાયીઓની ભીડ એકત્ર થવા લાગી છે. તેઓ શરદ પૂર્ણિમા સુધી ઉજ્જૈનમાં રહેશે. આ પહેલાં માર્ચ 2025માં પણ તેઓ સારવાર માટે શહેરમાં આવ્યા હતા.


**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**સ્ટેશનોની સુધારણાનું સંતુલન કામ અને રેલવે હોસ્પિટલ ખાતે વિવિધ સુવિધાઓની સુધારણા**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૪૫ અને ૪૬ (ઈએલ) તારીખ : ૨૨-૧૦-૨૦૨૬

| અનું. નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૪૫ | રાજકોટ ડિવિઝન :- ઓખા અને મીઠાપુર - અમૃત ભારત યોજનાના સંબંધમાં સ્ટેશનોની સુધારણાનું સંતુલન કામ. **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૨૩-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી. | ૯૬,૪૦,૩૭૨.૯૮/- | ૧,૯૨,૮૦૦/- |
| ૦૨ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૪૬ | (a) રાજકોટ ડિવિઝન :- રાજકોટ રેલવે હોસ્પિટલ ખાતે વિવિધ સુવિધાઓની સુધારણા અને મોડ્યુલર ઑપરેશન થિયેટરનો વિકાસ કરવાનું કામ. **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૩-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી. | ૪૮,૫૬,૪૩૯.૦૫/- | ૯૭,૧૦૦/- |

**ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-173

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## ગુજરાતના દરિયાકાંઠે ₹71,000 કરોડનું મેગા પ્લાનિંગ

પોરબંદર | વૈશ્વિક મરીન અને જહાજ નિર્માણ ક્ષેત્રે ભારતની ઉપસ્થિતિ વધુ મજબૂત કરવાના હેતુ સાથે રાજ્ય સરકાર દ્વારા 'શિપબિલ્ડિંગ એન્ડ રિપેર પોલિસી ઓફ ગુજરાત 2026' નો સત્તાવાર અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા રાજ્યના દરિયાકાંઠે 58,953 કરોડના મૂડીરોકાણ સાથે ગ્રીનફીલ્ડ શિપબિલ્ડિંગ અને શિપ રિપેર ક્લસ્ટર્સ સ્થાપવાની કવાયત હાથ ધરાઈ છે. વૈજ્ઞાનિક પ્રી-ફિઝિબિલિટી અભ્યાસ પૂર્ણ થયા બાદ રાજ્યના 4 મહત્વના દરિયાકાંઠા પર આ મેગા પ્રોજેક્ટ્સ સાકાર કરવામાં આવશે.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 24 OCTOBER-2026

AHMEDABAD


## દેશ વિદેશના રૂબિક્સ ક્યુબથી ઘરમાં મ્યુઝિયમ બનાવ્યું

અમદાવાદ | રૂબિક્સ ક્યુબને 50 વર્ષ કરતા વધુ સમય થઈ ગયો છે. સામાન્ય રીતે રૂબિક્સ ક્યુબ એટલે રંગબેરંગી ચોરસ ટુકડાઓને ગોઠવીને ઉકેલવાનું પઝલ, પરંતુ અમદાવાદના મનીષ રાઠોડે આ રમતને એક અલગ જ સ્તરે પહોંચાડી દીધી છે. વ્યવસાયે ટીવી નેટવર્કમાં સેલ્સના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કામ કરતા મનીષ રાઠોડે રૂબિક્સ ક્યુબની 150 જેટલી અલગ-અલગ ડિઝાઈન જાતે જ તૈયાર કરી છે. જે તમામ ડિઝાઈનને ટ્વિસ્ટી પઝલ્સ મ્યુઝિયમમાં સ્થાન મળ્યું છે. એટલું જ નહીં બે ડિઝાઈન એવી તૈયાર કરવામાં આવી છે જે અત્યારે માસ પ્રોડ્યુસ થઈ રહી છે.



## શક્તિપીઠ યાત્રાધામ પાવાગઢમાં આવતીકાલે આઠમની ઉજવણી કરાશે. સાતમુ નોરતું અને રવિવારની રજા હોવાથી સવારના 5 વાગ્યાથી ગુજરાતભરમાંથી માઈભક્તો ઉમટી પડ્યા હતાં. મંગળા આરતી સાથે 1 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ મહાકાળી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી...

# DGVCLએ 8 કલાકનો વીજકાપ રદ કર્યો: સાંજના 4થી રાત્રે 12 વાગ્યા સુધી પાવરકાપ નહીં થાય




સુરત | રાજ્યમાં 18 વર્ષમાં પહેલીવાર ગંભીર વીજ સંકટ ઉભું થયું છે. જેની મોટી અસર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો પર પડી રહી હતી. ત્યારે અગાઉ જાહેર કરવામાં આવેલા સ્ટેગર ડે મુજબ વીજ કાપની વ્યવસ્થા આજથી DGVCL દ્વારા રદ કરવામાં આવે છે. ઔદ્યોગિક ફીડરો પર વીજ પુરવઠો આજથી સતત ચાલુ રહેશે. હાયર ઓથોરિટીની સૂચના મુજબ કોઈ પણ ઔદ્યોગિક ફીડરમાં સાંજના 4થી રાત્રે 12 વાગ્યા સુધીનો પાવરકાપ રદ કરવામાં આવ્યો છે.

અગાઉ જાહેર કરેલા વીજ કાપના કારણે ઉદ્યોગોને લાખો અને કરોડો રૂપિયાનું સીધું નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. પ્રોસેસિંગ મિલોમાં કામ ચાલુ રાખવા જનરેટરનો સહારો લેવો પડતો હતો, જેના કારણે 400થી 450 મિલોને 4 અઠવાડિયામાં અંદાજિત 40થી 50 કરોડ રૂપિયાનો માત્ર જનરેટર પાછળ વધારાનો આર્થિક બોજ પડી રહ્યો છે. આ ગણતરી મુજબ દરેક મિલને સરેરાશ 10 લાખ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. બીજી તરફ વીવિંગ સેક્ટરમાં પણ સાપ્તાહિક રજાના કારણે એક જ દિવસમાં 15થી 20 કરોડ રૂપિયાનું માતબર નુકસાન ટેક્સટાઈલ ચેઈનને થઈ રહ્યું હતું. કાચા માલના ભાવમાં થયેલા વધારા વચ્ચે આ પાવર કટ પડ્યા પર પાટું સમાન હતું.

દક્ષિણ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ જીતુભાઈ વખારિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા 12-13 દિવસમાં અચાનક મીટિંગ કરીને વીજ કાપ લાદી દેવાયો હતો. ઈરાન-ઈઝરાયલ યુદ્ધના કારણે ક્રૂડ, કોલસો અને ડાઈસ કેમિકલના ભાવ ઓલમોસ્ટ ડબલ થઈ ગયા હતો. આવા સંજોગોમાં પાવરનો વધારાનો 8થી 10 લાખનો મહિને ખર્ચ આવે તો પ્રોફિટ કમાવવાની કોઈ શક્યતા નથી. મારા 50 વર્ષના ઈતિહાસમાં આટલો કપરો સમય મેં જોયો નથી. કોરોના એક કુદરતી આફત હતી, પણ આ માનવ સર્જિત છે.

દિવાળી પહેલા ઉદ્યોગોમાં ડિસ્પેચિંગ અને પેમેન્ટનું ભારે ભારણ હોય છે ત્યારે વીજ કાપનો સમય બદલવાની માંગ ઉઠી હતી. ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ એસોસિયેશનના પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, 'વીવિંગ ઈન્ડસ્ટ્રીમાં 45 થી 48 હજાર યુનિટ કાર્યરત છે. દિવાળીના સોદા પૂરા કરવાના હોય, ઓર્ડર ડિસ્પેચ કરવાના હોય અને કારીગરોના પગાર-બોનસ આપવાના હોય ત્યારે આ કાપ નુકસાનકારક છે.

આધુનિક ટેકનોલોજી વાપરતા એકમો માટે અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જવો ભારે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે. મશીનો અચાનક બંધ થઈ જતા તેમાં લાગેલા 5000થી લઈને 50000 રૂપિયા સુધીની કિંમતના ઈલેક્ટ્રોનિક કાર્ડ ઉડી જવાના કિસ્સાઓ બન્યા છે. અશોકભાઈએ વધુમાં જણાવ્યું કે, મશીન બંધ કરવું સરળ છે પણ તેને ફરીથી શરૂ કરવામાં 2 કલાક જેટલો સમય લાગી જાય છે. અગાઉથી જાણ કર્યા વિના થતા પાવર કટથી બહુ મોટી ખાનાખરાબી થાય છે. જો અગમચેતીના ભાગરૂપે 15 મિનિટ પહેલા જાણ કરવામાં આવે તો વ્યવસ્થિત રીતે મશીનો બંધ કરી શકાય અને આર્થિક નુકસાન અટકાવી શકાય.

નિકાસ અને સ્થાનિક ડિમાન્ડ પર પણ આ સંકટની ગંભીર અસર જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવવધારાના કારણે ગ્રે કાપડ અને પ્રોસેસિંગ ચાર્જ વધતા માર્કેટમાં દિવાળી હોવા છતાં અડધી જ ડિમાન્ડ છે. અશોકભાઈના મતે સારી ક્વોલિટીનું કપડું બનાવવા અવિરત વીજળી જરૂરી છે. પાવર વચ્ચે કટ થાય તો કાપડમાં ડિફેક્ટ આવે છે, જે વિદેશી માર્કેટમાં ચાલતું નથી.

- વરસાદ ઓછો પડ્યો એટલે ડેમના પાણીમાંથી ઉત્પન્ન થતી વીજળીમાં ઘટ આવી. જો ડેમનું પાણી વીજળી બનાવવામાં વપરાય જાય તો પીવા માટે કે સિંચાઈ માટે પાણી ન રહે.
જે વિસ્તારોમાં કોલસાની ખાણ છે, ખાસ કરીને ઓડિશામાં, ત્યાં એવું પૂર આવ્યું કે ત્યાંની ખાણોમાં હજુ પાણી છે. ખાણમાંથી કોલસો ઉત્પન્ન કરી શકાતો નથી. એટલે કોલસાની તંગી છે. કારણ કે ભારતમાં 70 ટકા વીજળી કોલસામાંથી બને છે.
- અલનીનો ઈફેક્ટના કારણે આ વખતે ભારત તરફ આવતા ઝડપી પવનો અતિ ધીમા છે. તેના કારણે પવનચક્કી જોઈએ તેવી ફરતી નથી. જેનાથી ઉત્પન્ન થતી વીજળી જોઈએ તેટલી બનતી નથી.
- સોલાર એનર્જી ઉત્પન્ન કરવામાં ગુજરાત નંબર વન છે, પણ સોલાર પેનલમાંથી વીજળી ત્યાં સુધી જ બને છે જ્યાં સુધી તડકો હોય. સાંજ ઢળી જાય પછી સોલારમાંથી વીજળી બનતી નથી. એટલે ગ્રીડને જાળવી રાખવા થર્મલ પાવર પર ટ્રાન્સફર કરી દેવાય છે. જે કોલસામાંથી બને છે. થાય છે એવું કે રાત પડે કારખાના, ફેક્ટરીઓમાં પ્રોડક્શન વધે, તહેવારોમાં રાતે વીજળી વપરાય.

## અમદાવાદ મ્યુનિસિપાલિટીના 7 ઝોનલ સિવિક સેન્ટરો હવે સપ્તાહના સાતેય દિવસ ચાલુ

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુવિધા માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. હવેથી AMCના સાત ઝોનના સિવિક સેન્ટરો સપ્તાહના સાતેય દિવસ ચાલુ રહેશે. બીજા અને ચોથા શનિવાર તેમજ રવિવારની રજાના દિવસે પણ સવારે 9થી 4:30 સુધી આ કેન્દ્રો ખુલ્લા રહેશે. જેથી લોકોને ટેક્સ, જન્મ-મરણના દાખલા અને હોલ બુકિંગ જેવી મુખ્ય સેવાઓ રજાના દિવસે પણ મળી શકશે.**

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાત જોનના સિવિક સેન્ટરો હવેથી સપ્તાહના સાતેય દિવસ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે. એટલે કે રજાના દિવસે પણ લોકોને મ્યુનિસિપલની મુખ્ય તમામ સેવાઓ જોનલ સિવિક સેન્ટરો પરથી મળી રહેશે.નકશા જુઓ
સરકારી કચેરીઓની કોઈ પણ ઓફલાઈન કામગીરી સામાન્ય રીતે કામકાજના દિવસો દરમિયાન જ ચાલતી હોય છે. તેના માટે લોકોએ પોતાના નોકરી-ધંધામાંથી સમય કાઢવો પડે છે. આ બાબતને ધ્યાને લઈને હવે અમદાવાદ મ્યુનિસિપલના સાત ઝોન મુજબના સિવિક સેન્ટરો બીજા અને ચોથા શનિવાર તથા દરેક રવિવારની રજાના દિવસે પણ સવારે 9થી બપોરે 4:30 વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે. જ્યાં લોકોને ટેક્સ, જન્મ-મરણના દાખલા, હોલ બુકિંગ સહિતની મહત્ત્વની સેવાઓ મળી રહેશે. સૂત્રોના જણાવ્યાનુસાર સિવિક સેન્ટરોમાં વિવિધ કામ માટે દરરોજ આશરે 10થી 12 હજાર શહેરીજનો આવતા હોય છે.

# લોકોએ ચાલકને મેથીપાક ચખાડ્યો

## કર્ણાવતી ચાર રસ્તા પાસે BMW કારે ત્રણ વાહનોને ટક્કર મારી: એક્ટિવામાં સવાર બે ભાઈઓ સહિત 3ને ઈજા

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદના એસ.જી. હાઈવે કર્ણાવતી ચાર રસ્તા પાસે ગત 22 ઓક્ટોબરે સવારે BMW કાર ચાલકે એક્ટિવા, રિક્ષા અને અન્ય એક કારને ટક્કર મારી હતી. જેથી ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ લોકોના ટોળાએ કારચાલકને પકડીને મેથીપાક ચખાડ્યો હતો. આ અંગે ટ્રાફિક પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

ચાંદલોડિયામાં રહેતા કન્હૈયાલાલ મદનલાલ કુમાવત ગત 22 ઓક્ટોમ્બરે સવારે પોતાના નાના ભાઈ મુકેશકુમારને એક્ટિવમાં પાછળ બેસાડીને ઘરેથી દુકાને જવા નીકળ્યા હતા. તેઓ એસ.જી. હાઈવે પર ઈસ્કોન બ્રિજ ઉતરીને કર્ણાવતી ચાર રસ્તા પહેલા શેલ્બી હોસ્પિટલ કટ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે વખતે પાછળથી પુરઝડપે આવી રહેલી એક BMW કારના ચાલકે તેમના એક્ટિવાને પાછળના ભાગે ટક્કર મારી હતી. જેથી બંને ભાઈઓ રોડ પર પડી ગયા હતા. જેમાં કન્હૈયાલાલને કપાળ, નાક, બંને હાથની કોણી, ખભા, પંજા, ઘૂંટણ અને કમરના ભાગે ઈજાઓ પહોંચી હતી, જ્યારે મુકેશને પણ કોણી, પીઠ, ઘૂંટણ અને પગની ઘૂંટીના ભાગે ઈજાઓ પહોંચી હતી.

એક્ટિવાને ટક્કર માર્યા બાદ BMW કારે આગળ જતી એક ઓટો રિક્ષા અને અન્ય એક કારને પણ અડફેટે લીધી હતી. જેના કારણે રિક્ષામાં બેઠેલા એક પેસેન્જરને પગના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું. લોકોએ કારચાલકને પકડી લીધા હતા અને મેથીપાક આપ્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત બંને ભાઈઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે એસજી હાઈવે ટ્રાફિક પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# રાધનપુર સમી હાઈવે પર સ્વિફ્ટ-ટ્રક વચ્ચે અકસ્માત, માતા-પુત્રના મોત: 2 બાળક સહિત 4 ઈજાગ્રસ્ત થયાં...

(એજન્સી) પાટણ | તા.23

પાટણ જિલ્લાના સમી-રાધનપુર હાઈવે પર આવેલા ગોચનાદ ગામ નજીક આજે 23 ઓક્ટોબરની વહેલી સવારે આશરે 6 વાગ્યાની આસપાસ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. શંખેશ્વર તરફથી આવી રહેલી સ્વિફ્ટ કાર અને સામેથી આવતા ગેસના બાટલા ભરેલા ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.
ટક્કર એટલી જોરદાર હતી કે, કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કારમાં સવાર માતા અને પુત્રનું સ્થળ પર જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. જ્યારે પરિવારના બે બાળક સહિત કુલ 4 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત સર્જાયા બાદ ટ્રકચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો.



દ્વારકા દર્શન કરી દીકરીને મળવા ભાભર જતાં રાજસ્થાનના સોની પરિવારને કાળ નડ્યો

- જમનાબેન મોંગીલાલ સોની (ઉં.વ.70)
- રણજીતભાઈ મોંગીલાલ સોની (ઉં.વ.43)
- ઇજાગ્રસ્ત
- શ્રવણભાઈ રણજીતભાઈ સોની (ઉં.વ.6)
- અમિતભાઈ રણજીતભાઈ સોની (ઉં.વ.9)
- આરોહીબેન રણજીતભાઈ સોની
- યશકુમાર શામળભાઈ

**ટ્રકચાલક ફરાર, પોલીસ તપાસ શરૂ**

ઘટનાની જાણ થતાં જ સમી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. સમી પી.આઈ. જાડેજાના જણાવ્યા અનુસાર, મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સમી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ગંભીર રીતે ઘવાયેલા બાળકો અને પરિવારના સભ્યોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે મહેસાણા ખાતે રિફર કરવામાં આવ્યા છે. પોલીસે ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## રાજ્યમાં તાપમાન સામાન્ય કરતા ઊંચું રહેવાની સંભાવના...

(એજન્સી) અમદાવાદ | તા.23

રાજ્યમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા લગભગ 2 થી 4 ડિગ્રી ઉપર ચાલી રહ્યું છે. ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી 7 દિવસ સુધી રાજ્યભરમાં હવામાન સૂકું રહેશે અને તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 35 થી 40 ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ તાપમાન 20 થી 25 ડિગ્રી સેલ્સિયસની આસપાસ જળવાઈ રહેશે. હાલ પવનોની દિશા ઉત્તર તથા ઉત્તર-પૂર્વ તરફની રહેલી છે.
અમદાવાદ શહેરની વાત કરીએ તો, અહીં આજનું મહત્તમ તાપમાન 36.3 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે, જ્યારે ન્યૂનતમ તાપમાન 21.8 ડિગ્રી આસપાસ રહેશે અને આકાશ સંપૂર્ણપણે સ્વચ્છ તથા સાફ જોવા મળશે. હાલમાં ગુજરાતની આસપાસ કે દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્રમાં કોઈ સક્રિય વેધર સિસ્ટમ ન હોવાના કારણે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં વરસાદની કોઈ જ સંભાવના નથી.
અમદાવાદ 36.3 અમરેલી 36.1 વડોદરા 37.4 ભાવનગર 36.7 ભુજ 39 દમણ 37.2 ડીસા 38.2 દીવ 37.8 દ્વારકા 37.2 ગાંધીનગર 36.5 કંડલા 38.4 નલિયા 38.8 ઓખા 33 પોરબંદર 39.5 રાજકોટ 39.5.

# સરકારી જમીન પર વારંવાર દબાણ કરનાર સામે FIR કરો: સરપંચ ફરજ ન બજાવે તો પગલાં લો, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની તમામ જિલ્લા કલેક્ટરોને તાકીદ...

(એજન્સી) ગાંધીનગર | તા.23

રાજ્યમાં સરકારી જમીનો પર થતાં દબાણો અટકાવવા અને સરકારી જમીનોની જાળવણીની જવાબદારી યોગ્ય રીતે નિભાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તમામ જિલ્લા કલેક્ટરોને સ્પષ્ટ સૂચનાઓ આપી છે. સરકારી જમીન પર વારંવાર દબાણ કરનારા વ્યક્તિઓ સામે FIR દાખલ કરવા, ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ ન બજાવતા સરપંચો સામે પગલાં ભરો તેમજ ખેડૂતોને નિયમ મુજબ ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર આપવા પણ તેમણે તાકીદ કરી છે.
નાગરિકોની ફરિયાદોનો ટેક્નોલોજીના માધ્યમથી ઝડપી અને હકારાત્મક ઉકેલ લાવવા માટે યોજાયેલા ઓક્ટોબર-2026ના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વિવિધ જિલ્લાઓની રજૂઆતો સાંભળીને સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં 170થી વધુ રજૂઆતકર્તાઓ પોતાની ફરિયાદો સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજ્યભરમાં જિલ્લા સ્વાગત કાર્યક્રમોમાં 2,200 અને તાલુકા સ્વાગતમાં 2,583 મળીને કુલ 4,953થી વધુ રજૂઆતોના સંદર્ભમાં જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખેડૂતોના



ખેતરોમાં વરસાદી પાણીના નિકાલ, ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર, પીવાના પાણીની સમસ્યા, રસ્તા, સરકારી જમીન પર દબાણ અને જમીન રી-સર્વે સહિતના મુદ્દાઓ રજૂ થયા હતા.
કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના સુગારીયા મોડસર ગામમાં સરકારી જમીન પર થયેલા દબાણ અંગેની ફરિયાદને ગંભીરતાથી લેતાં મુખ્યમંત્રીએ સંબંધિત જિલ્લા કલેક્ટર સહિત રાજ્યના તમામ કલેક્ટરોને સરકારી જમીનોનું રક્ષણ કરવા જણાવ્યું હતું. સરકારી જમીન પર વારંવાર દબાણ કરતા લોકો સામે FIR દાખલ કરવાની પણ સૂચના આપવામાં આવી હતી. સરકારી જમીનોની જાળવણીમાં કોઈ બેદરકારી ન રહે તે માટે જિલ્લા વહીવટી તંત્રને જવાબદારીપૂર્વક કામગીરી કરવા તાકીદ કરવામાં આવી હતી.
મુખ્યમંત્રીએ ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત વેરાનું રેશનલાઈઝેશન કરીને ગ્રામીણ ઉદ્યોગોને યોગ્ય વ્યવસ્થા મળે તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું. પોતાની ફરજ યોગ્ય રીતે ન બજાવતા સરપંચો સામે નિયમ મુજબ પગલાં લેવા પણ જિલ્લા કલેક્ટરોને સૂચના આપવામાં આવી હતી.
કચ્છ જિલ્લાના ગાંધીધામ તાલુકાના શિણાય ગામના એક ખેડૂતે ખાતેદાર પ્રમાણપત્ર મેળવવા અંગે રજૂઆત કરી હતી. આ મામલે મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરને તાત્કાલિક સૂચના આપીને નિયમ મુજબ પ્રમાણપત્ર ફાળવવા જણાવ્યું હતું. સાથે જ આવા કિસ્સાઓમાં સ્થાનિક સ્તરે ખેડૂતોના હિતમાં નિયમોનુસાર કાર્યવાહી થાય તે માટે તમામ જિલ્લા કલેક્ટરોને સૂચના આપી હતી.
સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઓરમા ગામમાં પીવાના પાણીની સમસ્યા અંગે થયેલી રજૂઆતના પગલે મુખ્યમંત્રીએ સ્થાનિક વહીવટી તંત્ર અને પાણી પુરવઠા બોર્ડને યોગ્ય આયોજન કરીને પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.

# ચાલકોની દિવાળી બગડી: અદાણી CNGના ભાવમાં ₹4.45નો વધારો: નવો ભાવ પ્રતિ કિલો 98.47 રૂપિયા પહોંચ્યો

અમદાવાદ | દિવાળીના તહેવાર પહેલાં જ અમદાવાદમાં CNG વાહનચાલકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે. અદાણી CNGના ભાવમાં એક જ દિવસમાં પ્રતિ કિલો 4.45 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. તહેવારો દરમિયાન લોકો ખરીદી અને મુસાફરીનું આયોજન કરી રહ્યા છે, ત્યારે આ ભાવ વધારાથી CNG આધારિત વાહનચાલકોને તેની અસર થવાની છે. રોજિંદી કમાણીમાંથી ગેસનો ખર્ચ કાઢતા રિક્ષાચાલકો માટે આ ભાવવધારો આર્થિક બોજ વધારનારો બનશે અને દિવાળી દરમિયાન બજેટ પણ ખોરવાઈ શકે છે.
છેલ્લે ઓગસ્ટ 2026માં પણ એક સાથે ચાર રુપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. જેના કારણે પ્રતિ કિલો અદાણી CNGનો ભાવ 94.2 રૂપિયાનો હતો, જો કે ફરી એક વાર 4.45 રુપિયાનો વધારો કરવામાં આવતા હાલ નવો ભાવ 98.47 રૂપિયા પર પહોંચી ગયો છે. ત્યારે અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિવને આ ભાવ વધારાનો વિરોધ કર્યો છે.
રિક્ષા ચાલકે કહ્યું કે, એક જ દિવસમાં આટલો ભાવ વધારો કરવો એ ખૂબ મોટી વાત છે. દિવાળીમાં ફટાકડા, મીઠાઈ, કપડા ક્યાંથી લાવી શકીએ. પહેલા થોડા મીઠાઈ અને ફટાકડા ખરીદી શકતા હતા તે પણ હવે નહીં ખરીદી શકીએ.
રિક્ષા ચાલક છનાભાઈ નાયકે જણાવ્યું હતું કે, CNGના



ભાવમાં એટલો વધારો કરવામાં આવ્યો છે કે ખાવાના પૈસા પણ નથી બચતા. અદાણી પણ સરકારને પૂછ્યા વગર સીધો જ ભાવ વધારો કરી દે છે. દિવાળીમાં પરિવાર ફટાકડા અને મીઠાઈ માંગશે તો ક્યાંથી લાવી આપીશું ? કેમ કે દરરોજ 200થી 300 રૂપિયા કમાઈએ છીએ.
રિક્ષા ચાલક જયંતીભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, છાશવારે CNGના ભાવમાં વધારો કરવામાં આવે છે. મન ફાવે ત્યારે અદાણી દ્વારા ભાડામાં વધારો કરવામાં આવે છે. જેથી હવે ઘર ચલાવવું પણ અઘરું થઈ ગયું છે. દિવાળીમાં કપડા, ફટાકડા અને મીઠાઈ લેવા માટે કે બહાર ફરવા જવા માટે પણ ભીખ માંગવી પડે તેવી સ્થિતિ છે. ભાડામાં ઘટાડો કરવામાં આવે તે માટે સરકાર પાસે અમે વિનંતી કરીએ છીએ. જો ભાડામાં વધારો કરીએ તો મુસાફર બેસવા માટે પણ તૈયાર નથી. જેથી ભાડામાં વધારો કરવાની જગ્યાએ ભાવ ઘટાડવામાં આવે.
અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, અદાણી CNGના ભાવ વધારાનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ. રિક્ષા ચાલકો રોજ કમાઈને રોજ ખાતા હોય છે જેથી ભાવ વધારાના કારણે તેમને સીધી અસર થતી હોય છે. 100 રૂપિયા સુધી ભાવ પહોંચી ગયો છે એવું સમજી શકાય. કારણ કે છૂટક રૂપિયા તો ફીડર દ્વારા પરત આપવામાં આવતા નથી. બીજી તરફ દરેક વસ્તુઓમાં ભાવ વધારો પણ થઈ ગયો છે. અમારે ભાડામાં વધારો જોઈતો નથી અમારી માંગણી છે કે CNGના ભાડામાં ઘટાડો કરવામાં આવે.
અગાઉ પણ અદાણી દ્વારા CNGના ભાવમાં વધારો થતાં અમદાવાદમાં રિક્ષાચાલકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. ગેસના ભાવમાં સતત વધારો થતો હોવા છતાં રિક્ષાના ભાડામાં તે પ્રમાણે વધારો થતો નથી, તેવી રજૂઆતો રિક્ષાચાલકો દ્વારા કરવામાં આવી હતી. પરંતુ વાહન વ્યવહાર કમિશનર સાથે બેઠક કર્યા બાદ ભાડામાં વધારો કરવાની છૂટ આપવામાં આવી હતી. પરંતુ તે સમયે પણ રિક્ષા ચાલકોને જોઈએ તેટલો ભાડામાં વધારો મંજૂર કરવામાં આવ્યો ન હતો. તેમજ ઓનલાઈન એપ્લિકેશન દ્વારા પણ ભાડામાં કોઈ વધારો કરવામાં ન આવતા બંધ પાળી વિરોધ કર્યો હતો. પરંતુ તેમ છતાં રિક્ષા ચાલકોની માંગણીઓ સ્વીકારવામાં ન આવતા અત્યારે ભારત ટેક્સી સિવાય તમામ ઓનલાઈન એપ્લિકેશનનો બહિષ્કાર કરી રિક્ષા ચાલકો સવારી ભરી રહ્યા હતા.
આ નિર્ણય અંગે ATGLના પ્રવક્તાએ જણાવ્યું હતું કે: 'વૈશ્વિક ભૌગોલિક-રાજકીય ઘટનાક્રમો, સ્થાનિક ગેસની ઓછી ઉપલબ્ધતા અને પુરવઠામાં સતત કાપને કારણે નેચરલ ગેસની ખરીદી ખર્ચમાં મોટો વધારો થયો છે, જેના લીધે CNGના ભાવમાં સુધારો કરવો અનિવાર્ય બન્યો છે. ATGL હંમેશાં ગ્રાહકો પર આર્થિક બોજ ઓછો રહે અને સાથે જ અવિરતપણે સીએનજી ઉપલબ્ધ કરાવી શકાય તે માટે સતત પ્રયત્નશીલ છે. પર્યાવરણને અનુકૂળ અને આર્થિક રીતે ફાયદાકારક બળતણ તરીકે સીએનજી એક ઉત્તમ વિકલ્પ છે.
ગેસ ખરીદીના કુલ ખર્ચમાં નોંધપાત્ર વધારો: નવા કૂવાના ગેસ અને હાઈ-પ્રેશર હાઈ-ટેમ્પરેચર (HPHT) ગેસની ઓછી પ્રાપ્તિ તેમજ હાજર બજારમાં એલએનજી (LNG)ના ઊંચા ભાવોને કારણે સીએનજી સેગમેન્ટ માટે ગેસ ખરીદવાનો સરેરાશ ખર્ચ ખૂબ વધી ગયો છે.
નવા કૂવાના ગેસની અછત: સસ્તા દરે મળતા સ્થાનિક કુદરતી ગેસ (NWG)ની ફાળવણી ઘટતા સીએનજીની માંગ પૂરી કરવા ઓછા ખર્ચે ગેસ મેળવવાની ઉપલબ્ધતા ઘટી છે.
પ્રાથમિકતા ધરાવતા ગેસની ઓછી ઉપલબ્ધતા: 19 ઓક્ટોબર 2026ના HPHT ઓફિસ મેમોરેન્ડમ મુજબ, પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રો માટે HPHT ગેસના ક્વોટામાં ઘટાડો થતા સીએનજી માટે સ્થાનિક ગેસની ઉપલબ્ધતા ઘટી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસના ભાવોમાં અસાધારણ ઉછાળો: વૈશ્વિક બજારમાં સ્પોટ એલએનજી (LNG)ના ભાવ જે ફેબ્રુઆરી 2026માં આશરે 10 થી 12 યુએસ ડોલર MMBtu હતા, તે હાલમાં વધીને આશરે 30 યુએસ ડોલર MMBtu સુધી પહોંચી ગયા છે. જેના લીધે આયાતી ગેસનો આર્થિક બોજ ઘણો વધ્યો છે.
ઉત્પાદન ક્ષેત્રે પુરવઠાની મર્યાદાઓ: મુખ્ય ગેસ ઉત્પાદકો તરફથી પુરવઠામાં સતત કાપ મુકવામાં આવી રહ્યો હોવાથી જે ખાધ ઊભી થઈ છે, તેને પૂરી કરવા માટે મોંઘા વૈકલ્પિક સ્રોતો પર નિર્ભર રહેવું પડ્યું છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...